

નટરાજ શિવ

ભારતનાં જે કેટલાંક શ્રેષ્ઠ કલારત્નો વિદેશ ચાલ્યાં ગયાં છે તેમાંનું આ ઉત્કૃષ્ટ ધાતુશિલ્પ હૉલાંડના રિજક્સ મ્યુઝિયમમાં છે.
(રૉયલ નેધરલૅન્ડ્ઝ એમ્બૅસીના સૌજન્યે)

૪૫૧

આવતી કાલનાં નાગરિકોનું માસિક

સંસ્થાપક: રવિશંકર રાવળ

વર્ષ ૩૮મું · અંક ૭મો · જુલાઈ ૧૯૬૧

તંત્રી: બચુભાઈ રાવત



કમલપત્ર પર જલબિન્દુ

ફોટો : આબીદમિયાં સૈયદ

કુમાર

જુલાઈ ૧૯૬૧ અંક • ૪૫૧

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : ૧ રૂપિયો



પ્રિય યુવક શું
તારી પત્ની
ટીનોપાલ
નથી વાપરતી ?

તમારા પતિના શર્ટ માટે શું વાપરો છો ? કેટલીકવાર સ્વચ્છ કપડાં પણ ઝાંખા અને ધુળિયાં દેખાય છે. યાદ રાખો કે સફેદ સુતરાઉ અને રેયોનનાં કપડાંને માત્ર ધોવાં તે પૂરતું નથી. તેને ધોયાં પછી ટીનોપાલ વડે ઉજ્જ્વલ બનાવો અને પછી જુઓ કે તે કેવાં ચકચકિત સફેદ બની જાય છે ! તમારો ધોબી પણ તે વાપરે તે માટે આગ્રહ રાખો ! યાદ રાખો... **દરેક જણ ટીનોપાલ વાપરે છે.**



ટીનોપાલ જે. આર. ગાયગી, એસ. એ., બાલ, સ્વિત્ઝરલેન્ડનો રજિસ્ટર્ડ ટ્રેડમાર્ક છે.

સહેજ **ટીનોપાલ** વાપરવાથી કપડાં સાવ સફેદ બને છે

બનાવનાર :
સુહૃદ ગાયગી લિમિટેડ, વડી વાડી, વડોદરા

સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ :
સુહૃદ ગાયગી ટ્રેડીંગ લિમિટેડ, પી. ઓ. બોક્સ ૯૬૫, મુંબઈ ૧

વાચકો લખે છે.

[આ વિભાગમાં પ્રકટ થતા 'તારાંકિત પત્ર' માટે ૧ રૂપિયો પુરસ્કાર અપાશે.]

★જૂન અંકમાં 'કચ્છના ધરતીકંપ' લેખ સાથે 'ચમત્કાર'ના મથાળા નીચે જે અવતરણ ઉતાર્યું છે તેમાં વર્ણવેલું ઘર, જેને ફરતે ખોડેલા રક્ષણાત્મક ખીલાથી ઊની આંચ ન આવી અને



આજુબાજુનાં બધાં ઘર પડી જવા છતાં જે એક જ એકલું બચી ગયું, તે શ્રી મોહન ખોકરના ઘરનો ફોટોગ્રાફ તેમની પાસેથી મેળવીને વાચકોની પ્રતીતિ માટે આ સાથે મોકલું છું.

(મુંબાઇ) —સુનીલ કોઠારી

મે અંકમાં 'રંગગઠરિયાં'ની લેખમાળામાં મોહનેડૅમ અને ગાય ગિબસનની વાત વાંચી એક જાતનો રોમાંચ ફરી વાર અનુભવ્યો.

એમાં મુખ્ય વાતમાં જરા ફેર છે. ગિબસન પોતે બૉંબ નાખીને આગળ ચાલ્યો ગયો નહોતો, પરંતુ જ્યારે તેણે જોયું કે ધાર્યા નિશાન પ્રમાણે બૉંબ પડતો નથી ત્યારે એ પાછો ફર્યો, ને જે હવાઈ જહાજ બૉંબ નાખવાનું હોય તેની આગળ પોતાનું જહાજ ચલાવવા લાગ્યો, જેથી દુશ્મનો પોતાની ઉપર આક્રમણ કરે અને પાછળના વિમાનમાંથી બચાવની ચિંતા કર્યા વગર ધાર્યા નિશાને બૉંબ ફેંકી શકાય. પહેલી વાર એને ધારી સફળતા ન મળી, પરંતુ બીજી વાર ખરેખર એમ જ થયું કે જર્મનોએ એના જ વિમાન ઉપર ગોળીઓ છોડી અને પાછળના વિમાનમાંથી ધાર્યા પ્રમાણે બૉંબ નાખી શકાયો.

આ વાત 'V. C.'s of the Air' નામના પુસ્તકમાં એક Military Historian એ લખી છે. એણે 'V. C.'s of the Navy' કરીને બાજું પુસ્તક પણ લખ્યું છે. Military Historian હોવાને કારણે એમની વાતમાં કદાચ વધુ તથ્ય હોય એમ હું માનું છું.

(શિવ-મુંબાઇ) —અરુણકુમાર મહેતા

જૂન અંક: બાળકને પથારીમાં પેશાબ થઈ જવા બાબત નીચેનાં કારણો હોઈ શકે: પથારીમાં પેશાબ થઈ જવો એ કોઈ રોગ નથી. શારીરિક ખોડખાંપણ જેવી કે કરોડરજ્જુની ખોડ કે કરોડરજ્જુના આઘાતોથી ઉત્પન્ન થતા રોગો, મૂત્રાશયમાં પથરી કે સોજો જેવાં શારીરિક કારણો ન હોય તો માનસિક સંવેદનાના પ્રતિબિંબ તરીકે પણ આમ હોઈ શકે. તેમાં (૧) બાળકનાં માબાપ ખૂબ ચીવટવાળાં હોઇને ચોખ્ખાઈ બાબત, શિસ્ત બાબત આગ્રહ રાખતાં હોય અને એ કારણે બાળકને વારંવાર ઠપકો મળતો હોય (૨) તે બાળકથી નાના બાળક પર ધ્યાન કેન્દ્રિત થતું હોય અને આ બાળકની ઉપેક્ષા કરાતી હોય વગેરે હોઈ શકે.

આના ઉપાય તરીકે બાળકને અપમાનિત કરવાને બદલે સાંત્વના આપવી, પ્રેમથી કામ લેવું, જાગી જતું હોય તો માનસિક શાંતિ વધે તેવી દવાઓ—ખાસ કરીને Meprobromate Tablet ડૉક્ટર પાસે ડોઝ નક્કી કરાવીને આપવી. ઘણા કેસમાં ઉપરનું એક પણ કારણ મોજૂદ ન હોય—અને ઊલટું બાળક સુખી કે તંદુરસ્ત હોય તેવી બાબતમાં કોઇ માનસશાસ્ત્રના નિષ્ણાતની સલાહ લેવી.

(બાબરા) —(ડૉ.) જયેન્દ્ર શુક્લ

ધરમશીભાઈ નીચે મુજબ કરશે તો જરૂર ફાયદો થશે. આ ઉપાય ભાવનગરના વૈદ્યશ્રી મહેન્દ્રભાઈએ 'સૌરાષ્ટ્ર સેવક'માં પ્રગટ કરેલો ને તે અમે અજમાવી જોતાં સફળ નીવડયો છે. રાત્રે બાળકને સૂતી વખતે નિયમિત બે આનીભાર અજમો ખવડાવવો. આ રીતે ૫-૬ દિવસ ખાશે ત્યાં સુધીમાં જ ઊંઘમાં પેશાબ કરવાની તેની રીત નીકળી જશે.

(સીહોર) —ઉદય એમ. અગ્રાવત

ધરમશીભાઈના પ્રશ્નના જવાબમાં જણાવવાનું કે બાળકને તલ ખવડાવવામાં આવે તો પથારીમાં પેશાબ કરવાની તકલીફ દૂર થાય છે.

(મુંબાઈ) —મૂળજી બી. બોરીઆ

રાત્રે પથારી બગાડતાં બાળકો માટે નટવરલાલ માળવી કૃત 'વગર પૈસાનું વૈદું' પુસ્તકનો જળ-હરિતકીનો લેખ શુભ પરિણામ આપશે.

(મુંબાઇ) —કાન્તિલાલ અવિચલ શેઠ

મારી પાસે ફ્રાન્સમાં છપાએલી ૧૯૨૦ સાલની ૨૫ સેન્ટની Republique Francoize લખેલી કેટલીક ટિકિટો છે. જ્યારે બધી જ એક જ સાલની એક જ કિંમતની ટિકિટો વાદળી રંગની છે, ત્યારે તે જ કિંમતની તે જ સાલની ફક્ત એક જ ટિકિટ લીલા રંગની છે. આ ટિકિટ પણ ૧૯૨૦ની ફ્રાન્સની ૨૫ સેન્ટની છે. તો આ રંગ-ફેરનું કંઈ મહત્ત્વ છે કે કેમ, તથા આ બદલ શું કરવું તે જણાવશો?

(પાટણ) —જસુમતી જે. મહેતા

જૂન અંકમાં છપાએલા 'Education' શબ્દના પ્રત્યેક અક્ષરથી શરૂ થતા સદ્‌ગુણોની યાદી જેવા જ એક શબ્દ 'Uniform' વિષે મેં શાળાજીવન દરમિયાન સાંભળેલું તે લખી મોકલું છું.

U: Unity–ઐક્ય.
N: Nationalism–દેશપ્રેમ-રાષ્ટ્રીયતા
I: Indipendence–સ્વતંત્રતા
F: Faithfulness–વફાદારી
O: Organization–વ્યવસ્થા
R: Regularity–નિયમિતતા
M: Moto–ધ્યેય

(મુંબાઇ) —મહેન્દ્રકુમાર પી. ઠક્કર

છેલ્લાં આઠ વર્ષોની કુમારની ફાઇલો વાંચી અને જાણે લાગ્યું કે કુમારની ફાઇલો એટલી બધી માહિતીપૂર્ણ અને વૈવિધ્યભરી છે કે એન્સાઈક્લોપીડિયા કહેવાય.

પરંતુ આજના સમયમાં રેડિયો એ ઘરગથ્થુ વસ્તુ છે. દરેકને રેડિયો ચાલુ કરવાથી માંડીને અન્ય કંઇ ને કંઈ તે અંગેના જ્ઞાનની જરૂર હોય છે. આપ એક સારા જ્ઞાતા પાસે રેડિયોની ટેકનિક અંગે વિસ્તૃત અને કુમારની પ્રણાલિકા મુજબ ચિત્રો સહિત લેખમાળા રજૂ કરો તો કુમારનો વિશાળ વાચકપરિવાર જરૂર આવકારશે.

કુમારની ભાષાશુદ્ધિ, જોડણીશુદ્ધિ અને જગા બચાવવાની કળા તથા સુઘડતા માટે કુમારના નાનામોટા સર્વ કાર્યકર્તાઓ ધન્યવાદને પાત્ર છે.

(અમદાવાદ) —આત્મારામ પટેલ

[*એવા કોઈ જ્ઞાતા તૈયાર છે?]

જૂન અંકમાં પાન ૨૨૪ ઉપર માખી દૂર કરવાનો ઉપાય વાંચ્યો. તેમાં ડુંગળી ઉપર ઉકળેલ પાણી રેડયા બાદ કઈ વસ્તુનો ઉપયોગ કરવો? ડુંગળીનો કે ઉકળેલ પાણીનો?

(ભુજ) —કિરીટકુમાર દવે

જૂન અંકમાંના 'લોકશાહી'ના બે ફકરા માટે ધન્યવાદ. લોકશાહી કેટલીક વાર ટોળાંશાહી પણ બની રહે છે.

લોકશાહીમાં everybody's business is nobody's business એવું થાય છે. લાપરવાહીનો પાર રહેતો નથી.

લોકશાહીમાં હક માટે પ્રજાનો બધો વર્ગ જાગ્રત બની રહે છે, ફરજો કોઈની રહેતી નથી. ઓછામાં ઓછું કરીને વધારેમાં વધારે કર્યાનો સંતોષ લોકશાહીમાં પ્રવર્તે છે.

લોકશાહીમાં hair splittingનો પાર રહેતો નથી. સામાન્ય સમજની ઝીણીઝીણી વસ્તુ પણ ફેંદીને મુશ્કેલ કરી મૂકવામાં આવેછે.

લોકશાહીમાં એક પ્રકારનું એવું માનસ કેળવાય છે, જે આતવારે ને છાશવારે દરેક બાબતમાં કમિટીઓ અને કૉન્ફરન્સને વધારે મહત્ત્વ આપે છે. લોકશાહીમાં સાધારણરીતે દરેક વસ્તુમાં લોકો આરંભશૂરા બની જાય છે, અને છેવટે કોઈ કાંઈ જોતું નથી.


કેટલીક વખત લોકશાહી એ એક અર્થહીન rat race બની રહે છે.


(કલકત્તા) —ગી. ન. પારેખ

અત્યાર સુધીમાં કુમારે સાહિત્ય, કલા, વિજ્ઞાન, ઇતિહાસ વગેરે વિષયોમાં રસપૂર્ણ સામગ્રી પીરસી છે.

હવે ચાલુ વિભાગો ઉપરાંત એક એવો વિભાગ વધારવામાં આવે કે જેમાં ખાસ કરીને જગતની ચિત્ર અને શિલ્પની કલાપરંપરાના ક્રમશઃ વિકાસનો સમાવેશ થાય; પ્રાચીન કલાનો નિયમિત ઇતિહાસ એમાં હપ્તાવાર આવે તો કુમારની રસસામગ્રીમાં ખરેખર વૃદ્ધિ થાય. કલારસિકો માટે કુમાર એક અનેરા આકર્ષણનું સામયિક બની રહે.

(ગોમટા) —એન. જી. ભાણવડિયા





રાજસ્થાની ગ્રામજનતાનાં શોભનરમ્ય આભૂષણો · કલાકાર: ગૌતમ વાઘેલા

દર ઉનાળાની રજાઓમાં રાજસ્થાનની વનસ્થલી વિદ્યાપીઠના ભીંતચિત્રો કરવાના કાર્યક્રમમાં અનેક ગુજરાતી વિદ્યાર્થીઓ જાય છે, અને ત્યાંના ચિત્રમય વાતાવરણનો કેફ પી ઢગલાબંધ સ્કેચો-અભ્યાસનોંધો લેતા આવે છે. એવા બે વિદ્યાર્થીઓની એવી નોંધો આ અંકમાં રજૂ કરી છે. આ ઉપર ભાઇ ગૌતમ વાઘેલાએ કાળજીપૂર્વક એકઠી કરેલી રાજસ્થાની ગ્રામજનતાનાં શોભનરમ્ય આભૂષણોની નોંધો બે સમૂહમાં યોજીને આપી છે, જેનાં નામ તે તે આભૂષણ પાસે લખ્યાં છે. પશ્ચિમી પવનના આવેગથી ફંગોળાઇને વિસ્મૃતિમાં વિલીન થતા જતા ગ્રામ-સંસ્કૃતિના એ અવશેષોમાં ભારતીય કલાપરંપરાનો તાંતણો હજી સચવાઈ રહ્યો છે એ દૃષ્ટિએ એનું દસ્તાવેજી મૂલ્ય છે; અને સુભાગ્યે આજની 'ફૅશન' પાછી એ પરંપરાને સંભારવા લાગી છે. પાછળનાં પાનાઓ ઉપર ભાઈ દેવજીભાઈ વાજાએ ત્યાંના લોકજીવનના કરેલા સ્કેચ આપ્યા છે. ભાઈ વાઘેલાનો પરિચય એમના પોતાના જ શબ્દોમાં 'કલાવાર્તા' વિભાગમાં જોશો.

મેઘાલોકે

· શિખરિણી ·

ફરી પાછી વ્યોમે ઘનગિરિતણા ઉડ્ડયનની
લીલા! પૃથ્વી ખોળે ઘનકણુક પાડંત પડઘા;
અવસ્થા આ પાછી બદલઇ ગઇ શાન્ત મનની:
અહીંના ખ્યાલોમાં ભળત અલકાના ય અડઘા!

પડે ફોરાં: વાગે તીર મદનનાં; રેશમી ચીર
સમો વાયુ સ્પર્શે સુખદ જગવે રોમ પુલક;
ઝગે વિદ્યુલ્લેખા વિરહી મનશી તપ્ત, અધીર;
બધા હૈયાભાવો પ્રકટ કરતું ઇન્દ્રધનુષ.

અહો વર્ષે વર્ષે નીરખવી લીલા આ ઘનતણી
અને માણી લેવી વિરહક્ષણની રમ્ય કથની!
કહેવા સંદેશા અહીં હૃદયના રામગિરિએ
રહી દૂરે દૂરે વસંત અલકાની રમણીને!

જરા યે જૂનું ના કવિવર તણું થાય કવન;
જરા યે બુઢ્ઢું ના થતું વિરહી આ યક્ષનું મન!

જયન્ત પાઠક

માંડ રે મળી છે

· ગાન ·

માંડ રે મળી છે અલ્યા, ઉજ્જડ આ સીમ
આમ અળગો અળગો તે શીદ ચાલે?
આંકડિયા ભીડી લે લજ્જાળા છેલ!
ભલે એકલદોકલ કોક ભાળે.

મૈયરનો મારગડો મેલ્યો નથી તો જરા
મોકળું મૂકીને મન ફરિયે;
આંખના ઉલાળે ઝૂલી લઇએ, વ્હાલમ!
થોડું નેહના નવાણ મહીં તરિયે;
સાંજ ક્યાં ઢળી છે? હજી આટલી ઉતાવળ શું?
વેળ થયે લપાઇ જશું માળે.–માંડ૦

હમણાં વંકાશે વાટ સાસરિયે જાવાની
થંભી જશે થનગનતી પાની;
નીચાં ઢાળીને નેણ ચાલીશું રાજ, અમે
લાજ રે કાઢીશું વ્હેતા વા'ની;
મોકો મળ્યે તો સ્હેજ ગોઠડી કરીશું
ચોરીછૂપીથી આંખડીના ચાળે–માંડ૦

હરીન્દ્ર દવે

પ્રથમ દૃષ્ટિનો પ્રેમ

· ગાન ·

પ્રથમ દૃષ્ટિનો પ્રેમ:
એક જ્વાલની ચિનગારીથી સિગાર સળગે જેમ
એવો પ્રથમ દૃષ્ટિનો પ્રેમ.

અંતરની ઉષ્માનો આપે થનગનાવતો લાભ,
ધૂમ્રતણી પગથી ચડતો એ પળમાં આંબે આભ;
ઘૂંટ અધર બે ભરે જરી ત્યાં મળે રાખમાં કેમ?
એવો પ્રથમ દૃષ્ટિનો પ્રેમ!

ગીતા પરીખ

ત્રણ ભાઇભાંડુ

· મિશ્ર ·

માતા અમારી પૃથિવી, અમે છીએ
સંતાન એનાં, ત્રણ ભાઇભાંડુ.

આ સૌથી નાનું તરુ, માતથી એ
ક્ષણે ય છૂટું પડતું ન, જાણે
હજી વધેરી નહિ નાળ એની!

ને, અન્ય તે આ પશુડું, હજી એ
ચાલે ચતુષ્પાદ, ન ચાલતાં શીખ્યું
ટટ્ટાર બે પાયથી, (મારી જેમ);
ભાંખોડિયાંભેર ફરે ધરા બધી.

ને, સૌથી મોટો હું, મનુષ્ય નામે:
ઊડી રહું આભતણા ઊંડાણે.
હું આભનો તાગ ચહું જ લેવા.

ખૂંદી રહીએ બસ નિત્ય ખોળલો
માતાતણો, મૂર્તિ ક્ષમાતણી જ:
મૂંગીમૂંગી પ્રેમભરી નિહાળતી
લીલા અમારી ત્રણ ભાઇભાંડુની.

પ્રજારામ

લેખ

· ગાન ·

કાળપે લખવું, ભાઇ!
લખવું તો તો લોહીની લિપિ, ચીપીચીપી,
આકાશકેરા ભાલપે લખવું, ભાઇ! —કાળપે૦

ઘાસ તણો આ પત્ર, અરે આ પેન અને આ પાટી,
ટકીટકીને કેટલાં ટકે? જાય ફૂટી કે ફાટી;
શેષ રહે તો કાતરી-કોરી નાખે કીટ-ઉધાઇ—કાળપે૦

આછી-ઓછી ઊઘડે સ્યાહી, ભેજમાં જાય ભૂંસાઇ,
આભનો શીલાલેખ સનાતન, જુગજુગ પાર પઢાય,
ઘૂંટવો એવો શબ્દ ગહન કે આભ રહે અંકાઇ—કાળપે૦

ઉશનસ્

શી રીતે?

· ગઝલ ·

સિંચીને ઝાંઝવાં સહરા કરું ગુલઝાર શી રીતે?
સ્મરણના મકબરા પર હું રચું સંસાર શી રીતે?

બિચારાં અંધ કોઇના કરે દીદાર શી રીતે?
છતાં એ નેનથી છોડાય ઇન્તેઝાર શી રીતે?

કદમ કમજોર, મંઝિલ દૂર, હૈયે હામ ના હો, ત્યાં
તમારા સાથ વિણ પામું સફરનો પાર શી રીતે?

તમારી યાદ જોકે ફૂલની ખુશબૂ સમી મ્હેકે,
હું પાલવ ખુશબૂનો પકડી તરું સંસાર શી રીતે?

સમય તો પૂછશે ખુદ વિશ્વને પણ આટલું 'ચાતક'
સમંદર સ્નેહનો, પામ્યો ન ક્યાં યે પ્યાર!—શી રીતે?

'ચાતક'

વીંધે હૈયું ને તો ય ફૂલ

· ગાન ·

નજરુંના કાંટાની ભૂલ મારા વ્હાલમા;
વીંધે હૈયું ને તો ય ફૂલ મારા વ્હાલમા!

રાતનો અંધાર મને લાગે છે ઊજળો,
તારો તે સંગ: ઊન્હે પ્હોર જાણે પીપળો;
વેણુના વ્હેણમાંહી ડૂલ મારા૦
વીંધે હૈયું ને તો ય ફૂલ મારા૦

એકલીને આંહીં બધું લાગે અળખામણું,
તારે તે રંગ, ભલા ટહૂકે સોહામણું;
તું જે કહે તે કબૂલ મારા૦
વીંધે હૈયું ને તો ય ફૂલ મારા૦

સુરેશ દલાલ

હે કલ્પના!

· ઉપજાતિ ·

નિશીથના સોડ અહીં સરીને
ગૂંથી લીધી રેશમ-સ્વપ્ન-જાળ;
પ્રકાશ કેરે કરસ્પર્શ લુપ્ત
થાશે બધી, ઝાકળબિન્દુ માળ.
હે કલ્પના! વાસ્તવની દિવાલે
પછાડ ખાઇ પડઘો સુણી લે!

કનુ પટેલ

સૂર્યનું પ્રેત

· ગુલબંકી ·

આભ આંધળું,
ધરા અશબ્દ,
ચીસ ચક્રવાકની;
તહીં...
ભારભાર
શો અપાર અંધકાર!
સૂર્યનું જ પ્રેત...
વાયુમાં સવેગ
ઘૂમરા લઇ અહીંતહીં
પલેપલે થલેથલે
સરિત-પહાડ બૉખ-ખીણ
નિબિડ જંગલો,
પથો અનેક
ધલવલાટથી ધસી
ફરી વળી
ધરા સમસ્તને
ભીંસી રહ્યું વળાવળી.

નલિન રાવળ

ચક્રપથ

ઘરેડુ ને સૂકો નિજ જીવનનો ચક્રપથ આ:
સવારે ઊઠીને ઢસડી રહું છું પ્રાતરવિધિ,
હમેશાંના ટેવે
રહું ઢોળી પાણી શરીર પર
શિથિલ મુજ આ દેહ-મનના
બધા જે વેરાયા કણકણ—ત્યહીં ક્ષુદ્ર ઝરણું
ઘસાતું વ્હેતું રે ગ્રથિત કરવાને તરફડે.
અને ગોખે બેઠા અવિચલપણે દેવની કને
કશો મૂંગોમૂંગો પરુષ નયનોને બીડી દઇ
ઊભો હોઉં છું ત્યારે—ક્ષણિક તુજ કંપે પ્રિય છવિ.
ખૂલે આંખો—ઊંચે તૃણ લટકતું નીડ મહીંથી.
અહો ચંચુમાં રે તૃણ લઇ ઉમંગે વિહરવું
અને નાનાનાના મન મહીં રચી નીડ રમવું.
હવે કિન્તુ... પાછો શિથિલ ચરણે મૂક નીકળું
લગાવીને તાળું કટ.
કલમ ને કાગળ મહીં
ડૂબી જાઉં. સાંજે જન સહુ કચેરી ત્યજી જતા
ધીમે એકેએકે; મુજ શરીર-અધ્યાસ ફરીને
ટીપેટીપે પાછો વજન બનતો બે પગ દમે.
વળી પાછો કાળી ગરબડ-ધૂમાળી વીથી મહીં
અને ત્યાંથી સીધો ઘર તરફ... ક્યારેક વચમાં
રહું શોધી પેલું છટકી ગયું જે શૈશવ પણે
ચીસોમાં બૂમોમાં, તરલ પગની દોડ-કૂદમાં,
ફૂલો શી આંખોમાં, ફરફરી રહ્યા કેશ મહીં, ને
પગો પાછા કેવા દ્રુત ગતિ મહીં આવી પૂગતા
ઘરે! તાળું ખોલું ખટ; ભીતરના ઘોર તિમિરે
રહ્યું ગોપાઇ છે અકલતમ માધુર્ય; હમણાં
હટાવી પર્દાને ઘૂંઘટમહીંના તેજ-રૂપને
ચિબુકેથી ધીમે ઊચકી રહું છું રે નતમુખ...
અને પાસે આવી ડગ ભરી દબાતું કળ, ત્યહીં—
પણે છારીવાળું જળ વગરનું પાત્ર, કપડાં
પડ્યાં મેલાં ખૂણે, સળવળી ઊડ્યાં પંખી નીડમાં.
અગાશીમાં ઊભો નીરખી રહું છું ચન્દ્રવદના
હમેશાં, ને મીઠો ફરફરી રહ્યો પાલવ તનુ
નિશિગન્ધા કેરો અડી અડી જતો...
સ્વપ્નસરમાં
તરે છે કેવાં રે શિશુમુખ અહો હંસ સરખાં!
બધાં કાંઠે આવી વળગી પડતાં; રમ્ય પગલી
કશી અંકાતી રે અગણિત, અને કર્ણપથમાં
મીઠી લેલાં કેરી કલબલ મચે છે અવિરત.
રસોડામાં આછાં રણકી ઊઠતાં કંકણ, કરો
અહો ગોરા ગોરા તિમિરઘન કેશે સરી રહે,
સુગંધી તેલે રે મન બની જતું મત્ત, રૂમમાં
કર્યાં લીટા કોણે ફરશ પર ત્યાં? નેણ નમણાં
પણે લુચ્ચાં નાનાં—જઉં પકડવા...
ને તરત શી
ખૂલે દૃષ્ટિ: સામે તૃણ લટકતું નીડ મહીંથી
સરે નીચે...નીચે......

લાભશંકર ઠાકર

અખંડ જીવનયાત્રા (કાકા કાલેલકર) (વિચારવિશેષ)

પ્રિય બચુભાઅી,*

તમારા યુવાન દીકરાના અવસાન વિષે શ્રી અુમાશંકરભાઅી પાસેથી સાંભળ્યું અને ઘણું દુ:ખ થયું। પુરુષાર્થમાં પ્રવેશ કરવાની અુમરે એને માંદગી વળગી અને તમારી અથક મહેનત નિષ્ફળ નીવડી એ ખરેખર દુ:ખદાયક બીના છે। પણ આપણે, પુનર્જન્મમાં માનનારા, વ્યાપક દૃષ્ટિએ કેમ ન વિચારીએ? છેલ્લાં કેટલાંક વરસથી હું જીવન ને મરણનું અૂંડું ચિંતન કરતો થયો છું। એમાંથી મને જે આશ્વાસન જડ્યું તે તમારી આગળ મૂકું છું। વિશ્વાસ છે કે તમને મદદગાર નીવડશે।

આપણે એક જ જીવનનો વિચાર કેમ કરીએ? જે જીવ તમારે ઘેર અવતર્યો એના કેટલાક પૂર્વજન્મ હતા। અનેક જન્મનાં માબાપોને અને સગાંવહાલાંઓને છોડીને અખંડ જીવનયાત્રા આગળ ચલાવવા માટે તમારું ઘર એણે પસંદ કર્યું—અથવા પરમાત્માએ એને માટે પસંદ કર્યું। તમારા જીવનનો એ અમુક કાળ સુધી સાથી બન્યો। જે આપી શકાય એ એણે આપ્યું; તમારી પાસેથી જે લઅી શકાય તે લીધું; અને એ કીમતી માથું લઅીને નવા અને સમૃદ્ધ જીવન માટે એણે પ્રયાણ કર્યું।

હું માનું છું કે ઓશ્વર જ્યારે કોઅીને બાળક આપે છે ત્યારે એ માતપિતા પ્રત્યે ઓશ્વર જાણે પોતાનો વિશ્વાસ જાહેર કરે છે। It is God's vote of confidence.

અનેક પૂર્વજન્મમાં એણે જે મહાનુભવોની અને સંસ્કારોની મૂડી મેળવી એનો સદુપયોગ કરવાની તક એને તમારે ત્યાં મળશે અને આગળના જન્મ માટે ઘણી કીમતી મૂડી તમારા સહયોગથી મેળવી એ આગળ જશે, એ વિશ્વાસે ઓશ્વરે એને તમારે ત્યાં મોકલ્યો।

દરેક જન્મમાં જીવ ઘણી સેવા આપે છે અને ઘણું મેળવે પણ છે। તમારા પુરુષાર્થી, બાહોશીભર્યા અને પ્રેમળ જીવનને લીધે તમારા દીકરાની આસ્તિકતા કેટલી વધી હશે! તમે એને અુત્તમ કેળવણી આપી, એની એણે કદર કરી, એની અને તમારી આશા વધી। પણ એ બધી તૈયારી આ ભવ માટે નહિ પણ આવતા ભવ માટે હતી એમ હવે દેખાય છે।


તમે એની સેવા કરતાં પોતાની કાયા નીચવી, એ સેવા લઅીને પણ એના આત્માની અુન્નતિ જ થઅી। મેં જોયું છે કે સજ્જનોની સેવા લઅીને પણ, લેનારના આત્માની અુન્નતિ જ થાય છે। ઓશ્વરની યોજના કે રચના આપણે શી રીતે સમજી શકવાના હતા? એકાદ નાટકનો વચલો જ અંક જોવાથી કે નવલકથાનું એકાદ વચલું પ્રકરણ વાંચવાથી જેમ આખી કૃતિનો ખયાલ આવી શકતો નથી, તેમ જ જીવનનું પણ છે। અને તેથી જ શ્રદ્ધાની જરૂર છે।

દીકરાની સેવા કરી તમે ઓશ્વરની સેવા કરી છે। એના પ્રત્યેની શ્રદ્ધા જ તમને બધી શક્તિ આપશે। શ્રદ્ધા પૂરતી હોય તો એની અસર શરીર સુધારવામાં થવી જ જોઅીએ। તમારી આસ્તિકતા વધો। એટલે સેવાશક્તિ પણ વધવાની જ। દીકરાના સ્મરણ સાથે પરમ પિતા ઓશ્વરનું સ્મરણ જોડી દેશો તો એથી તમને આશ્વાસન મળશે અને તમારા દીકરાને એના આવતા ભવમાં અુત્તમ મદદ થશે।

લિ. સમભાવી કાકાના સપ્રેમ વંદે માતરમ

* આ અંગત પત્રમાંનો જીવનવિચાર સર્વોપયોગી હોઈ પ્રકટ કરવાની છૂટ લીધી છે.

ચિંતનગ્રસ્ત
રવીન્દ્રનાથ
શાન્તિનિકેતન
ઈ. ૧૯૩૨



રવીન્દ્રનાથનું જીવનદર્શન

કાકા
કાલેલકર

આજની દુનિયા ભારતના આત્માને બે વિભૂતિઓ દ્વારા ઓળખે છે. તે છે મહાત્મા ગાંધી અને કવિવર રવીન્દ્રનાથ.

આમ તો અમારા જમાનામાં ભારતીય ચિંતન અને પુરુષાર્થના પ્રણેતાઓ કેટલા યે થઇ ગયા છે અને તેમની અસરનો પ્રભાવ દુનિયા ઉપર પડયો પણ છે. સ્વામી વિવેકાનંદે ભારતને આદરની ભાવનાથી જોવાની આવશ્યકતા દુનિયા સમક્ષ મૂકી અને વેદાંતને જીવંત પ્રેરણારૂપ બનાવી દીધું. થીઓસૅાફીએ (ઇશ્વરવાદે) એ કામ બીજી રીતે કર્યું. આનંદ કુમારસ્વામીએ કલા અને સંસ્કૃતિના ક્ષેત્રમાં આધ્યાત્મિક દૃષ્ટિનું મહત્ત્વ બતાવ્યું, જ્યારે શ્રી અરવિંદ ઘોષે યોગવિદ્યા અને અધ્યાત્મની સર્વોપરિતા અને શુદ્ધ શાસ્ત્રદર્શનનું મહત્ત્વ દુનિયા સમક્ષ રજૂ કર્યું. કર્મના ક્ષેત્રમાં પંડિત જવાહરલાલજીએ દુનિયાનું ઠીકઠીક ધ્યાન આકર્ષિત કર્યું છે. આ સઘળું હોવા છતાં પણ ફરીથી કહેવું પડે છે કે આજ-



(લીનોકટ: કે. એસ. રાવ)

રવીન્દ્રનાથ

ગન્ધકણો હવામાં
સર્વત્ર સૂક્ષ્મ પ્રસરી જઇને અશું કશું
સ્પર્શી રહ્યા સંવિતને.

કણ મોતીઓના
નીચે ગરે સતત, ને નત વૃક્ષપત્રો
ઝીલી રહે પ્રચુર મોદ મહીં ભર્યાભર્યાં.
મીઠો પ્રપાત જલવર્ષણનો–બજે બજે
નેપુર રે નિખિલનંદિની પ્રકૃતિનાં
પ્હેલાં વિલંબિત પછી દ્રુત ને અચાનક
વચ્ચે ઊંડી ગહક મોર તણી

બધે બધે
આનંદનો પ્રસર, કંપન, તુષ્ટિ પુષ્ટિ.
આકાશવ્યાપી ઘનમેઘ સમા રવીન્દ્ર
આષાઢ શા જલભર્યા વરસ્યા કવીન્દ્ર.

લાભશંકર ઠાકર

'જન-ગણ-મન'વાળું રાષ્ટ્રગીત લઇએ અથવા 'હે મોર ચિત્ત પુણ્ય તીર્થે જાગો રે' વાળું ભારતીય ઇતિહાસનું રહસ્ય તપાસીએ, આપણને તો એક જ પ્રેરણા મળી રહે છે: સર્વોચ્ચ આસ્તિકતાની.

રવીન્દ્રનાથ અદ્વૈતવાદના જ ઉપાસક હતા. બ્રહ્મસમાજની અસરમાં હોવાથી ભલે એમને બ્રહ્મોપાસક કહીએ, પણ તેઓ હતા જીવનોપાસક. જીવન સર્વત્ર એક ને અખંડ છે, સમૃદ્ધ અને કલ્યાણમય છે અને અંતે જઇને પણ તે સફળ જ થનાર છે, કલ્યાણકારી થનાર છે. એવી શ્રદ્ધાનિષ્ઠા રવીન્દ્રનાથે કદી ગુમાવી નહોતી. સારા ય વિશ્વની કલ્યાણમયતાનો સાક્ષાત્કાર એમની સૌથી મોટી સુંદરતા હતી.

ની દુનિયા પર વિશેષ પ્રભાવ તો રવીન્દ્રનાથ ને ગાંધીજીનો જ પડ્યો છે.

હું મારા પોતાના જીવનવિકાસની તપાસ કરું છું ત્યારે સ્પષ્ટ અનુભવું છું કે કર્મકાંડી બ્રાહ્મણોમાં ઉછરેલો હું મહારાષ્ટ્રના સંતોના ભક્તિમાર્ગમાંથી એટલેકે અભેદ ભક્તિથી પ્રારંભ કરીને ધીરેધીરે પ્રાર્થનાસમાજ—બ્રહ્મસમાજની તરફ વળ્યો. એની ઊંડી અસર મારા ઉપર થાય તે પહેલાં જ વિજ્ઞાનવાદી શુદ્ધ બુદ્ધિ ઉપાસકોનો હું ચેલો બની ગયો. આંતરિક નમ્રતાએ વિશ્વાસ કેળવ્યો કે સાચું સમાધાન આ રીતે નહિ મળે. એમાંથી રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદે, તથા સ્વામીજીએ ચલાવેલા નવવેદાંતે મારા પર કબજો જમાવ્યો. એમાં ભગિની નિવેદિતાએ સમાજશાસ્ત્ર પ્રતિની દૃષ્ટિ જાગૃત કરી અને તેથી હિન્દુ જાતિના પુરુષાર્થ પ્રતિ મારું સાદર ધ્યાન ગયું. આનંદ કુમારસ્વામી, લાલા હરદયાલ, બાબુ ભગવાનદાસ વગેરે અનેક જણે ભારતીય સંસ્કૃતિનાં અનેક પાસાંઓને જીવિત કરી દેખાડયાં. રાજનૈતિક ક્રાંતિની પ્રેરણા જેટલી મને ભગવદ્ ગીતામાંથી અને લોકમાન્ય ટિળક પાસેથી મળી, એટલી જ બિપિનચંદ્ર પાલ, લજપતરાય અને અરવિંદ ઘોષ પાસેથી પણ મળી હતી.

આ પ્રકારનાં જીવન-રસાયણોમાં તૈયાર થએલો હું એકી સાથે રવીન્દ્રનાથ અને ગાંધીજી બન્નેની અસર સ્વીકારી શક્યો છું અને એ બન્ને વિભૂતિઓની વચ્ચેનો આકાશ-પાતાળ વચ્ચેનો ફરક જાણવા છતાં પણ એ બે વચ્ચે રહેલું સામ્ય અને જીવનના આદર્શોનું ઐક્ય પારખી શક્યો છું અને એ જ તે પછીની સ્થાયી પ્રેરણા બની રહી છે.

બન્નેની મનોવૃત્તિ અલગ અલગ, કાર્યશક્તિ ભિન્નભિન્ન એમનાં જીવનદર્શનની વિશેષતા એકરૂપ નહોતી. તેથી જ તેમનાં જીવનકાર્ય એકબીજાથી અલગ હોવા છતાં પણ એકબીજાનાં પોષક હતાં. એક હતા સત્ય-અહિંસાપરાયણ કર્મવીર; બીજા હતા ચિંતનપરાયણ સાહિત્યવીર.

એક જ યુગના, એક જ દેશના અને એક જ કાર્ય (મિશન)ના આ બે પ્રતિનિધિઓના યુગકાર્યનું ગ્રહણ અને અધ્યયન આપણે એકસાથે કરવું જોઇએ. ... ...

રવીન્દ્રનાથ રંગ, રૂપ, લાવણ્ય આદિ આકૃતિઓના રસિક ઉપાસક હતા, છતાં રૂપ, રસ, ગંધની એમની અનુભૂતિ છીછરી નહોતી. સત્યમ્, શિવમ્, સુંદરમ્—આ ત્રણેયનો ભેદ જાણવા છતાં તે બે વચ્ચેનો વિસંવાદ યા વિરોધ તેમણે માન્યો નહોતો. આજના યુગમાં જે કોઈપણ મનુષ્ય હિંદુધર્મનું રહસ્ય સમજવા ચાહે તેણે રવીન્દ્રનાથની 'ગોરા' નવલકથા ધ્યાનપૂર્વક વાંચવી જોઇએ. સનાતનધર્મ, બ્રહ્મોસમાજ, ખ્રિસ્તી ધર્મનો પ્રચાર–ત્રણેની અસર બંગાળની જનતા ઉપર પડી હતી. એમાંથી સાર ઉપજાવીને એમણે આ નવલકથાનો દેહ ઘડયો અને પરેશબાબુ તેમજ આનંદમયી આ બે પાત્રો દ્વારા આપણને ભારતીય જનતાનું જીવનદર્શન કરાવ્યું.

રવીન્દ્રનાથે હજારો ગીતો લખ્યાં છે, અસંખ્ય કાવ્યો આપણને આપ્યાં છે. 'ગીતાંજલિ', મૂળ બંગાળી તેમ અંગ્રેજી પણ, આપણા હૃદયનો ઉત્તમ ખોરાક છે. છતાં પણ મને આશ્ચર્ય એ વાતનું થાય છે કે અંગ્રેજી ભાષા દ્વારા દુનિયા સમક્ષ રજૂ કરવા માટે તેમણે આ સો ગીતો કઈ રીતે પસંદ કર્યાં? આજ દુનિયાનો દરેક સંસ્કારી માનવી માને છે અને કહે છે કે એની પોતાની આકાંક્ષાનું ઉત્તમ પ્રતિબિંબ એ 'ગીતાંજલિ'માં મેળવે છે, દેખે છે. દુનિયામાં એવા ગ્રંથો ઘણા ઓછા છે, જેને વિષે કહી શકીએ કે એની અનુભૂતિ વિશ્વવિખ્યાત છે.

રવીન્દ્રનાથની સમાજસેવાની તમામ પ્રવૃત્તિના મૂળમાં એમનું જીવનદર્શન છે જે આપણને તેમના 'સ્વદેશી' 'સમાજ' વગેરે નિબંધોમાં મળે છે. એ નિબંધોમાં સમાજસેવાનો ઉચ્ચ આદર્શ રજૂ થયો છે. તેની રજૂઆતનો પ્રકાર પણ આપણા હૃદયને ઉન્નત કરે છે.

ભારતીય ઇતિહાસનું જે સારતત્વ એમણે પોતાનાં કાવ્યોમાં, ગીતોમાં અને પત્રોમાં આપ્યું, એ જોતાં પણ આપણને લાગે છે કે આ ભવ્ય કવિએ કોઈપણ ઊતરતી કક્ષાને આવકાર આપ્યો નથી.

ગાંધી અને રવીન્દ્રનાથના મિલાપથી જે રસાયણ સિદ્ધ થાય છે એમાં જ ભારતીય આત્મા વ્યક્ત થાય છે અને તે દ્વારા જ ભારતની હવે પછીની સાધના સ્પષ્ટ થાય છે. (મંગલ પ્રભાત)







યુવાકાળમાં રવીન્દ્રનાથ: ડાબી બાજુ મથાળે: જીવનનો બીજો ફોટોગ્રાફ: ઈ. ૧૮૭૫ (પહેલા ફોટો માટે જુઓ અંક ૪૪૭); ડાબી બાજુ નીચે: ઈ. ૧૮૮૦ની આસપાસ; આ ઉપરનો ફોટો ઈ. ૧૮૮૬માં; નીચેનો ફોટોગ્રાફ–ઈ. ૧૮૮૩માં પોતાના નાટકમાં 'વાલ્મીકિ'નું પાત્ર ભજવ્યું ત્યારે.



મારા જીવનમાં બનેલી આ અજબ ને અકલ્પ્ય



મારી આ કથની કહીને હું કંટાળો આપવા નથી માગતો, પણ જીવનમાં કોઈ અકલ્પ્ય વસ્તુ જ્યારે બને છે ત્યારે તેનો ખુલાસો મેળવવાની અદમ્ય ઇચ્છા થઈ આવે છે. એવો ખુલાસો આપની પાસેથી મેળવવા હું આ વાત કરું છું.

જોકે મારી પાસે એ ઘટનાનું કોઇ સમાધાન નથી; એમ શા માટે બન્યું અને કેવી રીતે બન્યું તેનો યે કાંઈ આધાર નથી. પણ એ પ્રમાણે બની ગયું એ વાત તો નિઃશંક છે.

છતાં મને ઘણી વાર વિચાર આવે છે કે આ ઘટનાની શરૂઆતમાં જ જો મને એક નાની સરખી ક્ષતિ ખયાલમાં આવી ગઈ હોત તો આ ઘટના કેવી રીતનું રૂપ લેત? એ વાત આમ તો તરત જ ખયાલમાં આવે એવી સામાન્ય છે. પણ એમ થયું હોત તો ત્રણ માણસની જિંદગી સાવ બદલાઈ જ ગઈ હોત...પણ ના, એ વિચારમાત્ર દુઃખદાયક છે!

૧૯૩૯નો મે માસ હતો. બીજા વિશ્વયુદ્ધના ભયાનક ઓળા હજુ છવાયા નહોતા. ત્યારે હું નિખિલ સાથે પ્રથમ જ મુંબાઈ આવ્યો. નિખિલ મારો પ્રિયમાં પ્રિય મિત્ર હતો. હું તેના ભાઈ અનિલને તો નામથી જ ઓળખું. કદાચ એકાદ વાર મળ્યો યે હોઈશ; પણ એની બહેન શીલાને કદી જોઈ નહોતી. અનિલથી તે બે વર્ષ અને નિખિલથી ચાર વર્ષ નાની હતી. આજે એની સગાઈ હોવાથી નિખિલ આગ્રહ કરી મને મુંબાઈ લાવ્યો હતો.

બે વખતથી વૅકેશનમાં નિખિલ મને ઘરે આવવાનો આગ્રહ કર્યા કરતો હતો. અમે બંને દહેરાદૂનમાં લશ્કરી તાલીમમાં સાથે હતા અને એક જ રૂમમાં રહેતા હતા. દરેક વખતે હું ખાસ કારણ ન હોવાથી મુંબાઈ આવ્યો નહોતો, પણ આ વખતે ના પાડી શકાય તેમ નહોતું. અમારી ઉંમર પણ લગભગ સરખી હશે. મને બાવીસ થયાં હતાં.

આજે જ સગાઈની મોટી પાર્ટી હતી. શીલાની સગાઇ શ્રી મહેન્દ્રકુમાર મહેતા સાથે નક્કી થઈ હતી. તેઓ પણ અમારી માફક લશ્કરી ટ્રેઇનિંગ પામેલા હતા. નિખિલ કહેતો હતો કે શીલા કરતાં મહેન્દ્ર કાંઈક વધારે મોટા હતા, પણ ખરેખર એક સંસ્કારી સજ્જન હતા.

મને યાદ છે અમે લગભગ સાંજે છ વાગ્યે આવ્યા. સૌ પોતપોતાની રૂમમાં સાંજની પાર્ટી માટે તૈયાર થવા ગયા. નિખિલે મને મારો ઓરડો બતાવ્યો. નિખિલનો બંગલો 'બૈજનાથ' આમ ઘણો મોટો હતો. સો વર્ષ જૂનો,–મુંબઇમાં જૂનામાં જૂનો કહી શકાય. ચારે બાજુ નાના-મોટા દાદર, ક્યાંક ઉપર તો ક્યાંક નીચે, નાનામોટા ઓરડાને જોડતા હતા. અજાણ્યો તો ભૂલો જ પડી જાય! મને હજુ અહીં સૌ સાથે ભળતાં થોડો સંકોચ થતો હતો. નિખિલના કુટુંબમાં કોઇ વડીલ હયાત નહોતું. ફક્ત બે ભાઇ અને એક બહેન જ હતાં, છતાં મને સંકોચ થતો હતો! નિખિલ કહેતો હતો કે બંગલો એવો મોટો ને અટપટો છે કે જરૂર કોઈને તેમાં ભૂતનો ભેટો થઈ જવાની શંકા થાય; પણ અમને તો એવું કશું હજુ દેખાયું નથી. નિખિલ જતાંજતાં કહેતો ગયો કે પોતે તૈયાર થઇ મને બોલાવતો જશે.

મેં સૂટકેઇસમાંથી કપડાં કાઢ્યાં. પછી બાજુના બાથરૂમમાં હાથ મોં ધોઈ કપડાં પહેરવાની શરૂઆત કરી અને ડ્રેસિંગ ટેબલના મોટા અરીસા પાસે મારી ટાઇ બાંધવા ગયો. અરીસાની બરોબર સામે ઊભો રહી હું ટાઈ બાંધતો હતો. અરીસામાં પાછળની દીવાલ બરોબર દેખાતી હતી. તેમાં એક તરફ બારણું હતું. ટાઈ બાંધતાં બાંધતાં મેં મારી પાછળ દેખાતી દીવાલનું બારણું ઊઘડતું જોયું.

હું કહી નથી શકતો કે મેં તરત જ પાછા ફરીને કેમ ન જોયું. હું માનું છું કે અજાણ્યા વાતાવરણમાં એમ ન જ બને. ગમે તેમ, પણ મેં પાછું વાળી ન જોયું. અરીસામાંથી જ હું પાછળ ઊઘડતું બારણું ધ્યાનથી જોવા લાગ્યો. બારણું પૂરેપૂરું ઊઘડી ગયું. તેની અંદરનો ભાગ પણ આછા ઉજાસમાં દેખાતો હતો.

એ સૂવાનો ઓરડો હતો–મારા ઓરડા કરતાં ઘણો જ મોટો. અંદર બે પલંગ દેખાતા હતા. પણ બાજુમાં...બાજુમાં જે જોયું તે કદી ભુલાય એવું નહોતું. મારો શ્વાસ અદ્ધર ચડી ગયો!

એક પલંગની બાજુમાં એક રૂપાળી ઉંમરલાયક છોકરી પડી હતી અને તેના ગળાની આજુબાજુ એક માણસના બે હાથ તેને જોર કરી ભીંસી રહ્યા હતા. તે સ્ત્રી ગૂંગળાતી મૃત્યુના મુખ તરફ ધકેલાઇ રહી હતી. આમાં જરા યે ભૂલ કે ભ્રમણા નહોતી. હું ચોખ્ખું જોઈ શકતો હતો: એક ખૂન થઇ રહ્યું હતું.

યુવતીનું મોં બરોબર દેખાતું હતું. સુંદર કાળા મુલાયમ વાળ, ભયગ્રસ્ત પણ કુમાશભર્યો લાલચોળ ચહેરો, અને છતાં મોંમાંથી તે ચીસ પાડતી નહોતી કે પોતાના બે હાથ વડે તે તેને રોકતી નહોતી. જ્યારે ખૂની પુરુષ તેને વધારે ને વધારે ભીંસાવતો હતો. પુરુષનું મોં બરાબર જોઇ શકાતું નહોતું કેમકે તેની પીઠ મારા તરફ હતી. માત્ર તેની એક બાજુ જ દેખાતી હતી એમાં એના ચહેરાની ડાબી બાજુએ છેક ગળા સુધી ન ભૂલી શકાય તેવો ચીરો હતો.

આ વર્ણન કરતાં આટલો વખત લાગ્યો, પણ વસ્તુતઃ એક બે ક્ષણમાં આ બધું જ મેં જોયું અને તે નિર્દોષ સુંદર યુવતીને બચાવવા હું પાછળ ફર્યો...

પણ પાછું વળી જોતાં અરીસામાં દેખાતી એ દીવાલમાં મેં માત્ર જડેલો કબાટ જોયો. અને તેનું બારણું તો બંધ હતું! ત્યારે મેં જોએલું પેલું ખુલ્લુ બારણું? હું તરત જ અરીસામાં જોવા ફર્યો, પણ હવે તો

ઘટનાનું કારણ શું? હજી હું એનું કાંઈ સમાધાન મેળવી શક્યો નથી

? તમને કોઈ ખુલાસો સૂઝે છે?

જાતશત્રુ

રૂપાંતરકાર **પુષ્કરભાઈ ગોકાણી**

અરીસામાં પણ કબાટ જ દેખાતું હતું, અને તેનું બારણું બંધ હતું! ક્યાં ગયું પેલું ભયંકર દૃશ્ય? હું સ્વપ્નમાં તો નહોતો જ!

મેં મારી આંખો ચોળવા માંડી, ગાલે ચીમટી ભરી જોઈ. પછી તુરત જ પેલા કબાટ તરફ ગયો અને તેનું બારણું ઉઘાડવા પ્રયત્ન કરવા લાગ્યો. ત્યાં તો નિખિલ મને તેડવા આવ્યો. મને આમ કરતો જોઇ તે મને કારણ પૂછવા લાગ્યો. એને મારા આ વર્તનમાં કંઈક વિચિત્રતા જણાઇ. મેં તેને પૂછ્યું: 'આ કબાટ પાછળ કોઇ બીજું બારણું છે?'

'હા, પણ તેની આગળ આ કબાટ જડાવી દીધું છે. બાજુમાં પારેખ કુટુંબના વડીલ અને તેનાં પત્ની રહે છે.'

'તેમનાં પત્નીની ઉમર આશરે પચ્ચીસેકની હશે?'

'સાઠ વર્ષની બુઢ્ઢી છે, બુઢ્ઢી!' નિખિલે હસતાં હસતાં કહ્યું.

હું વિચારમાં પડી ગયો. હસીને વાત ઉડાવી અમે પાર્ટીમાં ગયા. ત્યાં નિખિલે ઓળખ આપવી શરૂ કરી: 'આ મારી બહેન શીલા.'

હું આશ્ચર્યથી તેને જોઈ રહ્યો. આ તો એ જ છોકરી જેનું મેં હમણાં ખૂન થતું જોયું હતું! તુરત મને તેના ભાવિ પતિ મહેન્દ્ર સાથે ઓળખાણ કરાવી. મેં જોયું તો તેના ચહેરામાં ડાબી બાજુએ છેક ગળા સુધી એક મોટો ચીરો હતો! હવે હું આપને પૂછું કે આટલું જોયા પછી તમે મારી જગ્યાએ હો તો શું કરો?

અહીં એ જ છોકરી હતી કે જેનું કોઈ ગળું દબાવી તેને મારવાનો પ્રયત્ન કરી રહ્યું હતું... અને અહીં એ જ પુરુષ હતો કે જે તેને ગૂંગળાવી રહ્યો હતો. બન્ને એકાદ માસમાં પરણવાનાં હતાં.

શું ભાવિનો ગૂઢ પડદો હું ભેદી રહ્યો હતો? શું શીલા અને મહેન્દ્ર ભવિષ્યમાં અહીં રહેવા આવશે? શું પારેખ દંપતી એ રૂમ ખાલી કરી ચાલ્યાં જશે અને તેનો ઉપયોગ તેઓ કરશે? અને શું તેમાં એક દિવસ શીલાનું ગળું......

હું ધ્રૂજી ઉઠ્યો; ...ના, આગળ નથી વિચારવું...એ માસુમ, નિર્દોષ, કુમળી, સૌંદર્યવતી શીલાના એવા હાલ...?

મારે શું કરવું જોઇએ? આપ જ કહો. આ વાત નિખિલ કે શીલા માનશે? વળી અનિલને તો હજુ મેં જોયો પણ નહોતો. તે તો પંચગનીમાં બીમાર હતો. અને તેથી આ પ્રસંગે આવી શક્યો ન હતો.

એક અઠવાડિયા સુધી આ વાત મારા મનમાં ઘોળાયા કરી. કહેવું કે ન કહેવું? નિખિલે મને મુંબાઇ ફેરવી ફેરવીને બતાવ્યું. મુંબઈ જોયું પણ મને તેમાં રસ ન પડ્યો. તેમાં વધારે ગૂંચવણ તો એ થઈ કે જ્યારથી મેં શીલાને જોઈ, ત્યારથી મનોમન હું તેના પ્રેમમાં પડી ગયો;–એટલો બધો કે દુનિયામાં મને હવે એક જ આંકાક્ષા રહી: તેને મેળવવાની. પણ, ખરું કહું? આ જ વાતને લીધે મારું મોં સિવાઇ ગયું.

પણ મૂંગા રહેવું કદાચ પ્રાણઘાતક નીવડે તો? મહેન્દ્ર શીલાને પરણે અને તેને મારી નાખે તો?...

તેથી જ જ્યારે હું મુંબાઈ છોડીને જવાનો હતો ત્યારે હિંમત કરી શીલાને બધી જ વાત કરી. મેં એમ પણ કહ્યું કે 'કદાચ મારી બુદ્ધિનું આ દેવાળું લાગશે; પણ હું સોગન્દપૂર્વક કહું છું કે આ એટલા જ માટે કહું છું કે જ્યારે મહેન્દ્રને પરણવાનો તમે નિશ્ચય જ કર્યો છે તો મારે કોઇને નહિ તો તમને તો આ વાત કરવી જ જોઈએ.'

શીલાએ આ બધું શાન્તિથી સાંભળ્યું. તે આ વાતને કાંઈ મહત્ત્વ આપે છે કે પછી બીજો જ વિચાર કરે છે તે હું નક્કી ન કરી શક્યો. તે જરાયે ગુસ્સે ન થઈ. મારી વાત પૂરી થઇ ત્યારે તેણે મારો આભાર માન્યો. છતાં યે હું તો એક મૂર્ખની માફક કહ્યા જ કરતો રહ્યો: 'મેં ખરેખર મારી સગી આંખે એમ જ જોયું છે, હું તમારી સાથે વાત કરું છું તેટલું જ એ સાચું છે,' વગેરે. શીલાએ પણ જવાબ વાળ્યો: 'હું તમારી વાત માનું છું. મને ખાતરી છે કે તમે એમ જ જોયું હશે.'

હું મુંબાઈ છોડી ગયો ત્યારે આ ઠીક કર્યું કે ખોટું, તેનો નિર્ણય કરી શક્યો નહિ. ત્યાં તો થોડા જ દિવસ રહીને નિખિલ તરફથી ખબર આવ્યા કે શીલાએ મહેન્દ્ર સાથેની સગાઈ તોડી નાખી હતી.

ત્યાર પછી વિશ્વયુદ્ધ શરૂ થયું, મનેકમને અમારે લડાઇમાં જવાનું થયું. તે દરમ્યાન એકાદ વાર હું શીલાને મળી શક્યો હોત, પણ મેં એ પ્રસંગ ટાળ્યો. હું એને ચાહતો હતો, તેની છાયામાં જીવન વિતાવવાના મનોરથ સેવતો હતો. પણ હું તેને મેળવી શકું એ શક્ય ન હતું, અને તેથી જ લડાઈમાં જવા માટે હું તુરત તૈયાર થયો. તેણે મહેન્દ્ર સાથેની સગાઇ તોડી નાખી એટલે તો મેં નિશ્ચય કર્યો કે મેં તેને કરેલી વાતનું ન્યાયીપણું તો જ ગણાય જો હું તેમાં તટસ્થ રહું તો. ને તેથી જ મારાથી નિખિલ પાસે શીલાની માગણી થઇ શકી નહિ.

૧૯૪૧માં નિખિલ પૂર્વને મોરચે માર્યો ગયો. હું તેની સાથે અંતકાળ સુધી હતો, એટલે તેની છેલ્લી ઘડી વિષે શીલાને કહેવાની ફરજ મારી જ હતી. ત્યાર પછી શીલા સાથેના મારા સંબંધો ઓપચારિક મટી ગયા. શીલા નિખિલ પાછળ ખૂબ દુઃખી થઈ અને તે વખતે હું તેનો ખાસ અંગત મિત્ર બની શક્યો. શીલા દુઃખમાં મારા હૃદયને વધારે ખેંચતી હોય એમ લાગ્યું. મહામહેનતે હું મનને કાબૂમાં રાખી રહ્યો. રજા પૂરી થઈ ને હું ફરી લડાઇમાં ચાલી નીકળ્યો: મનમાં એવો કડવો અભિલાષ લઇને કે એકાદ જીવલેણ ગોળી મારું સદાયનું દુઃખ ટાળી દે. શીલાના સાથ વિના જિંદગી અકારી લાગતી હતી.

પણ ત્યાં એવી એકે ગોળી નહોતી જેના ઉપર મારું મોત લખાયું હોય. માત્ર એક ગોળી મારા જમણા કાન નીચે જખમ કરી ગઈ, ને એક વળી મારા ડાબા ખિસ્સામાં રહેલા મજબૂત સીગારેટ કેઇસ સાથે ઘસાતી અછરતી ચાલી ગઇ. લડાઇમાંથી હું સહીસલામત પાછો ફર્યો, જ્યારે મહેન્દ્ર એ જ લડાઇમાં નિખિલના માર્ગે ગયો.

આ સમાચાર મને બહુ મોડા મળ્યા; પણ તેથી મોટો ફેર પડી ગયો. હું ૧૯૪૫માં ઘેર આવ્યો ને સીધો શીલાને મળવા ચાલ્યો. બીજે દિવસે મેં બહુ જ સંકોચથી તેને વાત કરી કે હું ખરેખર તેને ચાહતો હતો. મને આશા નહોતી કે તે આ વાત સ્વીકારી લેશે. વધારે આશ્ચર્ય તો ત્યારે થયું કે જ્યારે તેણે મને પૂછ્યું કે મેં શા માટે તેને પહેલાં આ વાત ન કરી. મેં મહેન્દ્રવાળી વાતના ગોટા વાળવા માંડ્યા, પણ તે અટકાવી તે તુરત બોલી: 'શા માટે તમે એમ ધાર્યું કે ફક્ત તમારી વાત ઉપરથી જ મેં સગપણ તોડ્યું હશે? તમારી માફક હું પણ પહેલી નજરે તમારાથી આકર્ષાઈ હતી, ને તેથી જ તમારી વાતમાં

મેં વિશ્વાસ મૂક્યો હતો.'

'મને તો એમ જ થયું કે તેં મારી વાતને લીધે જ સગપણ તોડયું.'

'જો તમે મને અંતરથી ચાહતા હતા તો તમારે આટલી હદ સુધી જુદાઈ રાખવી નહોતી જોઇતી.' તેણે એવી ઠપકાભરી આંખે આ કહ્યું કે ફરી મારી વાતનું પ્રતિપાદન હું કરી ન શક્યો. હું તેની સાથે સંમત થઈ ગયો કે આજ સુધી હું મૌન રહ્યો એ મારી ભૂલ હતી.

ત્યાર પછી વીતેલા થોડા વખત માટે મારે કાંઇ કહેવાનું નથી. શીલા અને હું પરણ્યાં. અમે બહુ સુખી હતાં—એટલાં કે આવું અને આટલું કદી કોઇ સુખી નહિ થયું હોય. શીલા મારી વ્હાલસોયી જીવનસાથી હતી અને હું તેના સુખદુઃખનો સમભાગી હતો.

હું શીલાને ખૂબ ચાહતો હતો; પણ તો યે ઈર્ષ્યાળુ પણ એટલો જ. કોઇની સાથે સાધારણ વિવેકમાં શીલા હસે તો તે યે મને ગમતું નહિ. જાણે કે તેના હાસ્યનો હું એકમાત્ર માલિક હતો. જોકે મનોમન હું સમજતો પણ હતો કે એ મારી મૂર્ખાઇ હતી ને એમ કરીને ખુદ અમારા સુખી જીવનને જ હું ભયમાં મૂકતો હતો. પ્રામાણિકપણે મારે કબૂલ કરવું જોઇએ કે આ સમજી શકવા છતાં હું મારો સ્વભાવ બદલી શક્યો નહિ.

કોઈ વખત શીલા ઉપર કોઇના પત્ર આવતા અને જ્યારે એ વિષે મને એ કહેતી નહિ ત્યારે મારું મન હજારો શંકાકુશંકા કરતું. અમારે ત્યાં આવતા મહેમાનોમાં કોઇ પુરુષ તેની સાથે કાંઇક હસી મજાકમાં વાત કરતો તો મારું મોં સખત બની જતું અને શીલાને શિકારી બાજની માફક હું નિહાળતો.

પહેલાં તો શીલા મારા આ સ્વભાવ ઉપર ખૂબ હસતી. તે એમ માનતી કે હું મજાક કરું છું. પણ પછી એ સમજી ગઇ, અને પરિણામે ધીમે ધીમે તે મારાથી દૂર થતી ચાલી. હું તેને પૂરી સમજી ન શકતો, કેમકે તે હજુ યે એટલી જ માયાળુ હતી. ફક્ત તેનું અંતર બળતું હતું. લાગતું હતું, તે મારાથી ઘણી દૂર છે. પછી તો મને એમ લાગવા માંડયું કે તે મને ચાહતી પણ નહોતી. તેનો સ્નેહ જાણે થીજી ગયો હતો. જોકે હું જ તેમાં કારણભૂત હતો.

પછીની વાત જાણે કે મારા નિર્બળ હૃદયને વધુ નિર્બળ બનાવી ગઇ. એને માટે હું રાહ જ જોતો હતો!

આ મારા જીવનમાં તુષાર આવ્યો. એની પાસે બધું જ હતું: મારી પાસે નહોતું તે બધું તેની પાસે હતું. દિમાગ હતો, આકર્ષક મીઠી ભાષા હતી, તે દેખાવડો હતો, એટલું જ નહિ પણ પ્રતિભાયુક્ત ને ગમી જાય તેવો યુવાન હતો. તેને મેં જોયો; મને લાગ્યું કે શીલાને જોઇએ તે બધું એનામાં ભારોભાર ભર્યું છે...!

શીલાએ જાણે કે પોતાના હૃદય સાથે ઘર્ષણ આદર્યું. હું જાણું છું કે તેણે ખૂબ મંથન ભોગવ્યું. પણ તેને મેં મદદ ન કરી, હું ન કરી શક્યો. હું મારી વહેમી અને ઉદાસ મનોવૃત્તિમાં ડૂબ્યો જ રહ્યો. હું મારા મનમાં નરકની યાતના ભોગવતો હતો, છતાં તેમાંથી બચવા હું કાંઈ ન કરી શક્યો. તેને મદદ કરવી તો બાજુએ રહી, પણ ઊલટું મેં વાતને વસમી બનાવી.

અને એક દિવસે મેં સભ્યતા અને સંયમના ઘોડા છુટ્ટા મૂકી દીધા. મેં તેને ગાળો દીધી. તેની ઉપર તુષારના સંબંધનું આળ મૂક્યું. મારી પશુતાએ હદ છોડી... હું ઈર્ષ્યાના અગ્નિમાં જલીને પાગલ થઈ ગયો હતો. જ્યારે હું તેને ભાંડતો હતો ત્યારે પણ જાણતો હતો કે મેં તેની ઉપર આળ મૂક્યું તે નિશંક ખોટું છે, ખોટું છે, ખોટું છે! છતાં મારી ઈર્ષ્યાનું પરિબળ તેના ઉપર આળ મૂકવામાં મને પાશવી આનંદ આપતું હતું:

મને યાદ છે, શીલા આ હલ્લા સામે કેવી ડઘાઈ ગઈ, કેટલી મૂંઝાઈ ગઈ. હું તેને સહનશીલતાને છેક આરે લાવી ચૂક્યો હતો. તેણે પણ એવું જ કાંઇક કહ્યું: 'આ હવે ચાલી શકે નહિ...'

રાત્રે જ્યારે હું ઘરે આવ્યો ત્યારે ઘર ખાલી હતું, ટેબલ ઉપર ચિઠ્ઠી પડી હતી... જે રીતે રાખી જવામાં આવે છે તે રીતે. તેમાં તેણે લખ્યું હતું કે 'તે મને કાયમને માટે છોડી જાય છે. તે એકાદ દિવસ 'બૈજનાથ'માં રહેશે ને ત્યાંથી...? ...ત્યાંથી તે તેની પાસે જવાની હતી જે તેને ચાહતો હતો! જેને તેની જરૂર હતી. મારે આ વાતને છેવટની ગણવી.'

હું કહીશ કે આ મેં નહોતું વાંચ્યું ત્યાં સુધી મારા વહેમને મેં કદી સાચો નહોતો માન્યો; પણ આ લેખિત કબૂલાતથી તો મારા મનમાં ઊંડે ઊંડે જે જરાક એમ હતું કે કદાચ, કદાચ આ સંબંધ સાચો હોય તે સાચું પડતું હતું. એ ચિઠ્ઠીએ મારા મનમાં સૂતેલા પુરુષને જગાડ્યો. હું પાગલ બની ગયો. હું તુરત મોટર લઇ જાય તેટલો જલદી 'બૈજનાથ' પહોંચ્યો.

તેણે હજુ બહાર પહેરવાનાં કપડાં હમણાં જ બદલ્યાં હતાં. હું ઓરડામાં પહોંચ્યો ત્યારે મેં તેના સુંદર મુખ ઉપર ભય, આશ્ચર્ય અને ગભરાટનાં ચિહ્નો જોયાં. જઇને લાગલા જ મેં કહ્યું: 'મારા સિવાય તને કદી કોઇ મેળવી શકવાનું નથી, મેળવી શકશે જ નહિ!'

મેં મારા બન્ને હાથ વડે તેનું ગળું પકડયું, તેને નીચે પછાડી ગળા ઉપર ભીંસ દીધી. તે પલકમાત્રની મહેમાન હતી.

અને અચાનક મારી નજર બાજુના ઓરડાના અરીસામાં પડતા પ્રતિબિંબ ઉપર પડી. શીલા ગૂંગળાતી હતી અને હું તેને ભીંસતો હતો... અને મારા ગાલની બાજુમાં મોટો ચીરો દેખાતો હતો! મને લડાઇમાં જમણા કાન નીચે અછરતી ગોળી વાગી તેનો એ ચીરો હતો!

ના, હું તેને મારી ન શક્યો. તે પ્રતિબિંબે જૂની વાત મારી સામે રજૂ કરી દીધી. તે દિવસે ટાઈ બાંધતાં મેં અરીસામાં આવું જ પ્રતિબિંબ જોયું હતું ને? મારા હાથ ઢીલા પડી ગયા. તે મારા હાથમાંથી છૂટી ગઈ...

હું રડી પડયો, પોકેપોક મૂકી રોયો. તે મને વહાલથી પંપાળવા લાગી—હા, વહાલથી...

મેં તેને બધી વાત કરી ત્યારે તેણે ખુલાસો કર્યો કે 'જેને તેની જરૂર હતી, જે તેને ચાહતો હતો તે બીજો કોઈ નહિ પણ તેનો માંદો ભાઈ અનિલ જે પંચગનીમાં સારવાર લઇ રહ્યો હતો તે; અને તે તેની જ પાસે જવાની હતી.' તે રાત્રે અમે બંને અમારાં હૃદયની ભીતર જોઈ શક્યાં અને હું નથી ધારતો કે ત્યાર પછી કદી યે... હા, કદી યે અમે એકબીજાથી અળગાં થઈ શક્યાં હોઇએ.

હું એ વિચારી શકતો નથી કે મારા હાલ કેવા થાત! જો માત્ર ઈશ્વરની દયા ન હોત અને તે અરીસામાં તે વખતે શીલાનું ગળું ભીંસતાં મેં પ્રતિબિંબ ન જોયું હોત!-તો હું ખૂન કરત; હું શીલાનો ખૂની...

હા, ખૂન જરૂર થયું તે રાત્રે; તે પણ એક સ્ત્રીનું; જે મારા હૃદય અને મનનો કબજો મેળવી બેઠી હતી તે ઈર્ષ્યાનું!

પણ હજુ યે આશ્ચર્ય થાય છે કે જો મેં શરૂઆતમાં ભૂલ ન કરી હોત તો? અરીસામાં તે વખતે જોવાએલા પ્રતિબિંબમાં ડાબા ગાલે ચીરો હતો, તો જેનું તે પ્રતિબિંબ હોય તેને તો જમણે ગાલે ચીરો હોવો જોઇએ ને? જ્યારે મહેન્દ્રને તો ડાબે ગાલે ચીરો હતો! પ્રતિબિંબમાં દેખાતા ડાબા ગાલને મેં વાસ્તવિક ડાબા ગાલનો ચીરો ગણી એ કારણે મહેન્દ્રને કેવો હલકો પાડયો? હું શું ચોક્કસ હતો કે તે દિવસે આછા ઉજાસમાં અરીસાના પ્રતિબિંબમાં મેં મહેન્દ્રને જ જોયો હતો? કદાચ ડાબા-જમણાની નાની ભૂલ હું પકડી શક્યો હોત. કદાચ તેથી મારે શીલાને કાંઈ તે વખતે ચેતવવાપણું ન રહેત! કદાચ એ મહેન્દ્રને પરણત! શું આ નાની ભૂલ મારી, શીલાની અને મહેન્દ્રની જિંદગી બદલવામાં કારણભૂત બની છે? કે પછી ભૂતકાળ ને ભવિષ્યકાળ બધું એક જ છે?

બબ્બે વરસ સુધી બરફ વચ્ચે ભીંસાઈ રહીને વેરાન બર્ફસ્તાન પર ઠંડી વીરતા દાખવી જનાર

ઉત્તર ધ્રુવની નવી કેડી આંકનાર મરજીવો સાહસસફરી ડિ લૉન્ગ

લેખક · પ્રો. રમણલાલ ચી. શાહ



ઓગણીસમા શતકના અંતભાગમાં અમેરિકાના નૌકાખાતામાં એક તેજસ્વી યુવાન ઑફિસર હતો: લેફ્ટેનન્ટ જ્યૉર્જ વૉશિગ્ટન ડિ લૉન્ગ. ધ્રુવપ્રદેશમાં એ જઇ આવ્યો હતો અને એનો એ રસિયો બની ગયો હતો. ધ્રુવપ્રદેશની કોઇ પણ વાત કે સમાચાર એની નજર બહાર જતાં નહિ. કોણ, ક્યારે, કઈ દિશામાંથી સાહસ કરી રહ્યું છે એની છેલ્લામાં છેલ્લી વિગતો એ જાણી લેતો. નાની ઉમરમાં જ એને 'પોલરીઝ'ની શોધમાં ભાગ લેવા નિમિત્તે ધ્રુવપ્રદેશમાં જવાની અમૂલ્ય તક મળી ગઇ, અને ત્યારથી બીજા સમર્થ સાહસિકોની જેમ એનામાં પણ ઉત્તર ધ્રુવ પર પહોંચી જવાના મનોરથો જાગ્યા હતા. પોતાના એ મનોરથો સિદ્ધ કરવા માટે ભૌગોલિક માહિતીનો એ ઝીણવટભર્યો અભ્યાસ કરી રહ્યો હતો. એણે પોતાના મનમાં એક વિચાર ક્યારનો યે નક્કી કરી રાખ્યો હતો કે જ્યારે બીજા સાહસિકો બૅફિન સમુદ્ર અને સ્મિથ સાઉન્ડ મારફતે ઉત્તર ધ્રુવ પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા છે, ત્યારે પોતે અમેરિકા અને રશિયાની વચ્ચે આવેલા બેરિંગ સમુદ્ર મારફત પ્રયાસ કરવો.

આ માર્ગ પસંદ કરવા પાછળ તેનો ચોક્કસ આશય હતો. બીજા સાહસિકો કરતાં ભિન્ન દિશા પસંદ કરવાથી ધ્રુવ પર પહોંચવામાં નિષ્ફળ જવાય તોપણ નવો પ્રદેશ શોધવાનું અને નવીનવી માહિતી એકઠી કરવાનું માનભર્યું કાર્ય તો જરૂર થઇ શકે. એક પંથ ઓર દો કાજ જેવો તો એ આશય હતો જ, પરંતુ એ ઉપરાંત બીજાં બે ભૌગોલિક કારણો પણ એને લાગતાં હતાં. એક તો એ સમયે એમ માનવામાં આવતું હતું કે બેરિંગ સમુદ્રની ઉત્તરે રૅંગલ નામનો વિશાળ પ્રદેશ આવેલો છે. આ પ્રદેશની પૂરી તપાસ હજુ થઈ નહોતી, પરંતુ સાહસિકો માનતા કે એ પ્રદેશ ઉત્તર તરફ ઘણે દૂર સુધી પથરાએલો હોવો જોઈએ. એટલે સમુદ્રની સફરને બદલે જમીનમાર્ગે રૅંગલને કિનારેકિનારે એની ઉત્તર હદ સુધી પહોંચતાં અને ત્યાંથી ધ્રુવ પર પહોંચી જતાં વાંધો નહિ આવે; અને બીજું એ કે આ સમુદ્રની સફરમાં બરફની મુશ્કેલી પણ ઓછી નડશે, કારણ કે જાપાન પાસેથી સમુદ્રમાં વહેતો ઉષ્ણ પ્રવાહ બેરિંગ સમુદ્ર તરફ અને એથી યે આગળ વહેતો હોવો જોઇએ, જેને લીધે એ તરફના ધ્રુવસમુદ્રમાં બરફ ઓછો હશે.

ડિ લૉન્ગની યોજના તો નવી અને સુંદર હતી, પરંતુ એવી યોજના માટે નાણાં આપનાર કોઇકની જરૂર હતી. એ સમયે અમેરિકાના વિખ્યાત અખબાર 'ન્યૂ યૉર્ક હેરલ્ડ ટ્રિબ્યૂન'નો માલિક જેમ્સ ગૉર્ડન બૅનેટ ધ્રુવપ્રદેશનાં સાહસોમાં ખૂબ રસ ધરાવતો હતો. એ શ્રીમંત હતો અને ડિ લૉન્ગનો ખાસ મિત્ર હતો. એની અને ડિ લૉન્ગની બંનેની ઈચ્છા તો જહાજ દ્વારા નહિ પણ બલૂન દ્વારા ઉત્તર ધ્રુવ પર પહોંચવાની હતી. એ માટે જરૂરી નાણાં આપવા બૅનેટ તૈયાર હતો. એ વખતે વિમાનની શોધ હજુ થઈ નહોતી, પણ ગૅસ ભરેલા બલૂન મારફત ઊડવાના પ્રયાસો ક્યાંક ક્યાંક થતા હતા. બલૂન દ્વારા ધ્રુવ પ્રદેશ તરફ જવાના પ્રયાસો પણ નોંધાયા હતા, પરંતુ તેમાં કંઈ સિદ્ધિ કે સફળતા મળી હોય એમ જણાયું નહોતું. કેટલાંક અનિવાર્ય કારણોને લીધે બલૂનની યોજના તેમને બંનેને પડતી મૂકવી પડી. એટલે પછી જહાજ દ્વારા સાહસનો વિચાર અમલમાં મૂકવાની તેમને ઈચ્છા થઈ. પરંતુ નવું જહાજ બનાવતાં કેટલોક સમય લાગે એમ હતો. એટલે કોઇ તૈયાર જહાજ ખરીદી લેવાનો તેમણે વિચાર કર્યો. એ વખતે સર ઍલન યંગ ધ્રુવપ્રદેશની સફર કરી પાછો ફર્યો હતો. એનું જહાજ 'પૅન્ડોરા' અત્યારે નવરું પડ્યું હતું. બૅનેટે એ જહાજ ખરીદી તેની મરામત અને રંગરોગાન કરાવ્યાં, અને એનું નામ રાખ્યું જીનેટ. નૌકાખાતા પાસે એને સુસજ્જ કરાવવામાં આવ્યું, ને જરૂરી સાધનસામગ્રી તથા ખાધાખોરાકી ભરી એ ડિ લૉન્ગને સોંપવામાં આવ્યું.

ડિ લૉન્ગની ટુકડીમાં લેફ્ટેનન્ટ ડેનન હોવર, લેફ્૦ ચીપ, મેલવિલ, ડનબાર, ડૉ. એમ્બ્લર, એક હવામાનશાસ્ત્રી, એક પ્રકૃતિવિશારદ અને બીજા ચોવીસ માણસોને લેવામાં આવ્યા હતા. ૧૮૭૯ના જુલાઈ મહિનાની શરૂઆતમાં જીનેટ પૅસિફિકમાં પડતા અમેરિકાના પશ્ચિમ કિનારે સાનફ્રાન્સિસ્કોથી ઊપડ્યું. રસ્તામાં સેન્ટ માઇકેલ્સ ખાતેથી કૂતરાઓ, બરફગાડીઓ, ચામડાનાં કપડાં વગેરે કેટલીક ચીજો લેવામાં આવી, અને ત્યાંથી ઊપડેલું જહાજ સીધું બેરિંગ સમુદ્રમાં દાખલ થઈ, બેરિંગ સામુદ્રધુની વટાવી ઉત્તર તરફ પંથ કાપવા લાગ્યું.

પરંતુ થોડા દિવસ પસાર થયા ત્યાં તો સમુદ્રમાં મોટા મોટા હિમખંડો આમથી તેમ ખસતા જણાયા. જેમજેમ તેઓ ઉત્તર તરફ આગળ જતા ગયા તેમ તેમ એનું પ્રમાણ વધતું જ ગયું. છતાં ડિ લૉન્ગને આશા હતી,–બલ્કે ખાતરી જ હતી કે જાપાનના ઉષ્ણપ્રવાહને લીધે આ બરફ ઝાઝો વખત ટકવાનો જ નથી, એટલે આગળ જવામાં કંઇ પણ જોખમ નથી. પોતાની આ ખાતરી સાથે એણે ભરચક બરફ વચ્ચે હિંમતપૂર્વક પોતાના જહાજને આગળ ને આગળ હંકાર્યે રાખ્યું. પણ એમ કરતાં થોડાક સમયમાં જ એનું જહાજ બરફમાં એવું તો સપડાઈ ગયું કે આસપાસનો બરફ ખોદીને પણ જહાજ મુક્ત કરી શકાય એવી પરિસ્થિતિ ન રહી.

કેટલાયે દિવસો પસાર થયા છતાં જહાજ બરફમાંથી મુક્ત થયું નહિ ત્યારે જ ડિ લૅાન્ગને ખાતરી થઈ કે જાપાનનો એ ફ્ષ્ણ પ્રવાહ ઉત્તર તરફ જતો નહિ હોય! વળી જે બરફમાં જહાજ સપડાઈ ગયું હતું તે હવે ધીમેધીમે ખસતો ખસતો સીધો ઉત્તર તરફ નહિ, પણ રશિયાની ઉત્તરે વાયવ્ય દિશા તરફ જઈ રહ્યો હતો. એની સાથેસાથે જહાજ પણ ખસવા લાગ્યું અને કેટલેક દિવસે તે રેંગલના પ્રદેશ આગળથી પસાર થયું. અહીં તેમને બીજી ખાતરી થઈ કે રેંગલનો પ્રદેશ ઠેઠ ધ્રુવ સુધી પથરાએલો નથી, પણ માત્ર નાનોસરખો ટાપુ જ છે. આમ, જે બે ભૌગોલિક કારણો પર ડિ લૅાન્ગે આ સાહસ ખેડ્યું હતું તે સાચી હકીકતો નહિ, પણ માત્ર ભ્રમ જ હતો એની એને પ્રતીતિ થઇ.

દિવસે દિવસે 'જીનેટ' બરફમાં નીચે ને નીચે ગરકતું જતું હતું. એટલે, રખેને નીચેનો બરફ એકાએક તૂટી પડે તો આસપાસના બરફના દબાણને લીધે જહાજ સમુદ્રમાં ડૂબી જાય એવો ભય ઊભો થવાથી જહાજ 'ટેગેથોફ'નાં માણસોની જેમ ડિ લૅાન્ગ અને એના સાથીદારો પણ ગમે તે ઘડીએ જહાજ છોડવાની તૈયારીમાં હતા. એકાએક જહાજ ડૂબવા લાગે તો કઈ કઈ વસ્તુઓ લઇ જહાજમાંથી ઊતરી પડવું એ પણ તેમણે નક્કી કરી લીધું અને એવી વસ્તુઓને અલાયદી રાખી તેઓ તૈયાર થઈને બેસી ગયા. આવા ભયજનક સંજોગોમાં પણ ડિ લૅાંગ ખૂબ ગમ્મત કરતો, હસતો અને સાથીદારો સાથે રમતગમતો રમી વાતાવરણને હળવું બનાવી દેતો. 'જીનેટ' સમુદ્રમાં ડૂબી જાય અને પોતાને નિર્જન પ્રદેશમાં બરફમાં રહેવું પડે તો તેથી થઈ શું ગયું, એવી બેતમાથી તેઓ રહેતા હતા.

ઉનાળાના અનુકૂળ દિવસો પૂરા થયા ને શિયાળો આવી પહોંચ્યો, પણ જહાજ હજુ બરફમાં એની એ જ સ્થિતિમાં હતું. માત્ર બરફની સાથે ધીમેધીમે રશિયાના ઉત્તર કિનારા તરફ ખસતું હતું. આમ ને આમ તેમણે જહાજમાં જ શિયાળાની રાત્રિ પસાર કરી. શિયાળો પૂરો થયો અને વસંત ઋતુ શરૂ થઇ એટલે બરફગાડીઓ સાથે આસપાસના પ્રદેશનો કેટલોક પ્રવાસ કરી આવવાની, અને ઉનાળામાં જહાજ બરફમાંથી મુક્ત થાય ત્યારે આગળની સફર ચાલુ કરવાની તેમણે યોજનાઓ ઘડી. પરંતુ તેમની આ બંને યોજના નિષ્ફળ નીવડી, કારણ કે જે બરફમાં તેઓ પ્રવાસ કરવા ઈચ્છતા હતા એ બરફ ક્યાંક કઠણ અને ક્યાંક તૂટી પડે એવો પોચો અને વિચિત્ર હોવાને લીધે પ્રવાસનો વિચાર તેમને પડતો મૂકવો પડ્યો. પરિણામે શિયાળો જહાજમાં પસાર કર્યા પછી વસંતઋતુ પણ તેમને જહાજમાં જ આંટા મારીને પસાર કરવી પડી. પછી ઉનાળો આવતાં સમુદ્રમાં આસપાસ કેટલોક બરફ ઓગળ્યો ખરો અને માર્ગ મોકળો પણ બન્યો, પરંતુ જે બરફમાં તેમનું જહાજ વિચિત્ર રીતે ફસાઈ ગયું હતું એ તો લેશમાત્ર ન ઓગળ્યો કે ન ખસ્યો. પરિણામે બીજો શિયાળો પણ એવા ને એવા જ ભયજનક સંજોગોમાં પસાર કરવાનું તેમને માથે આવી પડ્યું. આસપાસના પ્રદેશ વિના અને બીજી ખાસ મહત્ત્વની કોઇ પ્રવૃત્તિ વિના એક વરસ કરતાં યે વધારે સમય તેમને જહાજમાં આમ પસાર કરવો પડ્યો એથી કંટાળો તો એવો આવવા લાગ્યો કે જાણે જનમટીપની સજા ન ભોગવતા હોય!

એક બાજુ જહાજ ડૂબવાનો સતત ભય તો હતો જ, તેમાં હવે બીજી બાજુ ખોરાકની તંગીનો ભય પ્રવર્તવા લાગ્યો હતો. દિવસે દિવસે કૉલસા ઓછા ને ઓછા થતા જતા હતા ને ખોરાક ખૂટતો જતો હતો. દુનિયાથી તદ્દન બહાર ફેંકાઈ ગયા હોય તેમ આ બત્રીસ માણસો પોતાના જહાજની સાથે કોઈ અગમ્ય અકલ્પ્ય ભાવિ તરફ ઘસડાઈ રહ્યા હતા. પોતે ક્યાં જઇ રહ્યા છે એની એમને ખબર નહોતી, તેમ ભવિષ્યમાં શું થવાનું છે એની કલ્પના પણ નહોતી. હવે તો જહાજ જ્યાં લઈ જાય ત્યાં જવાનું હતું ને ડૂબી જાય તો પાછા ફરવાનું હતું.

અને એ જહાજ પણ કેટલી મંદ ગતિથી ખસતું હતું! વીસ મહિના પૂરા થવા આવ્યા ત્યારે મૂળ જગ્યાએથી ૩૨૦ માઈલ તે ખસ્યું હતું! આ રીતે બરફ વચ્ચે સપડાએલું જહાજ ખસતું ખસતું ૩૨૦ માઇલ દૂર જાય એ ઘટના ધ્રુવપ્રદેશથી અપરિચિત માણસો માટે નવાઇભરી લાગવાનો સંભવ છે. સાહસિકોને તો ખબર છે કે એવી રીતે સપડાએલાં જહાજ રોજના લગભગ ૨૫ માઇલની ઝડપે બરફ સાથે ઘસડાતાં ઘસડાતાં સેંકડો માઈલ દૂર પહોંચી જતાં હોય છે. ક્યાં એવી ઝડપી ગતિવાળાં જહાજ અને ક્યાં રોજ અરધો માઇલ ખસનારું 'જીનેટ'? આવા સંજોગોમાં, કોઈપણ પ્રકારના ખાસ બનાવ વિના, એકસરખા એકવિધ કંટાળાજનક ૬૦૦ કરતાં યે વધારે દિવસ એક જ જહાજની અંદર, સતત ભયજનક પરિસ્થિતિમાં પસાર કરવા એ કંઈ સહેલી વાત નહોતી.

વાયવ્ય દિશા તરફ ઘસડાતું જહાજ હવે રશિયાના ઉત્તર કિનારાથી બહુ દૂર નહોતું. એક દિવસ, ૧૮૮૧ના મે મહિનાની ૧૬મીએ દૂર ક્ષિતિજ પર તેમને જમીનનો કિનારો દેખાયો અને લાગલા જ તેઓ આનંદની ચીસ પાડી ઊઠ્યા: 'જમીન! જમીન!' જહાજ તો એ બાજુ જાય ત્યારે જાય, પણ તેઓ તો તાબડતોબ બરફગાડી લઇને ત્યાં જવા નીકળી પડ્યા. તેમણે ધારેલું કે એ પ્રદેશ રશિયાની ઉત્તરે આવેલો 'ફ્રાન્ઝ જોસેફ લૅન્ડ' હશે. પણ ત્યાં પહોંચીને પોતાના નકશા સાથે સરખામણી કરી ત્યારે તેમણે જાણ્યું કે એ તો બીજો જ કોઈ તદ્દન નાનો ટાપુ હતો, જ્યાં નહોતી કંઇ વસતિ, નહોતી કંઈ વનસ્પતિ કે નહોતાં કંઇ પશુપક્ષી! સમુદ્રમાં માત્ર ટાપુના નામને પાત્ર કહી શકાય એવો નિર્જન, નિર્જીવ એ ટાપુ હતો. પણ લગભગ પોણા બે વર્ષ પછી જોવા મળેલો જમીનનો એ ટુકડો એમને સ્વર્ગ જેવો લાગતો હતો. આ ટાપુ તેમને કોઇપણ રીતે કશા જ ઉપયોગમાં આવે તેમ નહોતો, તેમ છતાં તેનું આકર્ષણ ઓછું નહોતું. પોતાના પ્યારા જહાજના નામ પરથી તેમણે એ ટાપુને 'જીનેટ' નામ આપ્યું.

બીજી બાજુ તેમનું જહાજ તો ધીમે ધીમે આગળ ખસતું જ હતું એટલે જહાજ છોડીને આવા ટાપુ પર રોકાવાનું કંઈ શક્ય નહોતું. જહાજ તેમને છોડી દે તો ભલે, પણ તેમનાથી જહાજ છોડી શકાય એમ હતું નહિ; એટલે તેઓ જહાજમાં પાછા ચડી ગયા. થોડાક વધુ દિવસો પસાર થયા અને એવો જ બીજો એક નાનકડો ટાપુ આવ્યો. રશિયાના લ્યાખોવ ટાપુઓના જૂથમાંનો સૌથી ઉત્તર તરફનો એ ટાપુ હતો. મેલવિલ કૂતરા-ગાડી લઈ કેટલાક સાથીદારો સાથે એ ટાપુ પર જઈ આવ્યો. એનું નામ રાખવામાં આવ્યું હેત્રીએટા. અહીં તેઓ વધારે રોકાયા નહિ, કારણ કે ઉનાળો શરૂ થવા આવ્યો હતો એટલે જહાજ ગમે ત્યારે બરફમાંથી મુક્ત થવાનો સંભવ હતો.

મે મહિનો પૂરો થયો અને જૂન બેઠો. છતાં કંઈ પણ આશાજનક સ્થિતિ લાગતી નહોતી. અમેરિકાથી નીકળ્યે તેમને બે વર્ષ પૂરાં થયાં હતાં છતાં ભૌગોલિક કે વૈજ્ઞાનિક દૃષ્ટિએ તેમણે કશી જ સિદ્ધિ મેળવી નહોતી.

થોડા દિવસ પસાર થયા, અને બે વર્ષથી જે આપત્તિની રાહ તેઓ હર પળે જોતા હતા તે આવી પડી. બરફની ભીંસને લીધે જહાજના તળિયામાં ગાબડાં પડ્યાં. એથી સમુદ્રનું પાણી જહાજમાં ભરાવા લાગ્યું. આસપાસથી પણ બરફની ભીંસ એવી વધી હતી કે જહાજ હવે ડૂબી જશે એ વિષે કોઇને શંકા રહી નહિ. અંતે ૧૧મી જૂને જહાજમાં એટલું બધું પાણી ભરાઈ ગયું કે હવે તો તે છોડવું જ પડે તેમ હતું. સવારથી જ શક્ય તેટલો સામાન તેમણે બરફ પર (અનુ. પૃષ્ઠ ૨૪૮)

ચન્દ્રવદન મહેતાની યુરોપની રંગ-ગઠરિયાં

સાતમો હપતો

જર્મન નાટકો અને નૃત્યો · ટ્રાન્સ યુરોપીઅન એકસ્પ્રેસ · હાઇડિલબર્ગ

તમે કહેશો કે આ શો ફંદો માંડચો છે? નટ નાટક, ને નાટકશાળા એમાં આ…?

જી; ભોજન કરી પરવારી, વેસ્ટ જર્મનીના ભારતમાંના કૉન્સ્યુલેટના એક અધિકારી ડૉ. ધુરફુલની મહેરબાનીથી આજે કોલોનમાં નવા બંધાએલા થીએટરમાં નાટક જોવા જવાનો હતો. નવી જ ઢબનું આ થીએટર. ગૅલેરીને બદલે એકાદા ઈન્દ્રના ઐરાવતની સાતને બદલે સિત્તેર સૂંઢ જાણે તરી આવતી ન હોય એવી સુંઢાળ ગૅલેરીઓ વાળું. જાણે હમણાં એમાં બેઠેલા આપણા ઉપર ટપકી પડશે એમ લાગ્યા કરે એવી, પાછલી ભીંતમાંથી નીચાણ પર બહાર લટકતી જીભડીઓ જેવી એ ગૅલૅરીઓ! (ગયા અંકમાં ચિત્ર આવી ગયું) એનો પાકો ખયાલ એ જોયા વિના નહિ આવે.

આ નાટકશાળા બંધાઈ ત્યારે કાંઇ નવી જાતની બાંધણી અમલમાં આવી એવી વાયકા ચાલી રહી હતી. પણ આ લખું છું ત્યારે એને ટપી જાય એવી અવનવીન બાંધણીની બીજી નાટકશાળાઓ બંધાવી શરૂ થઈ ગઈ છે. ને આ તો વળી મ્યુનિસિપાલિટીનું થીએટર. સાહસિકો તો એનાથી પણ જુદી ભાતનાં બાંધવા મંડી પડચા છે. આ રચનામાં ઍકાઉસ્ટિકનો કોયડો પણ એ લોકોએ ઉકેલી નાખ્યો છે. આની ગોઠવણી કંઈ જેમતેમ નથી. વિસ્ફારિત થતાં અવાજનાં મોજાંની ગતિમાં કયાંય ખલેલ ન પડે, એવી ઐન્દ્રજાલિક એ રચના છે.

નાટક કોનું હતું, એ જાણવું છે? ફ્રેન્ચ લેખક ઝયાં સાર્ત્રનું. કિયું? હા, અંગ્રેજીમાં 'ઈન કૅમેરા' યા 'વીશીઅસ સર્કલ'. 'હ્યુઈ કલોસ' એટલેકે કોરટમાં રજા હોય ત્યારે રજાના ગાળામાં ગમે તે માથાબંધી કરો. પણ નાટકમાં જે છે તેનું યથાર્થ સૂચન તો નહિ જ થઇ શકે.

ત્રણ જણનું જ છે એ નાટક, બે બાઈઓ અને એક પુરુષ. ત્રણે નર્કમાં ધકેલાયાં છે. એક ઓરડામાં ગોંધાયાં છે જ્યાં ભૂખતરસ, તાપતડકો, ટાઢઠંડી કંઇ જ લાગેવાગે નહિ; જ્યાં મરણ નહિ, રાત નહિ, દિવસ નહિ; જે છે તેમનું તેમ; યમદૂતના ત્યાં અત્યાચાર પણ નહિ; કોરડાના માર, ધગધગતા તેલના પેણા, ઝેરી નાગ અજગરોની ચૂડ, બળતી ભઠ્ઠીના તાપ, રૌરૌનર્કની વાતો જેવું અહીં કંઈ નહિ. પણ ત્રણ ત્યાં એકઠાં થતાં જે જામી પડચાં છે તે, સૌસૌની આંતરવૃત્તિઓની ભઠ્ઠી જે ભડભડી ઊઠે છે તે, મનમાંનાં વેરઝેર, ઈર્ષ્યાઅદેખાઇ, સ્વાર્થક્રોધ વગેરે આપોઆપ આ ત્રણ જ જણાની દુનિયામાં જે તડતડી ઊઠે છે તે વાંચ્યા પછી—અને જોયા પછી તો જરૂર, દિવસોના દિવસો સુધી આપણા મનમાં નર્ક ઊભું થઈ જાય છે, અને મનમાં દહેશત લાગવી શરૂ થાય છે… અરે રામ! આ કિસ્સો કયાં આપણે યાદ કર્યો!

એનો અંગ્રેજી અનુવાદ મેં ૧૯૫૮માં વાંચ્યો હતો, એટલે નાટક સમજાયું; અભિનય જોવાની મજા આવી; અને પછી રસ્તામાં વિચારવમળે ચડતાં એનું ગુજરાતી રૂપાંતર 'કરોળિયાનું જાળું' એ નામનું કરી પણ રાખ્યું. પણ એવાં નાટકો આપણે ત્યાં ભજવે કોણ? ને છાપનારા તો વળી હોય જ કોણ? અહીં એને ભજવનારી નારીઓ હતી મેરીઆ વીમર અને મેરીઆ નિકલિશ, અને પુરુષ પીટર લુડર. વીમર તીખી બાઈ, મોઢું પણ તીખું; નિકલિશ ભલી, મુલાયમ; અને પીટર ભાઈ બાંકેલાલ જેવા. નહિ માનો, મેં એકબે જણને એ વાત કરી ત્યારે તેમણે ન માન્યું એટલે લખું છું. હા, એક જણાએ માન્યું પણ હતું, પણ તમે કદાચ નહિ માનો. પણ નાટક પુરું થયું એટલે બાજુના રેસ્ટોરાંમાં ગરમાગરમ કૉફી પીધા પછી પણ પાપી જીવડો અંતરમાં ખદબદ્યા કરે, ચેન જ ન પડે, એટલે બહાર નીકળી સીધો કોલોન કૅથેડ્રલના વિશાળ પગથિયા ઉપર જઈ બેઠો. ચાંદની હતી છતાં ત્યાં બહુ જણાં નહોતાં. થોડી વારમાં એક પુરુષ અને સ્ત્રી ત્યાં આવી દેવળનાં બંધ બારણાં આગળ ઊભાં રહ્યાં. પ્રાર્થના કરી હોય એમ મને લાગ્યું, અને મારી બહુ નજીક નહિ તોયે નજર પડે એમ અનાયાસ જ બેઠાં. દસેક મિનિટ સુધી તો કોઈ બોલ્યું નહિ, પણ જ્યારે એ બેએ ધીમેધીમે વાત શરૂ કરી ત્યારે, ભાષા તો નહોતી સમજાતી પણ અવાજ ઓળખાતો હોય એમ લાગ્યું. હું ઊભો થયો, જરા વધારે નિકટ ગયો અને પછી તો તરત ખાતરી થતાં, હાથ લંબાવી બંનેને અંગ્રેજીમાં અભિનંદન આપ્યાં.

'તમે શા ઉપરથી પારખી શકચા? જર્મન આવડે છે?'

'ના જી, પણ અવાજ પારખતાં આવડે છે. અરધા-પોણા કલાક પર જ જે અવાજ બે કલાક સુધી સાંભળ્યો હોય તે કેમ ભૂલાય?'

'તો તમે નાટકમાં હતા?'

'હા જી'.

'અહીં કેમ આવ્યા?'

'તમારે કર્મે—કથળાવી મૂકેલા મનને શાંત કરવા.'

નારી તે તીખી મેરિયા વીમર, અને ભાઇ હતા કોઈ બીજા એના મિત્ર. મેરિયા કહે, 'નાટક ખરે જ ખળભળાવી મૂકે એવું છે. શું કરીએ? હું પણ, મારો પાઠ કર્યા પછી અહીં કે જ્યાં હોઉં છું ત્યાં, દેવળમાં પ્રાર્થના કરવા જાઉં છું. તમારું મન આટલું ક્ષુબ્ધ થયું તો અમે ભજવનારાઓનું શું થતું હશે?'

પછી સ્વચ્છ અંગ્રેજીમાં સાર્ત્ર અને એના જેવા બીજા જર્મન નાટકકારો વિષે ચર્ચા કરી. પાછી ગરમાગરમ કૉફી પી, સૌસૌને ઠામ આરામ લેવા ઊપડચા… મેરિયા વીમર તખ્તા ઉપર જેટલી તીખી લાગતી હતી એથી બહાર તદ્દન જુદી: મળતાવડી ભલી ને નિખાલસ સન્નારી લાગી.

જર્મન રંગભૂમિના ઉદ્ભવની કથા લગભગ આપણી ગુજરાતી રંગભૂમિના વિકાસની કથા જેવી છે. ડુંગરે ડુંગરે આપણે કિલ્લા જોયા. કિલ્લા એટલા કિલ્લેદારો, એના ઠાકોરો. એ દરેક ઠાકોરે પોતાનું મનરંજન કરવા પોતાને માટે નાનીમોટી નાટકશાળાઓ બંધાવી હતી. કોઇકે પોતાના રાજમહેલમાં તો કોઇકે રાણીવાસની બહાર. અને એમાં નાટકો કરનારી ટોળીઓ વચ્ચે ઠીક પ્રમાણમાં હરીફાઇ થતી. પણ એ બધાંમાંથી દળાઈ ચળાઇને નાટકશાળાને ગૌરવ આપ્યું તે લેસિંગ, શિલર અને ગટેએ. ત્યાર બાદ જર્મન રંગભૂમિ ઉપર સૈંકડો નહિ પણ હજારો વખત શેક્સપીઅરની અને મોલિયેરની કૃતિઓ ભજવાઈ હશે, આજે ભજવાય છે. કોકૃતો, કોપિયોથી માંડી ફ્રાન્સના સાર્ત્રે, અનુઈ જેવા લેખકોની કૃતિઓ ભજવાતી રહે છે. જર્મની પોતાનો અવનવો નક્કર માલ બીજા દેશમાં ખપાવે છે એવો કસબ અને હુન્નર એની પ્રજામાં છે; પણ તે પ્રજા વગર સંકોચે થૉર્ન્ટન વાઇલ્ડર, ટેનેસી વિલિયમ્સ, ઓ'નીલ, આર્થર મિલર, સ્ટ્રાઇન્ડબર્ગ, ઈબસન, ઇલિઅટ, શા, યીટ્સ, ચેકૉવ, ગૉર્કી વગેરેની કૃતિઓને એટલી જ હોંશથી ભજવે છે. યુરોપ આખામાં નાટકની સૃષ્ટિમાં ઓછામાં ઓછું મારું તારું છે એ વાત નિઃસંશય.

જર્મની પાસે ભલે નાટકકારો નથી, પણ નાટક રજૂ કરવાની કલા સાધનારા ઘણા જાણકારો પાક્યા છે; અને તે એકેકથી ચડિયાતા. એનું પ્રમાણ પણ ઈંગ્લંડ-ફ્રાન્સ કરતાં ઓછું હશે, પરંતુ નાટક રજૂ કરવાને વિવિધ અને અદ્યતન પ્રકારની—અદ્‌ભુત કહી શકીએ એવી નાટકશાળાઓ બાંધનારાઓની તો ત્યાં પરંપરા પાકી છે. નાટક નથી તો નાટકશાળા બાંધીએ. એ પણ સર્જનાત્મક પ્રવૃત્તિ છે; કારણ એમની એવી માન્યતા છે કે નાટકશાળાઓ હશે, તો ત્યાં નાટકો તો જરૂર ભજવાશે, અને નાટકો ભજવાતાં રહેશે તો જરૂર નવાં નાટકોના લેખકો પણ આપોઆપ ઊભા થશે. બાડ, વેબર, વૉકર, ગ્રૉસ અને પ્રો. ઉનરોએ સો ઉપરાંત થીએટરો ખડાં કરી દીધાં છે. એની ભાતભાતની બાંધણી, એની આસપાસની જગ્યા, લોકોને ત્યાં સહેલાઈથી પહોંચવાની સગવડ, પાસે ગાડીઓ રાખવાની જગ્યા, અંદરની સગવડભરી બેઠકો, બેઠા પછી તરત જ નાટક જોવાની ઉત્કંઠા પેદા કરે એવું વાતાવરણ, અંક પૂરો થતાં સ્વચ્છ ખાવાપીવાનું મેળવવાની ગોઠવણ, જોવા આવનારા લોકોને સરળતાથી ફરવાની-મળવાની જગ્યા, અને તે ઉપરાંત નાટકશાળામાં જ્યાં નાટક ભજવાય તે જગ્યા વિષે પણ ઝીણામાં ઝીણી વિગતોનો અભ્યાસ કરી પૂરી પાડવામાં આવેલી અનેક સાધન-સામગ્રી: દીવાબત્તી, પરદા, સંચાદોરી દશ્યોમાં યોજવામાં આવતા ફેરફાર—બધું ઝપાટાબંધ, ધાંધલ ધરપચ વિના, ઘોંઘાટ કે ગરબડ વગર થઇ જાય એવી યુક્તિઓ...થીએટરની બાંધણીની બાબતમાં તો જે જાય છે અને જુએ છે એને કહેવું જ પડે છે કે ધન્ય છે, આ બાંધકામના કરનારા—વિચારનારાઓને ધન્ય છે!

ડ્યુસલડૉર્ફથી એક આંટો એની પૂર્વમાં આવેલા કાસલ શહેરમાં મારી આવ્યો, ત્યાંનું તદ્દન નવી બાંધણીનું થીએટર જોવા જ. સાદું, સગવડવાળું. પણ સ્વચ્છ. એમાંની પ્રકાશની અજોડ વ્યવસ્થા ધ્યાન ખેંચે એવી હતી. બહારથી ઘાટ વળી ઓર તરેહનો દેખાતો હતો. કિલ્લાના ઘાટનો, યા મોટી ટાંકીના ઘાટનો; પણ અંદર દાખલ થતાં 'ઓહો' થઇ જાય એમાં નવાઈ નહિ.

નૃત્ય આપણો વિષય નથી, છતાં એકબે બાબત વિષે ઇશારો કરીએ. અહીંથી ફિનલૅન્ડ જઇ હરીફરી પાછા ફરતાં પારીસના ઇન્ટરનૅશનલ શોમાં નવા અમેરિકન બાલે માટે લખવાનું તો રહેજ છે, એટલે નૃત્યને તદ્દન છોડી તો નહિ જ શકીએ. ઓગણીસમી સદીમાં યુરોપમાં બાલે નૃત્યે ઊંચામાં ઊંચી પતાકા ફરકાવી અને એનો ડંકો ચારે કોર ગાજી રહ્યો. શાસ્ત્રીય પ્રકારનું, નિયમ-ઘાટને ચિવટાઇથી વળગી રહેનારું એ નૃત્ય. ચોમેર એની નિશાળો ચાલતી; ત્યાં અભ્યાસ કરતી વખતે કડકમાં કડક શિસ્તપાલન કરવામાં આવતું; અને હાડકાંપાંસળાંને મુલાયમ બનાવવા ઘણી કપરી તાલીમ આપવામાં આવતી. વર્ષોની સાધના બાદ અસંખ્ય બાલે નર્તકીઓમાંથી એકાદ સુરમ્ય, સશક્ત, સુરેખ, મનોહર ચંચળચપલ બાલેરિના નીવડી આવતી. એમાં જગમશહૂર એક અને અનન્ય પાવલોવા વિષે આપણે 'બાંધ ગઠરિયાં'ના પહેલા ભાગોમાં ઘણું જોઈજાણી ગયા છીએ. એના જમાનામાં જ બીજાં પણ નવી ઢબને વિકસાવવા, રૂઢ નિયમોને ન અનુસરતાં નવી સ્વયંભૂ પ્રેરણાને અનુલક્ષી નૃત્ય કરનારાંઓ વિચારમંથન કરી રહ્યાં હતાં. એમાં ૧૯૦૪માં ઇસાડોરા ડંકને અમેરિકાથી બર્લિનમાં આવી વસી, ત્યાં પોતાની શક્તિથી અવનવાં નૃત્યસર્જનો કરવા શાળા સ્થાપી. એની પછી એક સ્વિસ વતની ડલક્રે.સે નવાં સંશોધનો કરી પ્રગતિ સાધી; અને મેરી વિગમેને જર્મનીમાં આ નવી પ્રણાલિકાનાં ઊંડાં મૂળ નાખ્યાં. ક્લાસિકલ અને રોમાન્ટિક, પ્રાચીન અને અર્વાચીન, જે થતું આવ્યું છે તે, અને જે થઈ રહ્યું છે તેમાં નવીનતા, એનો સંવાદ-વિસંવાદ, વાદવિવાદ ચાલ્યા જ કર્યો છે, ચાલ્યા જ કરશે. આવાં ગાદ-એ સૂત્ર આપણને હેલસિન્કીમાં યુવાન યુનેસ્કો સમજાવશે. પણ એનાં નવીન પ્રમાણો પણ આવતી કાલે જુનવાણી થશે, અને પરમ દિવસે જુવાન નિશાળિયાઓ નવા નિશાનડંકા વગાડશે. જર્મનીમાં બાલે નૃત્યમાં પ્રગતિ કરનારાઓને બબ્બે લડાઈમાં ભારે ખમવું પડ્યું, છતાં ૧૯૪૫-૪૭ પછી નૃત્ય કરનારાઓએ પોતાનાં ઊર્મિ-સંવેદનોને વ્યક્ત કરવા ઝુંબેશ ઉપાડી. નવા નર્તકો પાક્યા. સંગીતની ઝાંઝર ઠીક છે, નહિ તો એ જંજીર પણ નહિ જોઇએ, અમે કેવળ નૃત્ય દ્વારા અમારા ભાવને વ્યક્ત કરીશું, એવું કહેનારા—આચરનારા પણ પાક્યા. જે બે પ્રસંગે ડ્યુસલડૉર્ફમાં જ બાલે નૃત્યો જોયાં એમાં એ જ એકની એક વાત આગળ તરી આવતી લાગી, અને તે 'તાઝગી'. સુમેળ અંગમરોડ, વાંકવળાંકમાં સ્વસ્થતા, અને અનેરી તાઝગી. યૌવનના થનગનાટમાં, એના તરવરાટમાં, ક્ષણેક્ષણે, રૂંવેરૂંવે, નવી, ઊગતી, પુનર્જન્મ પામતી, જર્મન પ્રજાની તાઝગી; નીડર પ્રગલ્ભ તાઝગી, સ્વસ્થતાની તાઝગી, નવી પ્રજાના ઘડતરની તાઝગી.

ટી. ઈ. ઈ: એટલે 'ટ્રાન્સ યુરોપિયન એક્સપ્રેસ' રેલવે. રેલવેનો વિષય આવતાં હું કેટલો ચસ્કે ચડી જાઉં છું એ તો ઘણા જાણે છે; અને અહીં જર્મનીમાં રેલવેનો વહીવટ જોતાં આપણી અક્કલ કામ જ ન કરે એમ કહું તો અતિશયોક્તિ નહિ ગણાય. આપણામાં અક્કલ નથી એમ હું નથી કહેતો, ત્યાંની રેલવેમાં દસ વર્ષમાં જે પ્રગતિ થઇ છે તે જોઈ આટલી ટકોર કરવાનું મન થઇ આવે છે. ત્યાંના રેલવેના અધિકારીઓએ જે આંકડા છપાવ્યા છે એમાં એવી ગણતરી કરી બતાવી છે કે જર્મન રેલવે ઉપર અકસ્માત ભાગ્યે જ થાય છે. ૧૯૫૩માં એક પ્રાણઘાતક અકસ્માત થયો હતો, અને એ હિસાબે રોજના ૬૨૫ માઇલની મુસાફરી કરીએ (લગભગ ૯૦૦ કિલો) તો ૪૭૦૦ હજાર વર્ષ બાદ બીજો પ્રાણઘાતક અકસ્માત આપણને નડે! ગણિત મારું કાચું છે, એટલે આ હિસાબ સમજાવવામાં હું નથી પડતો; પરંતુ રેલવેના અધિકારીઓ વીમો ઉતરાવવાની બાબતમાં ઠંડું પાણી રેડે છે, એમ કહીને (છાતી ઠોકીને) કે અકસ્માત ત્યાં ભાગ્યે જ થાય છે! માણસની ભૂલથી તો નહિ જ; કુદરત કોપે, એટલે કે ધરતીકંપ થાય, વીજળી પડે એ જુદી વાત છે; પણ વધારે કલાક કામ કરવાથી સ્ટેશન માસ્તર ઊંઘી જ જાય, સાંધાવાળો બીજો જ પાટો ફેરવી ગાડીને ગુડ્ઝ યા બીજી ટ્રેન સાથે અફળાવી મારે, પુલના થંભા જ તૂટી જાય અને ગાડી ગબડી પડે, કે સિગ્નલનો તાર જ બરાબર ન ખેંચાય, યા પાટા નીચેની ચાપટીઓ—સલેપાટો ખસેડી નાખવામાં આવ્યા હોય અને પૈડાં જમીન ઉપર ચાલતાં થઈ જાય, એન્જિન ઊપડે ત્યારે બરાબર, પણ અધવચ્ચે જતાં જ એનો શ્વાસ ખૂટી જાય ને ધબ્બ થઇને ઊભું રહી જાય, એવા અકસ્માતો થવાના ખયાલ સરખા ત્યાંના અધિકારીઓને આવતા નથી.

અને ગાડીઓ પણ થોકબંધ ત્યાં દોડે છે. પાંચ દસ મિનિટ રહીને ગાડી આવી જ છે: એક ધીમી તો બીજી ઝડપી, એક અમુક ઠેકાણે ઊભી રહે, બીજી બીજો મુકામ કરે, એક ગમે તેટલું મોટું શહેર હોય તો ત્યાં ઘડીભર પણ ઊભી ન રહે—એ સ્ટેશનને અડક્યા વિના જરા આઘેથી સડસડાટ ચાલી જાય: વીએનાથી આમ્સ્ટર્ડામ, પારીસથી બર્લિન, જીનીવાથી હૅમ્બર્ગ, ડ્યુસલડૉર્ફથી પારીસ, રોમથી જર્મની થઈ સ્કૅન્ડિનેવિયાના સ્ટૉકહોમ સુધી, તો સ્ટૉકહોમથી ડેનમાર્ક થઈ ડ્યુસલડૉર્ફ થઈ પારીસ,—ભલભલી એક્સપ્રેસો, આવી, ખડી, કે ચાલી! મિનિટ ટુ મિનિટ ચાલનારી ગાડીઓ ધમધમે છે. જ્યારે અહીં?



હાઈડલબર્ગ

૧૯૬૦ના સપ્ટેમ્બરની તેરમી તારીખે દિલ્હીથી દહેરાદૂન એક્સપ્રેસમાં પ્રો. ગોગટે અને હું વડોદરા આવવા નીકળ્યા. સાથીદારનું નામ અને તારીખ માસ એટલા માટે આપું છું કે ઘણીવાર બનેલી હકીકત પણ રેલવેના અધિકારીઓ કબૂલ કરવા તૈયાર નથી થતા, અને એવા દાખલા મારી પાસે મોજૂદ પણ છે. ઠીક; દિલ્હીથી વડોદરા સુધીમાં (૧) સવાઈ માધોપુર છોડયા પછી, (૨) રતલામ છોડયા પછી, અને (૩) દોહદ છોડ્યા પછી ત્રણ વાર એંજિન ફેઈલ થતાં અમે સાડાત્રણ કલાક મોડા પહોંચ્યા! મોડા પહોંચવાની નવાઇ નથી, પણ એક જ પ્રવાસમાં ત્રણત્રણ વાર એંજિન ધબાયમઃ થઈ જાય એ કેવી પ્રગતિ! અરે ના ભાઇ, એકનું એક એંજિન નહિ; અઢીસો ત્રણસો માઈલની ચાલ પછી એંજિન તો નિયમ પ્રમાણે બદલાય જ છે. એટલે અમે જ એવા તે કેવા 'નેસ' પગલાંના હોઈશું કે જે એંજિન જોડાય એ ફૂસ જ થઈ જાય! પણ અહીંની આ 'રામણ' ક્યાં ચલાવીએ? આ રેલવેના વહીવટ ઉપર તો આખું પુસ્તક લખાય. ધન્ય છે ટાટાના નબીરાઓને, કે ૧૯૪૨ પછી એરોપ્લેનની સફરો શરૂ કરાવ્યા બાદ વીસ વર્ષમાં તો ઝડપ, વ્યવસ્થા અને સફાઈમાં ઉત્તરોત્તર પ્રગતિ જોવા મળે છે. ડાકોટાથી વાઈકાઉન્ટ ને ત્યાંથી બોઈંગ–જેટ સુધી ભારતની એ દિશામાં પ્રગતિ છે. ગઇ કાલ કરતાં આજની ઝડપ વધારે. જ્યારે રેલવેમાં? ૧૯૩૯ પછી ઝડપમાં મંદી,–નવાં કૅનેડિયન, ચેકોસ્લોવાકિયન અને જર્મન–જાપાનીઝ એંજિનો લઈ આવ્યા છતાં! ફ્રન્ટીઅર મેઈલ પહેલાં મુંબાઈથી દિલ્હી ચોવીસ કલાકની અંદર પહોંચતો હતો, તે હવે ચોવીસ કલાકથી વધારે સમય લે છે; સગવડોને બદલે અગવડો વધી છે, ને વધે છે; ગણતરીબંધ દાખલાઓ તૈયાર છે; પણ એ કકળાટ કરવા બેસીશું તો વાતનો આરો જ નહિ આવે.

ત્યાં રેલવે, બસ, ટ્રામ બધો વ્યવહાર સહકાર–સગવડની દૃષ્ટિથી યોજાયો છે. મઝા તો એ છે કે સરકાર તો રેલવે ચલાવે છે, પણ સાથેસાથે ખાનગી કંપનીઓ પણ ચલાવે છે. ક્યાંક તો વળી રેલવે સ્ટીમર બસ બધાંની જાત્રા એકજ ટિકિટે થાય એવી સગવડ! અહીંની માફક રેલવેની ટિકિટ લઈ બીજા વાહનમાં બેસી જઈએ તો કોઈ ડોળા નહિ ઘુરકાવે, પણ બધી જ સગવડ કરી આપે.

આ ટ્રાન્સ યુરોપિયન એક્સપ્રેસ અતિ સુન્દર, અતિ સ્વચ્છ, અતિ રળિયામણી, અત્યંત ઝડપી ગાડી. એરોપ્લેનની ઝડપ સાથે સ્પર્ધામાં ઉતારવા ડીઝલ એંજિનથી દોડાવાતી ગાડી. એંશી-નેવું માઈલની ઝડપ તો ખરી જ. માંડમાંડ એકાદ-બે સ્ટેશને ઊભી રહે. તમે ડ્યુસલડોર્ફથી પારીસ એરોપ્લેનમાં જવા એરોડ્રોમ જાઓ, અને પહોંચી પાછા શહેરમાં આવો, એ સમય દરમ્યાન આ ગાડી સો દોઢસો માઇલ કાપી નાખે. પાંચ કલાકની અંદર તો લગભગ વડોદરાથી મુંબાઈનું અંતર કાપી નાખે ફ્રન્ટીઅર દ લક્સ કરતાં એક કલાક ઓછો;– અને ક્યાંય અકસ્માત નહિ, ક્યાંય આંચકો–ધક્કો નહિ; કાગળ લખાય, છાપું સહેલાઇથી વંચાય, ઢળ્યા વિનાની ચા પિવાય. એ ગાડીમાં એક કમરામાં વળી અંગ્રેજી–ફ્રેન્ચ–જર્મન જાણનારી પોટ્રીઓ બેઠી હોય તે જુદી: સ્માર્ટ, ચપળ-ચાલાક, હોશિયાર. એક કલાક તમે એને તમારા કામ માટે રાખી લ્યો, એ દરમ્યાન તમારે જે કંઇ કાગળો લખાવવાના હોય તે લઘુલિપિમાં લખી લે, અને પારીસ પહોંચતાં બધા કાગળિયા ટાઇપ કરી, રીતસરના ગોઠવી તમારા હાથમાં આપી દે; પોસ્ટ કરવાના હોય તો સહી કરી આપો તો તે પણ કરી દે; તમને ભૂખ લાગી હોય તો ખાઓ અને તરસ લાગી હોય તો પીઓ; અને નહિ તો આઠ ફૂટ પહોળી અને છ ફૂટ ઊંચી એક જ કાચની બારીમાંથી રળિયામણાં દશ્યો જોયા કરો.

મારે જવું ર્હાઈનને કાંઠેકાંઠે થઈ હાઈલબ્રોનઃ ડ્યુસલડોર્ફથી ફરીવાર કોલોન, બૉન, કોબ્લેન્ઝ, મેઈનહેમ ને હાઈડલબર્ગથી હાઈલબ્રોન. નાનકડું ગામ. ત્યાં એક બ્રુગમૅનની પેઢીમાં ભાગીદાર હેરન વેન્ક રહે. હું એને ઓળખું નહિ, અને એ મને ઓળખે નહિ; પણ અમદાવાદના એક અમારા સ્નેહી ભરતકુમાર દલાલને આ વેન્ક સાહેબ સાથે પત્રવ્યવહાર, એટલે મળવા જવાનું હતું.

આગલે દિવસે મેં એને બર્લિનાલી મહોલ્લામાં આવેલી ઍર ઈન્ડિયા ઈન્ટરનૅશનલની ઑફિસમાંથી ટેલીફોન કર્યો;—ના મેં નહિ, ફ્રો લિપિન્સ્કીએ–ઑફિસમાં કામ કરતી પોલૅન્ડની છોકરીએ. નંબર આપ્યો, અને શી વાત કરવી છે તે હું એને સમજાવું છું ત્યાં તો સો–સવાસો માઇલ દૂરથી ફોન રણક્યો પણ ખરો; અને હેરન વેન્કે જાતે અંગ્રેજીમાં મારી સાથે વાત પણ કરી; અને કઇ ગાડીમાં નીકળવું, ક્યાં ગાડી બદલવી વગેરેની એમણે સમજ પણ આપી દીધી;—અને આ આટલા ઝપાટાબંધ અહીં ટેલીફોન મળી જતા હશે એનો અચંબો પણ થયો. શહેરમાં કે બસો માઈલ દૂર, તરત જ ફોન થાય. વચ્ચે પોણા કલાકનું 'અલાવ–અલાવ' નહિ. તેમ, 'તમે કોણ?' 'કોણ?' 'જરા મોટેથી બોલો', 'હેં? શું કહ્યું?'–ફરીથી પાછું પીંજણ! 'હા' 'ના,' 'લંબાવો' 'કન્ટીન્યુ', 'હેં કપાઇ ગયો?', 'બરાબર સંભળાતું નથી, ફરી બોલો', 'હેં? શું કહ્યું? ભાઈ ઘરમાં નથી? આહ, એમ?' એટલામાં

કટ. ઘરરરરરરરર, ફોન મૂકી જ દેવો પડે! આવા ભવાડા ત્યાં નહિ!

કોણ જાણે કેમ, જેનેજેને મેં ફોન કર્યા તે બધા જ ફોન પર મને મળ્યા. 'બહાર ગયા છે, જમવા બેઠા છે, નહાવા બેઠા છે, નથી, સામે ઘેર ગયા છે' અથવા તો પાંચ-સાત વાર ઍંગેજ્ડ ફોન આવે, એવું ત્યાં કદી બન્યું નહિ. મને લાગે છે કે ત્યાં, નિશાળમાં ભણુતા ચબરાક વિદ્યાર્થીઓ સવારના, કલાકેક સામસામી ફોન પકડી 'લેસન' તો નહિ કરતા હોય?

પણ આ બધા વિચાર વમળમાં ચડું ત્યાં તો સોનેરી વાળવાળી ચબરાક ફ્રોલીન લિપિન્સ્કીએ એક નાનકડો ટેલીફોન કરી, પૂછી, પોતે ગણી કાગળ ઉપર મારે આ ટેલીફોનના કેટલા ડૉઈશ-માર્ક જોખવાના એનો તરત જ નિકાલ કરી હિસાબ પણ આપી દીધો, અને તે ચૂકતે પણ લઈ લીધો. આઠ દિવસ રહીને ફરફરિયું આવે અને એમાં હિસાબે થતા હોય એના કરતાં નીકળે પણ વધારે, એવું અહીં કંઈ નહિ.

શું ધારો છો? સવારે ઊઠી છની વીએનીઝ એક્સપ્રેસમાં હું ઊપડું છું, અને લગભગ અગિયારેક વાગ્યે મેનહેમ પહોંચી, ગાડી બદલવા પ્લૅટફૉર્મ ઉપર ઊતરું છું, ત્યાં તો ત્યાંના માઇક્રોફોન ઉપર 'મિસ્ટર, (હેરન પણ નહિ–અંગ્રેજીમાં મિસ્ટર) સી. સી. મહેતાએ આ ગાડીમાં-:થી ઊતરી પ્લૅટફૉર્મ બહાર ફલાણા નંબરની મોટરકારમાં બેસવા જવું, એવી શુદ્ધ સ્પષ્ટ ભાષામાં જાહેરાત થઈ! એ સાંભળતાં હું જરા ચોંક્યો, અચંબો પામ્યો, સહેજ ઊભો રહ્યો; બદલાવવાની ગાડી ક્યારે અને ક્યાં આવશે એ માટે પાટિયા તરફ નજર કરું છું, ત્યાં તો રેલવેના એક કન્ડક્ટરે આગળ આવી હસી પૂછ્યું કે તમે જ ઈન્ડીશ (હિન્દુસ્તાનના)? અને એની પાછળ વેંકે આવી હાથ લંબાવી કહ્યું કે 'હવેના ૬૦ કિલો-નો પ્રવાસ આપણે આપણી મોટરમાં જ કરીએ છીએ ચાલો! હું બુગ-મેન કંપનીનો વેંક–ચાલો. મુસાફરી સારી જ ગઈ હશે, ખરું?'

બહાર આવ્યા, મોટરમાં બેઠા અને અમે ઊપડ્યા. એ જ સરસ, સ્વચ્છ આરસી જેવો રસ્તો. શહેરની બહાર જતાં તો લીલોતરીવાળી નાની ટેકરીઓએ રસ્તાની ચોકી લઇ લીધી, પોતાનાં રળિયામણાં તરુવરોને બરાબર સમાંતરે પહેરેગીર તરીકે ખડાં કરી દીધાં, અને નવી જર્મન બનાવટની ઠાવકી ગાડીએ પાણીના રેલાની માફક સડસડાટ સરવા માંડ્યું. મેં પૂછ્યું, 'મેસર્સ શ્મિટે બનાવેલી આ મોટરકાર?'

'હા, એણે ત્રણ ઘાટ બનાવ્યા એમાંનો આ સૌથી ઉત્તમ, તે અ-મારી કંપનીએ ખરીદ્યો છે. તમને ક્યાંથી ખબર?'

'મને કશી જ ખબર નથી; મોટર ચલાવવાનું ચકરડું મેં કદી ફેરવ્યું યે નથી; પણ મેસર્સ શ્મિટ સાથે બોનમાં મેં ૧૯૪૯માં આઠ દિવસ ગાળ્યા છે. એમને હું ઓળખું છું, એટલે મેં અમસ્થા જ પૂછ્યું.'

મેસર્સ શ્મિટ જર્મનીના ભારે નિષ્ણાત એન્જિનીઅર, એમને વિષે 'સફર ગઠરિયાં'માં અને આગળ ઉપર પણ લખ્યું છે, એટલે કે અહીં પુનરાવર્તન નહિ કરીએ. પણ એના નામમાત્રનું ઉચ્ચારણ—અને એમાં એની સાથે ઓળખાણ, ત્યાં તો કુદરતીરીતે હેરન વેન્કના મન-માં અમારો ભાવ ઊંચો બોલાતો થઈ જાય એમાં શી નવાઇ?

'આપણે અત્યારે ઘેર જમવાના નથી, પણ રસ્તામાં જમીશું. તમને કંઈ વાંધો છે?'

'ના, પણ મને કંઇ ખાસ ભૂખ...'

'તે હમણાં જ તમને લાગશે. તમે ર્હાઈન છોડી અને આ નદી નેકરને કાંઠેકાંઠે જઈ રહ્યા છો. જરા દસેક મિનિટ આ ગિરિમાળા નીરખશો ત્યાં જ જોશો, હવા કેવું કામ કરે છે તે.'

પણ હવા પહેલાં તો આંખે કામ કર્યું. એક ગિરિમાળાની ગોદમાં ઊતરચડ પંથાવલીઓની ભાત રચનામાં ગૂંચવાએલાં નાનાંમોટાં જુન-વાણી બાંધણીનાં મકાનોનો એક વિસ્તાર-ગુચ્છ નજરે ચડ્યો. જુદી જ સૃષ્ટિ. અહીં નવતર, અદ્યતન, ડ્યુસેલ્ડૉર્ફીય અવનવા ઘાટનું કંઇ જ નહિ. સેંકડો વર્ષનાં ચિંતન-મનન-અધ્યયનને પરિણામે ઘટ્ટ બનેલું, સમાધિમાં સ્થિતપ્રજ્ઞ દશામાં શાંતિ અનુભવી રહેલું કોઈ ગામ. હું જોયા કરું, અને હેરન વેંક મારી સામે જોયા કરે. કહે કે હું નહિ કહું આ કયું ગામ; તમે જ કહો. અને ખરેખર થોડી જ ક્ષણોમાં મારા-થી બોલાઈ ગયું: 'હાઈડલબર્ગ.' એનું નામ તે યુનિવર્સિટીનું ધામ. અભણને પણ ત્યાં ઠરી રહેવાનું મન થાય, નૈસર્ગિક વાતાવરણમાં મનને શાંતિમાં ઠેરવી દેવાનો ઉમળકો આવે, એવું એ સ્થાન.

હાઇડલબર્ગ વિષે તો ઘણું વાંચેલું, અને ત્યાં જવાનું મન પણ હતું, એટલે આ સ્થળ સ્વાભાવિકરીતે ગમ્યું. ઘણી જૂની ને જાણીતી ત્યાંની યુનિવર્સિટી. વર્ષો પહેલાં એક જર્મન લેખક લ્યૂ વૅગ્લરનાં બે ત્રણ નાટકો વાંચ્યાં હતાં. એક તો લેડી હૅસ્ટિંગ્સ ઉપર; બીજું 'જ્યુ સસ'–એ જ નામની નવલકથા ઉપરથી લખાએલું નાટક; અને ત્રીજું 'હાઇડલબર્ગ'. લેડી હૅસ્ટિંગ્સ તે આપણા ગુજરાતી સાહિત્યમાં 'હૅસ્ટિંગ્સની સોટી'ની નવલકથાથી પ્રખ્યાત થએલો હિંદનો ગવર્નર જનરલ—યા ઇમ્પીચમેન્ટવાળો હેસ્ટિંગ્સ—લોર્ડ હેસ્ટિંગ્સ. એની વહુ, લેડી હેસ્ટિંગ્સ અસલ જર્મન બાઈ; કોઈ ડચ ચિતારાની વહુ; તે કેપ ઑવ ગુડ હોપથી આવતા વહાણમાં ત્રણે સાથે—હેસ્ટિંગ્સ પોતે અને પેલાં બે વરવહુ. મદ્રાસ ઊતરતાં જ હેસ્ટિંગ્સે પેલા વરને બોલાવી અષ્ટમપષ્ટમ સમજાવી–ધમકાવી પાછો ધકેલી મૂક્યો, ને વહુને પોતે પચાવી પાડી, તે એ બાઈ. પણ આ વળી આડી વાત. એ લેખકે વૅગ્લરે પોતાની એક નાટ્ય કૃતિમાં આ હાઇડલબર્ગને પણ બિરદાવ્યું છે. ત્યાંથી પસાર થતાં આનંદ, મગરૂરી, હરખ અને સંતોષ થયાં.

'ખરેખર ભૂખ લાગી, હં!' મેં કહ્યું.

'હું જાણતો જ હતો.' વેંકે કહ્યું.

'ખાવાનાની નહિ, જ્ઞાનની.'

'હું યે એ જ કહેતો હતો, આપણે યુનિવર્સિટીએ જ જઇએ છીએ.'

એનો એ જવાબ સાંભળી હું તો જેને આપણે 'ચાટ' કહીએ છીએ એવો ચાટ જ પડ્યો. ચીડ તો એવી ચડી કે આપણા આ હેરન વેંક ભાઇને બે ચોડી દઉં, મારા આવા સરસ હ્યૂમરનો એણે ઘાણ બગાડ્યો તેથી. પણ શું થાય? છએક ફૂટ ઊંચા, તગડા, કદાવર, કસાએલા શરીર-ના આ સશક્ત જર્મન આસામી સાથે બાથ કેમ ભિડાય? જોયું? એમ ધાર્યા હ્યૂમર કરવા પણ સહેલા નથી.

ખૂબ ફરી ફરીને યુનિવર્સિટી જોઈ. જૂના સમયના આપણા બૌદ્ધ મઠો યાદ આવ્યા, તાજેતરની આપણી યુનિવર્સિટીઓ યાદ આવી, અને લાંબા વિચારે ચડું તે પહેલાં તો પાછી એણે સુણાવી: 'હવે તો ભૂખ લાગી છે ને?'

મેં વળી પાછી શબ્દરમત કરી, 'હા, ભૂખ અને તરસ બંને.'

'જ્ઞાનની તો અહીં જાથુકના રહો તો છીપે; પણ તરસમાં મ્યુ-નીચનો બીઅર અહીં મળશે. કહો ક્યાં જઇશું? કંઇ ખાસ જગ્યા ધ્યાનમાં છે?'

'હાજી, હોટેલ યુરોપા.'

'જી, હું આપને તેડવા આવ્યો, ત્યારે ત્યાંથી જ પસાર થયો હતો, અને ત્યારે આપણે બંને માટે એ હોટેલ યુરોપામાં જ એક ટેબલ રીઝર્વ કરાવીને નીકળ્યો હતો. કહો, તમે એ હોટેલમાં પહેલાં આવી ગયા છો?'

'ના જી, મેં તો હાઈડલબર્ગમાં આજે જ પહેલો પગ મૂક્યો.'

'તો પછી હોટેલ યુરોપા વિષે ગાઈડમાં વાંચ્યું હશે.'

'ના, હેરન વેંક! મારી એક દીકરી છે,—મનથી માનેલી. તમે એ



સમજો છો ખરું?'

'હા, ઍડૉપ્ટેડ—દત્તક ખરું?'

'હા, એનું નામ પદ્મા. એ ગઈ સાલ જ અહીં આવેલી ત્યારે એ હૉટેલમાં રહી ગઇ હતી, અને એ ઘણી સરસ છે એમ એણે કહ્યું હતું. એણે આ સ્થળ, આ યુનિવર્સિટી, અને આ હૉટેલનાં વખાણ કરી અહીં જરૂર આવવા મને કહ્યું હતું.

'પદ્મા નાની હશે.'

'ના રે, હવે તો મોટી, બે નાની દીકરીઓની મા થઇ છે; મારી પણ મા જેવી બની બેઠી છે.'

'આઈ સી. લ્યો આવો, આ હૉટેલ યુરોપા. પેલા ટેબલ આગળ ચાલો. ત્યાંથી નદી પહાડ અને શહેર જોવાની મઝા પડશે. આવો... આ મારી દીકરી એલ્કા, ને આ મિસિસ વેંક, એલ્કાની મા. બિરાજો.'

'તમે અહીં રહો છો?'

'અમે બધાં સાથે જ નીકળેલાં. એલ્કાને નિશાળમાં આજે રજા છે. હું એમને અહીં ઉતારીને મૅનહેમ આવ્યો. એલ્કાને અમે આ યુનિવર્સિટીમાં જ મોકલવાનાં છીએ. જમીને આપણે બધાં હવે હાઇલબ્રોન જઈશું. લ્યો, આ મ્યુશન બીઅર, દુનિયાના સૌ બીઅરોમાં એ રાજા.'

'એ તો હું કબૂલ કરું છું. દસ વર્ષ પહેલાં મ્યુનિચ ગયો હતો, ત્યારે ત્યાંના પ્રખ્યાત ભોંયરામાં બેસી એ પીધો હતો. મ્યુશંન એટલે મ્યુશંન. થૅંક્સ.'

ત્યાં તો એલ્કા પૂછે, "મને તમારા 'આગગાડી' નાટકનો પ્લૉટ કહો."

'મારી દીકરીને નાટકનો બહુ શૉખ છે.' વેંકે કહ્યું.

પંદર-સોળ વર્ષની એની દીકરી એલ્કા, એ વળી 'આગગાડી'નો પ્લૉટ પૂછે. હું જવાબ આપતાં પહેલાં જે મૂંઝવણમાં પડચો, એ કંઈ વેંકથી ઢાંકચું રહે એમ નહોતું, એટલે વેંક સાહેબે જ ખુલાસો કરવો શરૂ કર્યો. મિસિસ વેંકે તે દરમ્યાન ખાવાના માટે સૂચનાઓ આપવા માંડી.

'હેરન મેતા! તમે એમ અચંબામાં ન પડો. જુઓ, હું અત્યારે ગમે તે ધંધો કરતો હોઉં, પણ મારું માનસિક ઘડતર એક કટ્ટર નાઝીનું, નાત્ઝી, પાકો હિટલરિયા નાત્શી. લડાઇ ખેલેલી—ખેલવી જ પડેલી. રખડતા-રઝળતા, કંઈક નવજુવાનોને હિટલરે રોટલો આપ્યો, કામ કરતા કરી દીધા, કંઇ નહિ તો રસ્તા બાંધવાના ઉપયોગમાં લીધા, કારખાનાંમાં નાખ્યા, આળસુ હાડકાંને વાળ્યાં, કાયાને કેળવી, અને દરેકના મનમાં અમારા ફાધરલૅન્ડ જર્મની માટે દાઝ પેદા કરી. દેશદાઝ—ઝનૂન કહો, લગન કહો, પ્રેમ કહો, પણ એવી દાઝ કે સાત પેઢી સુધી તો એ લગની છોડાવતાં પણ છૂટે એવી નથી. ઉપરાંત હિટલરે અમારામાં જ્ઞાનપિપાસા જાગ્રત કરી. જાણવું, જેને વિષે જાણવું એને વિષે પૂરે પૂરું જાણવું. જેટલું બની શકે એટલું જાણવું. અમે ધંધો કરીએ છીએ અમદાવાદ સાથે, એટલે ભારત વિષે તો જાણીએ જ, પણ અમદાવાદમાં વસતિ કેટલી, મિલો કેટલી, એનો સમાજ કેવો, શહેરની બાંધણી કેવી, એવીએવી અનેક બાબતો વિષે પણ અમે જ્યાંથી જેટલું મળે એટલું જાણવા મથીએ. અમારી નાત્ઝી ટ્રેઇનિંગ એવી હતી. ને બાપ પાસેથી આ એની દીકરીએ એ વારસામાં મેળવી છે. અમારી ભાષામાં દેશદેશાવરનાં માહિતી પુસ્તકો પ્રગટ થાય. એમાં ભારત સરકારે ૧૯૫૮ માં પ્રગટ કરેલા 'ફૅક્ટ્સ ઍબાઉટ ઈન્ડિયા'માંથી અમારા આ 'બ્રૉક હાઉસ' પુસ્તકમાં ઉતારેલી તમારે માટેની માહિતી છે એ અમે મેળવી લીધી. તમે નાટકકાર એ અમે ડચુસલડોર્ફની ઍર ઇન્ડિયાના ઑફિસના મૅનેજર મિ. દસ્તુર પાસેથી ટેલીફોન કરી જાણી લીધું. આ પુસ્તકમાંથી જે મળ્યું તે અમે જાણ્યું, માત્ર બાર કલાકમાં, તો બીજું શું થાય, જો બારેક દિવસ મળ્યા હોત તો...'

'મારો આખો જીવન-ઇતિહાસ મેળવી લેત!'

'ચોક્કસ, અમારા સ્વભાવમાં એવી જિજ્ઞાસા ઓતપ્રોત થઈ ગઈ છે; અને જો અમે એમ ન કરીએ તો આ ઝપાટાબંધ પ્રગતિ કરતી દુનિયામાં અમે આગળ જઈ જ શી રીતે શકીએ? આ એ અમારી એન્સાઇક્લોપીડીઆ. એલ્કા! ખોલો તો પાનું.'

જમતાં એલ્કાએ જેટલા સવાલો પૂછ્યા છે, એટલા ભારત વિષે કે ગુજરાત વિષે કે ગુજરાતી સાહિત્ય વિષે વડોદરામાં ભણતાં હજારો વિદ્યાર્થીઓમાંથી એકાદે પણ ભાગ્યે જ મને પૂછ્યા હશે. જર્મની વિષે તો પૂછવાના હોય જ નહિ એ તો સાદી ત્રિરાશિની વાત છે!

પણ વાત સાચી; કેવળ જિજ્ઞાસાથી કાંઈ કોઇને સ્વર્ગ મળ્યું જાણ્યું નથી. નચિકેતાને જ્ઞાન મળ્યું, પણ સ્વર્ગનો એ રાજા થયો હોય એવું તો જાણ્યામાં આવ્યું નથી. એટલે એવી જિજ્ઞાસાવૃત્તિ જ ખોટી! નહિ વારુ?

(ચાલુ)

વડોદરા વિભાગ પુસ્તકાલય મંડળની અગિયારમી શિષ્ટ વાચન પરીક્ષા

તા. ૨૪મી સપ્ટેમ્બર ૧૯૬૧ના રોજ લેવાશે. પરીક્ષા માટે શ્રી ઈશ્વરભાઈ જે. પટેલ કૃત 'સેવામૂર્તિ મોતીભાઈ અમીન' (પુસ્તકાલય સહાયક મંડળ, વડોદરા પ્રકાશિત) પુસ્તક નક્કી કર્યું છે. કેવળ પરીક્ષાના ઉપયોગ પૂરતું પુસ્તક ૮૧ ન. પૈ. (પોસ્ટેજ ૧૯ ન. પૈ. વધુ)થી નીચેના સરનામેથી મળી શકશે. ઓછામાં ઓછા દસ પરીક્ષાર્થીઓ થશે તે ગામને કેન્દ્ર બનાવાશે. પ્રવેશ ફી ૨૫ ન. પૈ. છે. ઉત્તીર્ણ થનારને પ્રમાણપત્ર અને ઉચ્ચ કક્ષામાં આવનારને ઈનામો અપાશે. વિશેષ માહિતી માટે લખો: વડોદરા વિભાગ પુસ્તકાય મંડળ, સેન્ટ્રલ લાયબ્રેરી, વડોદરા.

ગુજરાતી ભાષા-સાહિત્યની પરીક્ષાઓ

ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી લેવાતી 'આસ્વાદ', 'સંસ્કાર' અને 'દીક્ષા' પૈકી પહેલી 'આસ્વાદ' પરીક્ષા રવિવાર તા. ૨૭મી ઑગસ્ટ ૧૯૬૧ના રોજ સવારના ૧૧ થી ૨ ના ગાળામાં લેવાશે. પરીક્ષાર્થીઓએ પોતાનાં આવેદન-પત્રો પરિષદ કાર્યાલયને અથવા માન્ય કેન્દ્રોને રૂ. ૧ પરીક્ષા-ફી સહિત ૩૧ જુલાઈ '૬૧ સુધીમાં પહોંચે તે રીતે મોકલવાં. આવેદનપત્રો પરિષદ કાર્યાલય યા માન્ય કેન્દ્રો ઉપરથી ૫ ન. પૈ.થી (ટપાલ દ્વારા ૧૩ ન. પૈ.થી) મળશે. વધુ વિગત માટે લખો: મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ, c/o હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ ૯.

ખાટાં ફળ
નબળાંઓ ને નાનાં બાળકો માટે વિટામિન 'સી'ના ભંડાર રૂપ

આમળાં-નારંગીથી માંડીને કમરખ-કરમદાં સુધીનો સર્વજનસુલભ ખોરાક

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની

લોકપ્રિય લેખમાળા 'આહાર અને આરોગ્ય'નો હપતો ૧૯



પૌષ્ટિકતાની દૃષ્ટિએ આહારશાસ્ત્રી રૉબર્ટ હચિન્સન વિવિધ જાતનાં ફળોના બે ભાગ પાડે છે: (૧) સ્વાદિષ્ટ ફળો (ફ્લેવર ફ્રૂટ્સ) અને (૨) ખાદ્ય ફળો (ફૂડ ફ્રૂટ્સ). સ્વાદિષ્ટ ફળોમાં ૨૦ ટકા કરતાં ઓછાં ઘન દ્રવ્યો હોય છે, જ્યારે બીજા વિભાગમાં એથી વધારે ઘન દ્રવ્યો ધરાવનારાં ફળો આવે છે. જોકે પહેલા વિભાગનાં ફળોમાં પણ, ભલે થોડા પ્રમાણમાં, પરંતુ મિષ્ટ અને ઘટ્ટ રૂપમાં શર્કરા હોવાથી તે ખોરાકની ગણનામાં આવી શકે તો ખરાં જ.

ફળોમાં ત્રણ પ્રકારના ઍસિડ હોય છે: સાઇટ્રિક, મૅલિક અને ટાર્ટરિક. સ્ટાર્ચ અને શર્કરાની જેમ શરીરમાં તેમનું ભસ્મીકરણ થયા બાદ શેષમાં પોટાશ રહે છે. આમ, ફળોની દેખીતી પ્રતિક્રિયા આમ્લિક હોવા છતાં તેમની છેવટની પ્રતિક્રિયા તો અલ્કગુણધર્મી હોય છે.

જેમાં સાઇટ્રિક ઍસિડ પુષ્કળ પ્રમાણમાં હોય તે ફળો સામાન્ય રીતે 'ખાટાં ફળો' કહેવાય છે. આમાં લીંબુ, સંતરાં, ગ્રેઈપફ્રુટ, મોસંબી, દાડમ, સ્ટ્રૉબેરી, બોર, કોઠું, અનેનાસ, રાસ્પબેરી, આમળાં, ટમેટાં, આમલી વગેરેનો સમાવેશ થાય છે.

મૅલિક ઍસિડવાળાં ફળોમાં સફરજન, પીચ, દ્રાક્ષ, સ્ટ્રૉબેરી, ટમેટાં વગેરે આવે. દ્રાક્ષમાં પુષ્કળ ટાર્ટરિક ઍસિડ પણ છે.

એ તો હવે જગજાણીતી વાત છે કે ખાટાં ફળો વિટામિન 'સી'નાં શ્રેષ્ઠ ધારકો છે. આ વિટામિનની શરીર માટે ઘણી જરૂર છે. એની ઊણપને લીધે અકાળ વૃદ્ધત્વ આવી પડે છે. જુવાનીને ધારી રાખનાર પણ આ જ વિટામિન છે. એની ન્યૂનતાને લીધે ચામડી નીચેની લોહીની શિરાઓમાંથી લોહી ઝરીને શરીર ઉપર રતૂમડાં ચકામાં થાય છે, હાડકાં બટકણાં બને છે, પેશીઓ નબળી પડીને ચેપી રોગો જલદી લાગુ પડે છે. વળી એની ઊણપથી પ્રતિકારશક્તિ ઘટવાથી શરીરનું રક્ષણાત્મક બળ નબળું પડે છે; આળસ, નિર્વીર્યતા, ફિક્કો ને નિસ્તેજ ચહેરો, સાંધાઓમાં દુખાવો અને પગોમાં કળતર(જેને આપણે સાધારણ રીતે 'વા'ના નામે ઓળખીએ છીએ તે) થાય છે; શરીર ઉપરના ઘા રુઝાતાં વાર લાગે છે; દાંતનાં અવાળાં ફૂલી આવી એમાંથી લોહી પડે છે. ટૂંકમાં સ્કર્વી નામનો રોગ થઈ આવે છે.

લીંબુ

શાકપાનમાં વિટામિન 'સી'નાં મુખ્ય ધારક જેમ મરચાં, પાલખ, કૉબિજ ને ટમેટાં છે, તેમ ફળોમાં આમળાં, જામફળ, કેરી, લીંબુ ને નારંગી છે. લગભગ બારે માસ મળતાં લીંબુનો લાભ તો સામાન્ય માનવી પણ લઈ શકે છે. લીંબુના રસમાં વિટામિન 'સી' સારા પ્રમાણમાં છે. તેમાં ૭ા ટકા સાઇટ્રિક ઍસિડ અને ૨ થી ૩ ટકા પોટાશ તથા ફૉસ્ફરસ છે. ઉપરાંત વિટામિન 'એ' અને વિટામિન 'બી' તથા મહત્ત્વના બધા ખનિજ પદાર્થો પણ છે.

લીંબુની છાલની સોડમ ભૂખ-ઉત્તેજક છે, તો તેનો રસ મોંનો સ્વાદ સુધારનાર છે. વળી ઊલટીની પીડા મટાડવાનો મોટો ઔષધીય ગુણ તેનામાં છે. કૉલેરા તથા ટાઇફૉઈડના વાવર વખતે એ રોગોથી મુક્ત રહેવા કેટલાક લીંબુના રસનાં થોડાં ટીપાં પાણીમાં મેળવીને પીવાનું રાખે છે. વાત પણ સાચી છે. ડૉ. ચંદ્ર લખે છે કે કૉલેરાના કારણરૂપ કોમાબેસિલસ લીંબુના રસમાં નાશ પામે છે. 'ભાવપ્રકાશ'માં પણ કૉલેરાના રોગીને લીંબુ આપવાનું લખેલું છે. સ્કર્વી અને વાત રોગમાં તે ગુણકારી હોવાની તો પ્રતિષ્ઠા છે. લીંબુના રસથી હોજરીના પાચક રસો ઉત્તેજાય છે, જે માંસ ને મચ્છીના પ્રોટીનોના પાચનમાં સહાયક નીવડે છે. દાળ ને શાકમાં લીંબુનો રસ નિચોવીને લેવાથી મંદ પાચનક્રિયાવાળાઓનું પાચન સુધરે છે. મીઠા સહિતનો લીંબુનો રસ તાવ અને તાપની તરસ છિપાવનાર નીવડે છે. તદુપરાંત સ્ફૂર્તિ, તાજગી ને આંતરિક ઠંડક આપનાર લહેજતદાર પીણા તરીકે પણ લીંબુના રસનો મહિમા છે. પણ આ રસ રોજ લેવાની મનાઈ છે. એનાથી દાંતનું બંધારણ ઓગળતું હોવાનું જાણવામાં આવ્યું છે.

મહર્ષિ સુશ્રુત લખે છે,'ખાટું લીંબુ વાયુ કફ તથા મળબંધને તોડનાર છે, ભારે છે, પિત્તકારક છે, તરસ, શૂળ, કફનો વધારો, ઊલટી તથા શ્વાસને મટાડનાર છે.' (સૂત્રસ્થાન: ૪૬-૭૬)

કેરીની જેમ લીંબુ પણ અથાણા રૂપે બાર માસ સુધી જળવાય છે. લીંબુનું અથાણું સ્વાદદાતા, દૃષ્ટિ વધારનાર અને ભૂખ ઉઘાડનાર છે. સ્ક્વૉશ અને સિરપના રૂપમાં લીંબુનો રસ સંઘરાય છે, જેથી બેમોસમી ઋતુમાં પણ રસના શરબતનું યથેચ્છ પાન થઈ શકે છે.

આમળાં

વિટામિન 'સી'ની બાબતમાં ભાગ્યે જ બીજું કોઈ ફળ જેની તોલે આવી શકે એવાં આમળાંને સર્વ ફળોમાં શ્રેષ્ઠ ગણતા મહર્ષિ સુશ્રુત એની ગુણગાથા આ પ્રમાણે લખે છે: 'આમળાં ખાટાં છે, મધુરરસવાળાં છે, કડવાં છે, તૂરાં છે, તીખાં છે, દસ્તને સારનારાં છે, નેત્રોને હિતકારી છે, સર્વ દોષોને હરનારાં છે, વીર્ય વધારનારાં છે. આમળાં ખાટાં હોવાથી વાયુને હણે છે. મધુર તથા શીત હોવાથી પિત્તને હણે છે. રુક્ષ તથા તૂરાં હોવાથી વાયુને હણે છે. માટે સઘળાં ફળોમાં આમળાં શ્રેષ્ઠ છે.' (સૂત્રસ્થાન: ૪૬-૬૧) આ ઉપરાંત ભોજનના આદિ, મધ્ય ને અંતમાં આમળાંનો ઉપયોગ કરવાનો તે આદેશ આપે છે. (સૂત્રસ્થાન: ૪૬-૨૩૮) વાગ્ભટ્ટ પણ રોજના આહારમાં આમળાંને ગણાવે છે. (સૂત્રસ્થાન: ૪૩) ભાવમિશ્ર આમળાંને वृष्यं रसायनम् (ઉત્તમ વીર્યપ્રદ અને પરમ રસાયન,—હરિતક્યાદિ વર્ગ) તરીકે વર્ણવે છે.

જાન્યુઆરીથી એપ્રિલ મહિના સુધીમાં આમળાં મળે છે. એના તાજા રસમાં સંતરાંના રસ કરતાં વીસ ગણું વિટામિન 'સી' છે. અરે, એક આમળામાં એક કે બે સંતરાંના જેટલું વિટામિન 'સી' હોય છે. લીંબુ-નારંગીના કરતાં લંગડા કેરીમાં વિટામિન 'સી' ચાર ગણું ને

જામફળમાં તો તે છ ગણું વધારે છે. પરંતુ એ સર્વ કરતાં યે તેને વધારે પ્રમાણમાં મેળવવાનું ને ગ્રામજનતા પણ મેળવી શકે તેવું ઉત્તમ સાધન તો આમળાં છે. આપણા શરીરની સામાન્ય રોજિંદી વિટામિન 'સી'ની જરૂરત ૪૦ મિલિગ્રામથી વધારે છે. આટલું 'સી' વિટામિન એક ગ્રામ (દોઢ આની ભાર) સૂકાં આમળાંના ચૂર્ણમાંથી મળી રહે છે. એક ઔંસ લીલાં આમળાંમાંથી ૧૭૦ મિલિગ્રામ વિટામિન 'સી' મળે છે.

વળી આમળાંમાં રહેલા કેટલાક ટૅનિન પદાર્થો અને રસની અમ્લતાને લીધે આમળાં સુકાયા કે શેકાયા છતાં તેમાં વિટામિન 'સી' જળવાઈ રહે છે. આપણા શરીરની રોજિંદી જરૂરિયાત પૂરતું વિટામિન 'સી' એક ગ્રામ સૂકાં આમળાંના ચૂર્ણમાંથી મળી રહે છે. લીલાં આમળાંને છૂંદીને તડકામાં સૂકવી લઇ પછી તે ખાંડી નાખવાથી એ ચૂર્ણ બને છે.

ખારા સિવાયના બાકીના પાંચે રસ આમળાંમાં સમાએલા છે. એમાં રહેલા ગુણો પ્રમાણે 'ભાવપ્રકાશ'માં તો એનાં 'ધાત્રી' અને 'અમૃતા' એવાં નામ આપ્યાં છે. માતાના અમૃત તુલ્ય ધાવણની જેમ અમૃત જેવો રસ ધારણ કરનારાં આમળાં 'ધાત્રી' છે; તો જેના સતત સેવનથી મૃત્યુ આઘું ઠેલાય છે એવાં એ આમળાં 'અમૃતા' છે. વળી આમળાંથી રક્તધાતુની શુદ્ધિ થઈ એનાથી પોષાએલી બધી ધાતુની શુદ્ધિ થાય છે, માટે તે 'રસાયન' પણ કહેવાય છે. આરોગ્ય માટે આમળાં પરમ હિતકારી છે. આયુર્વેદમાં આમળાંને 'જીવનદાયી' તરીકે શ્રેષ્ઠ લેખ્યાં છે. 'વીર્ય, મેધા, બળ ને બુદ્ધિવાળા હજાર વર્ષના આયુષ્યની પ્રાપ્તિ માટે' વાગ્ભટ્ટે 'આમલક રસાયન'નો પ્રયોગ લખેલો છે. ચ્યવનપ્રાશ આદિ નવચેતન પ્રેરક અવલેહો આમળાંની જાણીતી બનાવટો છે.

આહારમાં વિટામિન 'સી'ની ઊણપને લીધે થતા ન્યૂનતાજનિત રોગો નિવારવા અને મટાડવા માટે આમળાંનું સેવન ઇષ્ટ છે. બારે માસ આમળાં જાળવવા માટે એનો મુરબ્બો બનાવવામાં આવે છે. ડૉ. પાઠક કહે છે કે આમળાંના મુરબ્બામાં ૯૦ દિવસ સુધી વિટામિન 'સી'નાં તત્ત્વો જળવાઈ રહે છે. પણ આમળાંનો અલ્કગુણ જાળવી રાખવાની દૃષ્ટિએ તેને મીઠાના પાણીમાં આથવાં સારાં છે. બાકી આમળાંની ઋતુમાં તે પૂરતા પ્રમાણમાં ખાવા માટે તેનું શરબત બનાવવું ઇષ્ટ છે. આમળાંને ચટણીના પથ્થર ઉપર વાટી તેમાં પાણી છાંટી રસ નિચોવવો. રસમાં થોડું મીઠું નાખવું. ગળપણ લાવવા મધ વાપરવું.

નારંગી

રસાળ અને ખટમધુરી નારંગી, ખરે, ભાવપ્રકાશમાં લખેલા તેના પર્યાય 'મુખપ્રિય' પ્રમાણે, જોતાંવેંત જ મોઢામાં પાણી લાવનાર છે. તેનો તાજો રસ તરસ છિપાવનાર છે. હોજરીના દાહની સ્થિતિમાં પણ તે સારી રીતે માફક આવે છે. બાળકોને માટે તે સારક છે ને બહારના દૂધ ઉપર નભતાં બાળકોને વિટામિન 'સી'ની ઊણપથી થતા ન્યૂનતાજનિત સ્કર્વી રોગને નિવારનાર ને મટાડનાર તે શ્રેષ્ઠ ઔષધ છે.

ટમેટાં, કેળાં ને બીજાં ફળોની માફક નારંગી ઝાડ ઉપરથી તોડયા બાદ પાકતી નથી, પણ તે પાકયા બાદ જ ઝાડ ઉપરથી તોડવામાં આવે છે. વજનદાર નારંગીની જેમ જાડી છાલ કરતાં પાતળી છાલની નારંગીમાં પુષ્કળ રસ હોય છે. નારંગીમાં ૨૩ પ્રકારનાં આવશ્યક આહારદ્રવ્યો છે. વિટામિન 'સી' પુષ્કળ પ્રમાણમાં છે અને વળી એવા રૂપમાં છે કે જેથી એનું મૂલ્ય જળવાઇ રહે છે. તેમાં ફળશર્કરા, ફૉસ્ફરસ, લોહ, વિટામિન 'બી-૧', વિટામિન 'બી-૨' અને નિકોટિનિક ઍસિડ છે. નારંગીનો રસ પાચકરસ ઉત્તેજે છે. આંતરડાંનું 'હાઈજીન' વધારે છે ને અભિશોષણ બાદ રસના કે ખોરાકના કૅલ્શ્યમનો પેશીઓમાં સારો ઉપયોગ થવામાં સહાય કરે છે.

નારંગીનો રસ બાળકોને ખાસ આપવો. તેને વાપરતાં પહેલાં જ ગાળવો. બાકી તેને ચાવીને ખાવાથી તેના માવામાં રહેલા ક્ષારો ને વિટામિનોનો વિશેષ લાભ મળે છે. વળી રેફ્રિજરેટરમાં તેનો રસ લાંબા વખત સુધી સંઘરી શકાય છે. રોજ એક ઔંસ નારંગીના રસથી શરીરની વિટામિન 'સી'ની જરૂરત પૂરી પડે છે. નારંગીના અભાવે લીંબુ, ટમેટાં, એક રતલ બાફેલા બટાટા કે સવા શેર દૂધ પણ ચાલે.

નારંગી માંદગીનો ખોરાક લેખાય છે. બાકી ચરક, સુશ્રુત અને ભાવમિશ્ર તેને દુર્જર (दुर्जरं प्रोक्तं नारङ्गस्य फलं गुरु) માંડ પચે એવી અને ભારે, (સુશ્રુત સંહિતા: સૂત્રસ્થાન ૪૬–૭૫) કહે છે. આયુર્વેદના આહારશાસ્ત્રીઓએ એને દુષ્પચનીય અને ભારે કેમ કહી હશે?

નારંગી (અને બીજાં ફળો)ના રસોનો ઉપચાર-વિધિ પણ છે. લોહીની નળીઓ, હૃદય, ગુરદા, પેટ ને નજલાના રોગો માટે ફળોના રસની ચિકિત્સા જાણીતી છે. એમાં અઠવાડિયા સુધી રોગીને રોજના બે થી ત્રણ રતલ ફળના રસ ઉપર રાખવામાં આવે છે. ફળોના પોટૅશિયમની મૂત્રલ ને સ્વેદન અસરોથી રોગીને ફાયદો થાય છે. બાળકોને ખાટાં ફળ આપવાથી ખોરાકનાં કૅલ્શ્યમ, મૅગ્નેશ્યમ ને નાઇટ્રોજનની ધારણા વધે છે, શરીરનો વિકાસ થાય છે, મીઠા વગરના ફળાહારથી લોહીનું દબાણ ઘટે છે. હોજરીના ચાંદાના રોગીને પણ આરામ થાય છે.

અમેરિકાના નારંગી-ઉદ્યોગમાં તો નારંગીની દરેક ચીજનો ઉપયોગ થાય છે. તેની છાલમાંથી માર્મેલેડ બનાવાય છે, જેનો ગુણ સારક હોઈ આંતરડાંના રોગોમાં ખાસ ઉપયોગી નીવડે છે. બિયાંમાંથી રાંધવા માટેની ઓલિયોમાર્જેરીન નામની વનસ્પતિજ ચરબી કાઢવામાં આવે છે. છાલના રંગીન પડમાંથી રંગ માટે ટર્પીન કાઢવામાં આવે છે તો એમાંથી વિટામિન 'એ' બનાવવા માટે કેરોટિન પણ મળે છે. ધોળા માવામાંથી પેકટીન પ્રાપ્ત થાય છે, જે ઊંડા ઘા રુઝાવવા માટે કુદરતી બક્ષિશ સમાન નીવડયું છે. છાલ ધોવા માટે વપરાએલા પાણીમાંની શર્કરામાંથી હજારો ટન ખાંડ બનાવવામાં આવે છે. માવો, બિયાં ને રેષાઓ ઢોરોના ખાણ માટે વપરાય છે.

મોસંબી

મોસંબીમાં નારંગીના જેવા જ ગુણો છે, પણ મોસંબીની છાલ પાતળી અને વધારે સુગંધિત છે. વળી તેનો રસ પણ વધારે મિષ્ટ અને સોડમયુક્ત હોવાથી નારંગી કરતાં એનો વપરાશ વધારે છે.

મોસંબીનો રસ માંદગીનો પોષક અને પથ્ય ખોરાક છે. તેનો ગુણ ઊબકા-ઊલટી અટકાવવાનો અને કલેજું ઉત્તેજિત કરવાનો છે. શરીરમાં કોઈ રોગ ન હોય છતાં ય સતત થાકની લાગણી અનુભવાતી હોય તો તે દૂર કરવા મોસંબીના રસના પીણા જેવું બીજું એકેય સાધન નથી. આ સુસ્તીનું કારણ શરીરમાં વિટામિન 'સી'ની ઊણપ છે.

ટમેટાં

કાચાં ટમેટાંની ગણના શાકમાં ને પાકાંની ગણના ફળમાં થાય છે. વિટામિન 'સી'ની પ્રાપ્તિ કાજે જેઓ મોસંબી નારંગી જેવાં મોંઘાં ફળ ખાઈ ન શકે તેમના માટે અને ગ્રામજનોને પણ સહેલાઈથી મળે એવાં ત્રણ ફળો છે: લીંબુ, ટમેટાં ને આમળાં. આમાં ય ટમેટાં તો ઘરઆંગણે દેવદારના ખોખામાં પણ સહેલાઈથી ઉગાડાય છે.

ટમેટાંની કિંમત એસ્કૉર્બિક ઍસિડ (વિટામિન 'સી')ની સમૃદ્ધિને લીધે છે. નારંગી અને ગ્રેઈપફ્રુટના જેવાં તેનાં આહારમૂલ્યો છે. જો કે ખાટાં ફળોના જેટલી વિટામિન 'સી'ની વિપુલ ઘટ્ટતા ટમેટાંમાં નથી, પણ તેનું મૂલ્ય ધારણ કરવાનો ગુણ તો તે ધરાવે જ છે.

ફળોની કુદરતી અમ્લતામાં વિટામિન 'સી' જળવાઈ રહે છે. આ અમ્લતા ઘટવાથી કે ખોરાકનું અલ્કલીપણું વધવાથી વિટામિન 'સી'નું મૂલ્ય ઘટે છે. ગરમીથી પણ વિટામિન 'સી'નું પ્રમાણ ઘટે છે. ફળ

કાપ્યા બાદ હવાના પ્રાણવાયુના સ્પર્શથી, અલ્કલી ઉમેરાવાથી, ગરમી વધારવાથી અને રાંધવાના વાસણના તાંબાની છાંટ ભળવાથી પણ વિટામિન 'સી' નાશ પામવા માંડે છે. પણ ટમેટાંની વિશિષ્ટતા એ છે કે તેને કાપીને રાખી મૂકવાથી કે રાંધવાથી પણ તેનું વિટામિન 'સી' જળવાઈ રહે છે. નારંગીની પેઠે ટમેટાં પણ વિટામિન 'એ'નું સારું સાધન છે. રિબોફ્લેવિન (વિટામિન 'બી ૨') પણ તેમાં છે.

દાડમ

આની ત્રણ જાતો જાણીતી છે: મીઠાં, ખટમધુરાં ને ખાટાં. ગુજરાતમાં ધોળકા અને ભાવનગરનાં દાડમ વખણાય છે; પણ લોકપ્રિય દાડમ તો મસ્કત અને કંદહારનાં. એના દાણા ઘણા મોટા, ખૂબ રસવાળા ને સ્વાદમાં ખટમધુરા હોય છે. આપણા પ્રાચીન કવિઓએ સુંદર નારીના સુશોભિત ને ઘાટીલા દાંતને દાડમના મનોહર દાણા સાથે સરખાવ્યા હોવાનું જાણીતું છે.

મહર્ષિ ચરક મીઠાં દાડમને શ્રેષ્ઠ લેખાવે છે, કારણ કે તે પિત્તને ટાળનાર છે. ખાટાં દાડમ રુક્ષ ને પિત્તને કોપાવનાર છે. વાગ્ભટ્ટ મીઠાં ને ખાટાં દાડમને '*રુચિ ઉત્પન્ન કરી શરીરને ઉત્તેજનાર, હલકાં, સ્નિગ્ધ, ગ્રાહી, રુચિકર્તા અને દીપન*' કહે છે. ઉત્તમ ફળોની ગણતરીમાં સુશ્રુત દાડમને પણ ગણાવે છે. ચરક દાડમને હૃદય માટે *હિતકારી, ઊલટી* તથા મોળને મટાડનાર ને થાકને હરનાર કહે છે.

દાડમમાં ૧૦ થી ૧૫ ટકા શર્કરા અને સારા પ્રમાણમાં ટેનેટસ છે, જેને લીધે મળ બંધાય છે. આથી ઝાડા ને સંગ્રહણીમાં દાડમનું ઔષધીય મહત્ત્વ છે. લાલચોળ દાડમમાં લોહનું પ્રમાણ વધુ હોય છે. દાડમની છાલમાં એવાં દ્રવ્યો છે કે જેનાથી ટેઇપવર્મ જાતના-નામના પેટના કૃમિ નાશ પામે છે.

જાંબુ

જાંબુની બે જાતો જાણીતી છે: મોટાં ને નાનાં. મોટાં જાંબુને પારસ કહેવામાં આવે છે. સ્વાદની દૃષ્ટિએ મોટાં જાંબુ સારાં, પણ ગુણમાં નાનાં જાંબુ વખણાય છે. જાંબુનાં રૂપરંગ ઉપરથી તેને 'શ્યામલા' કહેવામાં આવે છે. પોપટને તે પ્રિય હોવાથી 'શુકપ્રિય' પણ કહેવાય છે.

તુરાં ને મધુર સ્વાદવાળાં જાંબુને ભાવમિશ્ર 'દસ્તને રોકનાર, રુક્ષ ને રુચિ ઉપજાવનાર' તરીકે વર્ણવે છે.

જાંબુના બે ગુણોનું ઔષધીય મહત્ત્વ સ્વીકારાયું છે. તે વધુપડતી પેશાબની હાજતને અંકુશમાં લઈ પેશાબનું પ્રમાણ ઘટાડે છે. એમાં રહેલાં ઍસિડ દ્રવ્યો મૂત્રમાર્ગની પથરીને ઓગાળી બહાર કાઢી નાખે છે. માટી ખાવાની ટેવવાળાં ફિક્કાં પડી ગએલાં ને મોટા પેટવાળાં બાળકોને મીઠા સહિત જાંબુ આપવાથી શરીરમાં લોહી પૂરાવા સાથે માટી ખાવાની ટેવ ભુલાય છે. જાંબુના ઠળિયા મધુમેહ, બહુમૂત્રતા, અતિસાર ને સંગ્રહણીમાં ઔષધીય અસર કરે છે. જાંબુનો રસ કે શરબત દુઝતા હરસ, સંગ્રહણી અને નાકમાંથી પડતા લોહી માટે ગુણકારી છે, તો એનો સરકો પેટનું શૂળ, અજીર્ણ, આફરો આદિ રોગોને મટાડે છે. જાંબુનો અવલેહ આંતરડાંના રોગો માટે વપરાય છે. જાંબુ ખાધાથી જીભ નિર્મળ બને છે, મોંની દુર્ગંધ ને ફિક્કાશ દૂર થાય છે. એના લાંબા સેવનથી શરીરનો રંગ પણ સુધરે છે. ઢોર માટે જાંબુ પૌષ્ટિક ખોરાક ગણાય છે. બીજા ખાણ સાથે વીસ ટકા મેળવણીમાં તેના ઠળિયા આપવાથી ઢોર પુષ્ટ થવા સાથે દૂધ પણ વધારે આપે છે.

શરીરે સોજા, સુવાવડું શરીર, ઉપવાસ ને ઊલટીની વ્યાધિવાળા માટે જાંબુ વર્જ્ય છે. ભૂખ્યા પેટે જાંબુ નહિ ખાવાનો આદેશ છે.

ક્ષુદ્ર ફળો

રાયણ, બોર, મહુડાં, સીતાફળ, કોઠું, બીલાં, આમલી વગેરે ક્ષુદ્ર ફળો છે. કોઈના વાવ્યા-ઉછેર્યા વિના કુદરતનું પાણી પી ઉછરતાં ને સૂર્યતાપથી પાકતાં આ વનફળ ગામડાંની પ્રજા માટે ફળાહારની મોટી સમૃદ્ધિ છે. ક્ષુદ્ર ગણાતાં છતાં તેમનાં આહારમૂલ્યો ગણનાપાત્ર છે.

બોરની ત્રણ ચાર જાતો છે: ચણી બોર, ખાટાં ને મીઠાં ગોળ બોર, મધુરાં કાશી ને ખારેકી બોર. આ બધી જાતોમાં છેલ્લી બે જાત ઉત્તમ લેખાય છે. હેમંત ઋતુમાં મીઠા, ખાટા ને ખારા રસોનું સેવન કરવાનો આયુર્વેદનો આદેશ છે. આ અનુસાર આ બધા રસોવાળાં બોર ખાવાં ઇષ્ટ છે. સુશ્રુત મધુર રસવાળાં પાકાં બોરને દસ્ત સારનાર કહે છે. ભાવમિશ્ર પાકેલાં ને મીઠાં બોરને વીર્ય વધારનાર, પુષ્ટિકારક ને તરસ મટાડનાર કહે છે. ચાવીને ખવાતાં બોરથી દાંત ચોખ્ખા થવા સાથે દાઢો મજબૂત બને છે ને મોઢું સ્વચ્છ થાય છે.

સીતાફળ માંસ ને રક્ત વધારનાર તથા બલપ્રદ છે. રાયણને ભાવમિશ્ર વીર્યવર્ધક અને બલપ્રદ કહે છે. મહુડાંનાં ફૂલના પણ આવા જ ગુણ છે. કોઠામાં વિટામિન 'સી', કૅલ્શ્યમ, ફૉસ્ફરસ ને લોહનું સારું પ્રમાણ છે. ગાયના દૂધ કરતાં પણ કોઠાંમાં કૅલ્શ્યમ વધારે છે. પાકું કોઠું ત્રણે દોષોનો નાશ કરે છે, હેડકી ને ઊલટી મટાડે છે, સંગ્રહણી ને ઝાડાના રોગમાં ફાયદો કરે છે. અને પાકા કોઠાની ચટણીનો ચટકો?

કલેજા કરતાં પણ વધારે લોહ આમલીના ગર્ભમાં હોવાનો ડૉ. મિલ્ડ્રેડ કૈયાનનો મત છે. ફળો માત્ર *પાકાં ખાવાનો આદેશ છે જ્યારે* ભાવમિશ્ર કાચા બીલાને ગુણકારી કહે છે. મરડામાં તે ખૂબ ફાયદાકારક છે. એનું શરબત ગરમ ઋતુમાં ઠંડકદાતા છે. કરમદાંમાં પણ લોહ સારું છે; તો ખટમધુરાં કમરખમાં વિટામિન 'સી' પુષ્કળ છે.

લીલી દ્રાક્ષ

દ્રાક્ષની ઘણી જાતો છે, પણ એને મુખ્યત્વે બે વર્ગમાં વહેંચી શકાય: મોટી અને નાની. મોટી દ્રાક્ષ રસાળ અને મીઠી હોય છે, તો નાની ખાટી અને તૂરી. દ્રાક્ષની હલકી જાતોમાં ૧૦ ટકા શર્કરાથી માંડી રસાળ જાતોમાં ૩૦ ટકા શર્કરા હોય છે. આથી સર રૉબર્ટ હચિન્સન દ્રાક્ષને સ્વાદિષ્ટ અને ખાદ્ય ફળોની વચમાં ગણાવે છે.

દ્રાક્ષમાં શર્કરાનું સારું પ્રમાણ હોવાથી ફળોમાં શક્તિદાતા તરીકે તેનું વિશિષ્ટ સ્થાન છે. ગળપણને લીધે સંસ્કૃતમાં તેનાં 'સ્વાદુફળા' અને 'મધુરસા' એવાં નામો છે. દ્રાક્ષની શર્કરા દ્રાક્ષશર્કરા (ગ્લુકોઝ)ના રૂપમાં હોઇ જલ્દીથી શોષાય છે. આથી તે માંદા માણસ માટે ઉત્તમ ખોરાક છે. દ્રાક્ષમાં વિટામિન થોડાં છે. વિટામિન 'એ' ને 'સી' તો કદીક બિલકુલ નથી હોતાં; પણ વિટામિન 'બી' ને અગત્યના ખનિજ પદાર્થો સારા પ્રમાણમાં છે. દ્રાક્ષમાં ટાર્ટરિક ઍસિડ છે, જે પોટાશ ટાર્ટરેટ અને મુક્તરૂપમાં છે. આંતરડાં અને ગુરદા ઉપર તેની અસર ઉત્તેજક છે. આથી દ્રાક્ષ સારક ને મૂત્રલ છે. વળી જંતુઘ્ન પણ છે.

મહર્ષિ ચરકે અત્યધિક પથ્ય ફળોમાં (मृद्वीका फलानां) દ્રાક્ષને ગણાવી છે, તો વાગ્ભટ્ટે તેને द्राक्ष फलोत्तमा (બધાં ફળોમાં ઉત્તમ) ગણાવી છે. ભાવમિશ્ર ને વાગ્ભટ્ટ દ્રાક્ષને આંખને હિતકારી અને વીર્ય વધારનાર કહે છે. હચિન્સન ઈંગ્લંડની ગ્રેઈપ ક્યોર ચિકિત્સા માટે લખે છે કે 'થોડી થોડી કરીને અને બે ટંક ભોજન વચ્ચે ૧ થી ૮ રતલ દ્રાક્ષ ખાવાની છે. જો બીજો ખોરાક પૂરતો હોય તો રોગીનું વજન વધે છે. દ્રાક્ષમાં આવેલા સેન્દ્રિય ઍસિડોને લીધે દ્રાક્ષ મંદ સારક અને મૂત્રલ છે ને પેશાબની અમ્લતા ઘટાડે છે.'

મંદ જઠર ને નિષ્ક્રિય આંતરડાંવાળા, દવા ખાઇ કંટાળેલા રોગીએ સવારમાં નારંગી, સફરજન ને દ્રાક્ષ ખાઇને તંદુરસ્તી અને તાજગી મેળવવાની અજમાયશ કરવા જેવી છે. દ્રાક્ષ ચૂસી લીધા બાદ છોડાં ને બી કાઢી નાખવાં, નહિતર તે આંતરડાંમાં દાહ ઉપજાવે છે.

સાહિત્યસંપર્ક

વાઙ્મયના ઉપાસક વૈજ્ઞાનિક

'કુમાર'ના ૪૨૦મા અંકમાં જેમનો વિસ્તૃત જીવનપરિચય આપ્યો હતો તે, આ સદીના પૂર્વાર્ધના એક અગ્રણી ગુજરાતી વૈજ્ઞાનિક અને સૌજન્યમૂર્તિ સાહિત્યકાર સ્વ. ડૉ. કાન્તિલાલ છગનલાલ પંડયાનાં બે પુત્રીઓ રશ્મિબહેન ત્રિવેદી તથા રજનીબહેન પંડયાએ, (અંગત સંબંધીઓ-સ્નેહીઓના ઉપયોગ અર્થે) એક સ્પૃહણીય સ્મૃતિગ્રંથ પ્રકટ કર્યો છે. તેમાં ૨૦ ગુજરાતી અને ૧૫ અંગ્રેજી સ્મૃતિલેખો, જુદા જુદા પ્રસંગ અને વયના ૧૯ ફોટોગ્રાફો, સ્વર્ગસ્થનાં લખાણોમાંથી ઉપયુક્ત ચયન, તથા આ ગ્રંથની જરૂરતને જ નહિ પણ સંશોધન-રસ ધરાવનાર જિજ્ઞાસુને સંતોષે એવી સ્વર્ગસ્થની સાહિત્યપ્રવૃત્તિની ખૂબ મહેનતે તૈયાર કરેલી બની તેટલી નિઃશેષ સૂચિ આપેલી છે. સંયોજક બહેનોના સ્વર્ગસ્થ પ્રત્યેના પૂજ્યાદરભાવ અને સ્મરણાંજલિ અર્પનારાઓનાં સ્નેહભાવ તથા મમતાના પ્રતીક સરખા એ ગ્રંથનું સંપાદન ગુજરાતી સાહિત્યના નેપથ્યમાં વસતા વિદ્વાન આચાર્ય રામપ્રસાદ પ્રે. બક્ષીએ કર્યું છે. એમણે પોતાના સંપાદકીય નિવેદનમાં 'વાઙ્મયના ઉપાસક વૈજ્ઞાનિક' એ મથાળા નીચે સ્વર્ગસ્થનું જે મનનીય મૂલ્યાંકન કર્યું છે એનો થોડો આસ્વાદ આ નીચે ઉતારીએ છીએ. એ ઉપરાંત, ગઈ બે પેઢીના ગુજરાતી સાહિત્યકારોની સ્મૃતિની દૃષ્ટિએ મોંઘું દસ્તાવેજી મૂલ્ય ધરાવતા બે ફોટોસમૂહ–એમાંથી ઓળખી શકાયા તેટલાના પરિચય સાથે—આ સાથેનાં પાનાંઓ પર પ્રકટ કરીએ છીએ.

વાઙ્મયના ઉપાસક વૈજ્ઞાનિક

"વિજ્ઞાન અને વાઙ્મય એ બેની અધિષ્ઠાત્રી દેવીઓ જુદી હોય, તો એ ઉભય દેવીઓની કાન્તિભાઈ પંડયા ઉપર એકસરખી કૃપા હતી. વિજ્ઞાનની દેવીનું સામ્રાજ્ય આધિભૌતિક ક્ષેત્રમાં છે: એના ઉપાસકનો ધર્મ 'મૅટર'નો પૃથક્કરણાત્મક અભ્યાસ કરીને તત્ત્વોનું અને એના ગુણનું સંશોધન કરવાનો છે. વાઙ્મયની દેવીનું સામ્રાજ્ય ભાવમય જગત્‌માં છે: એના ઉપાસકનો ધર્મ જીવનના અનુભવસંસ્કારોને ઝીલીને, ચિત્તમાં સંગ્રહીને, એનું સંયોજનાત્મક પ્રતિસર્જન કરવાનો છે. આ દેવીઓની આરાધનાની ભૂમિ નિરાળી છે, ઉપકરણ-સામગ્રી જુદી છે, વિધિસરણિ વિભિન્ન છે.

આ બંને દેવીઓની આરાધનામાં સતત ઉદ્યુક્ત રહેનાર, એકની ઉપાસનાના ફલનું અન્યની ઉપાસનામાં નૈવેદ્ય ધરનાર, ને બંનેની કૃપાની પ્રતીતિ આપનાર કાન્તિભાઈ હતા, તેવો બીજો ગુજરાતી શોધવો પડે.

કાન્તિભાઈ આ બંને વિદ્યાઓના સંસ્કારનું વિકાસક્ષમ બીજ લઇને જન્મ્યા હતા. એમણે પ્રત્યક્ષ રીતે વિજ્ઞાનની ઉપાસના વધારે અને વધારે વર્ષો સુધી કરી, પણ એમના લેખોમાં જે સાહિત્યસંપર્કનાં પ્રમાણો અને સાહિત્યગુણનાં તત્ત્વો નજરે પડે છે એ જોતાં જણાય છે કે વિજ્ઞાનના આ અધ્યેતા અને અધ્યાપક વાઙ્મયની ઉપાસનાને કદી વીસર્યા નહોતા.

એમના જન્મલબ્ધ કુલસંસ્કારો એવા હતા, એમના ઉછેરનું વાતાવરણ એવું હતું, કે એઓ વાઙ્મયની દેવીના કૃપાકટાક્ષો પ્રથમથી જ ઝીલે, એ દેવીના લીલાવિભ્રમોથી પહેલા પ્રભાવિત થાય. અક્ષરબ્રહ્મની ઉપાસક અને જીવનને જ્ઞાનદૃષ્ટિએ જોનારી નાગર બ્રાહ્મણ જ્ઞાતિના ઉચ્ચ વિદ્યાસંસ્કારથી સમૃદ્ધ કુલમાં એમનો જન્મ થયો. એમના પિતા છગનલાલ પંડયા, બાણકૃત કાદંબરીના અદ્વિતીય ભાષાન્તરકર્તા, સાહિત્યના ઉપાસક હતા. એમનાં માતા સમર્થલક્ષ્મી, 'સરસ્વતીચંદ્ર' ભાગ ૩જામાં એમને અર્પેલી 'નિવાપાંજલિ'માં ગોવર્ધનરામે કહ્યું છે તે પ્રમાણે, એ વિદ્યાપ્રભુ બન્ધુ પાસેથી વિદ્યાસંસ્કાર પામ્યાં હતાં અને 'સરસ્વતીચંદ્ર'ના કર્તાની નિકષશિલા હતાં. એ માતાનો સંસ્કાર-સંસર્ગ કાન્તિભાઇને જન્મ પછી માત્ર છ વર્ષો પર્યન્ત જ મળ્યો, પણ એટલા અલ્પ અવધિમાં પર્યાપ્ત મળ્યો. અને એ મામા ગોવર્ધનરામના સહવાસમાં કાન્તિભાઈના જન્મલબ્ધ સાહિત્યસંસ્કારને વિકસવાની પૂર્ણ, અપૂર્વ, અનુકૂલતા સાંપડી.

આમ, સાહિત્ય એ એમનો જન્મલબ્ધ, કુલસંસ્કારપ્રાપ્ત, પ્રથમ રસવિષય હતો; પણ એમણે ખાસ અભ્યાસ કર્યો રસાયનશાસ્ત્રનો, અધ્યાપન કર્યું રસાયનશાસ્ત્રનું. એ વિષે એમનું પોતાનું ૧૯૨૪માં કરેલું કથન મનનાર્હ છે:

'મારી જિંદગીનો અર્ધાથી વધુ વખત હું વિજ્ઞાનને જ ચરણે ધરી ચૂક્યો છું. વિજ્ઞાનને ખાતર બી.એ.માં બીજા મનગમતા વિષયો છાંડયા, વિજ્ઞાનથી જ એમ.એ. થયો, એના જ અભ્યાસ માટે બે વર્ષ બૅંગ્લોર ગયો અને ૨ાા-૨ાા વર્ષ લંડનમાં રહ્યો. ૩૮ વર્ષ લગી (બીમારીને લીધે લૅબોરેટરી છોડવી પડી ત્યાં લગી) વિજ્ઞાનની એક મોટી શાળામાં રસાયનનું શિક્ષણ આપ્યા કર્યું. બેશક છેક ૧૯૧૦ માં 'શ્રીયુત ગોવર્ધનરામ' પુસ્તક લખ્યું હતું અને બીજા લેખો પણ લખ્યા હતા; પરંતુ આ અરસામાં રસાયનના સંશોધનના સાઠેક 'Papers' પ્રકટ કર્યા, અને એ પ્રકટ કરવાનું કામ હજુ ચાલે છે.'

વિજ્ઞાનેતર વિષયોના એમના લેખોનું પ્રમાણ પણ ઘણું મોટું છે. એમણે ગ્રન્થાવલોકનો લખ્યાં, શિક્ષણવિષયક લેખો લખ્યા, સમાજ અને રાષ્ટ્રના પ્રશ્નોની મીમાંસા કરી, પ્રવાસવર્ણનો લખ્યાં, વ્યક્તિચિત્રો આલેખ્યાં, સર્જન-

> 'કોઈ વૃક્ષની જેમ ધીરેધીરે અંદરથી ઊગવું, આસપાસના વાતાવરણને અનુકૂળ બનાવી વિકસાય તેટલા વિકસવું, થોડાં પાંદડાં, મંજરીઓ ને ડાળખી ચૂંટાય, લૂંટાય, તૂટે કે કપાય તો ય વૃક્ષનો ધર્મ જારી રહેવો, ને સમય આવ્યે ચૂપચાપ ચાલ્યા જવું–કશા ક્લેશ વિના, કોલાહલ કે કટુતા વિના, કશી યે આપવડાઈની આત્મકથની વિના.'
>
> (કાન્તિભાઇનો જીવનમંત્ર)

શબ્દકથા: દુલારો

'દુલારો' સાંભળતાં જ આપણને 'નંદનો દુલારો' યાદ આવવાનો. હિન્દીમાં 'નંદદુલારે' પુરુષનામ તરીકે પ્રચલિત છે, અને 'દુલારો' શબ્દ પણ ગુજરાતીને વ્રજભાષા તરફથી મળ્યો છે: 'જશોદાનો લાલો, 'નંદનો દુલારો'ને 'રાધા ગોપદુલારી' અનેક કૃષ્ણ કાવ્યોમાં આપણાં જાણીતાં છે.

હિન્દીમાં 'દુલારો' એટલે 'દીકરો', 'દુલારી' એટલે 'દીકરી'; પણ મૂળ અર્થ 'લાડકો', 'લાડકી' છે. 'દુલાર' એટલે 'લાડ' અને 'દુલારના' 'દુલરાના' એટલે 'લાડ લડાવવા'. આ બધાના મૂળમાં સંસ્કૃત दुर्लालित છે. लालित એટલે 'લાડ લડાવેલ', दुर्लालित એટલે 'અતિશય લાડ લડાવેલ'. પ્રાકૃતમાં दुल्लालिअ થાય; ધાતુ दुल्लाल ને તે ઉપરથી 'દુલાર', 'દુલારો' વગેરે.

'લાડ' અને ('લાલિત'માંનો) 'લાલ' મૂળે એક જ છે એ જોતાં, 'દુલાર' ને 'લાડ' વચ્ચે તથા 'દુલારો' ને 'લાડકો' વચ્ચે અર્થસગાઇ જ નહિ, શબ્દસગાઇ પણ માનવી પડશે.

—હરિવલ્લભ ભાયાણી

(જુલાઈ ૧૯૬૧) ૨૪૨/૩

અનુવાદ દ્વારા લલિત વાઙ્મય રચ્યું, ભાષાના તથા સાહિત્યના પ્રશ્નોને ચર્ચતા લેખો લખ્યા, અને વિનોદગર્ભ હળવા નિબંધો પણ લખ્યા.


કાન્તિભાઈની વાઙ્મયસિદ્ધિ માત્ર લેખની દ્વારા જ નહિ, મૌખિક વાણી દ્વારા પણ પ્રકટ થતી હતી એનું પ્રમાણપત્ર નરસિંહરાવ દિવેટિયાએ આપેલું છે, જે એ કવિ-ભાષાવિજ્ઞાનીની 'રોજનીશી'માં નોંધેલું છે; તેમાંથી અલ્પ અંશ અહીં ટાંકું છું:

'વાંદરા—તા. ૯-૪-૧૧, રવિવાર. The Unionમાં 'પ્રેમાનંદનાં કાવ્યો'ના ગયા રવિવારના ભાષણ પર ચર્ચા થવાની હતી તેથી ગયો... હું ગયા વખતથી, ચાલુ પ્રમુખ હતો... કાન્તિલાલના વિચાર બધા ગંભીર, સમતોલ અને સારા હતા; ને તેમની વક્તૃત્વની છટા ઘણી જ અદ્ભુત હતી; મુદ્દાની નોંધબોધ કશું રાખ્યા વિના, તૈયારી વિના, અસ્ખલિત પ્રવાહની વાણી, શુદ્ધ સરલ ભાષા, અને દોષહીન ભાષા વગેરે બધા ગુણ હતા.'

નરસિંહરાવ જેવા પરીક્ષકની કલમ પાસે આવાં પ્રશંસાવચનો લખાવનારું આ ભાષણ ઈ. ૧૯૧૧માં કાન્તિભાઇએ કર્યું ત્યારે એમની ઉમર લગભગ સાડા ચોવીશ વર્ષની જ હતી!


કાન્તિભાઇ કેવા આદર્શ ગુરુ હતા, એ એમના શિષ્યોએ આ ગ્રન્થમાં લખ્યું છે. એમની કુટુંબવત્સલતા, જીવનની વ્યવસ્થિતતા, અતિથિસત્કારની ભાવના, નિર્વ્યાજ શુચિતા ને સુજનતા આદિ ચારિત્રગુણોની સંપત્તિ કેવી મોટી હતી એનો આદર ને ઉમળકાભર્યો ઉલ્લેખ મિત્રોએ એમાં કર્યો છે.

એમનો 'મુદ્રાલેખ' આ સાથે ટાંકીને એ વાઙ્મયોપાસક વૈજ્ઞાનિકને આ વાઙ્મયઅર્ઘ્ય પૂર્ણ કરું છું."




ત્રીજી ગુજરાતી સાહિત્ય પરિષદ • રાજકોટ ઈ. ૧૯૦૯

ઓળખી શકાયાં તેટલાંનો પરિચય સાથેના પાને [નિર્દેશક-રેખાંકન નીચે આપ્યો છે.




ઈ. ૧૯૦૯માં રાજકોટમાં ભરાએલી ગુજરાતી સાહિત્ય પરિષદ સમયના સામા પાના પરના ફોટોગ્રાફમાંની ઓળખી શકાઈ તેટલી વ્યક્તિઓનો, ઉપર આપેલા નિર્દેશક-રેખાંકનમાંના ક્રમાંક અનુસાર પરિચય: ૭ ભોગીન્દ્રરાવ રતનલાલ દિવેટિયા, ૧૧ હરિરાય બુચ (વડોદરા), ૧૨ જયસુખરાય પુ. જોષીપુરા ? ૧૩ અંબાલાલ બુલાખીરામ જાની, ૧૪ શંકરરાય અમૃતરાય સહીઅઠ, ૧૮ ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ, ૨૩ ડાહ્યાભાઈ લક્ષ્મણભાઈ પટેલ, ૨૫ **કાન્તિલાલ છગનલાલ પંડ્યા**, ૨૬ ગટુલાલ ગોપીલાલ ધ્રુ, ૨૭ ચન્દ્રશંકર નર્મદાશંકર પંડ્યા, ૩૩ ભાનુસુખરામ નિર્ગુણરામ મહેતા, ૩૫ પ્રો. સાંકળચંદ જે. શાહ, ૩૬ હિંમતલાલ ગણેશજી અંજારિયા, ૩૮ જન્મશંકર મહાશંકર બુચ (લલિત), ૩૯ બળવંતરાય કલ્યાણરાય ઠાકોર, ૪૦ ગોંડળના સ્ટેટ વકીલ શ્રી શુક્લ, ૪૧ ભોજનજી દીવાન (ગોંડળ), ૪૩ રા.બ. કેશવલાલ ગિરધરલાલ ત્રિવેદી, ૪૫ પ્રાણશંકર ભવાનીશંકર જોષી, હજૂર સેક્રેટરી, ગોંડળ, ૪૭ ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદી, ૪૯ નગીનદાસ આત્મારામ માસ્તર? ૫૭ શારદાબહેન સુમન્ત મહેતા, ૫૮ વિદ્યાબહેન રમણભાઇ નીલકંઠ, ૬૦ ઠાકોર શ્રી દોલતસિંહજી (લીમડી), ૬૧ મહારાજા ભગવતસિંહજી (ગોંડળ), ૬૨ અંબાલાલ સાકરલાલ દેસાઇ (પ્રમુખ), ૬૩ મહારાણી નંદકુંવરબા (ગોંડળ), ૬૪ કુ. બાકુંવરબા (ગોંડળ), ૬૬ કુ. લીલાબા (ગોંડળ), ૬૬ લાલશંકર ઉમિયાશંકર ત્રિવેદી, ૬૮ કેશવલાલ હર્ષદરાય ધ્રુવ, ૬૯ ડાહ્યાભાઈ પીતાંબરદાસ દેરાસરી, ૭૦ સર પ્રભાશંકર દલપતરામ પટ્ટણી, ૭૧ શેઠ પુરુષોત્તમ વિશ્રામ માવજી, ૭૨ કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, ૮૦ રમણભાઈ મહીપતરામ નીલકંઠ.



ગુર્જરસભા-મુંબાઈ · ઈ. ૧૯૧૧

ઓળખી શકાયા છે તેમનો પરિચય સામેના પાને નિર્દેશક-રેખાંકન નીચે આપ્યો છે.



મુંબાઇની 'ગુર્જરસભા'ના, આ સામેના પાના પર આપેલા ફોટોગ્રાફમાંની ઓળખી શકાઈ તેટલી વ્યક્તિઓનો, ઉપર આપેલા નિર્દેશક-રેખાંકનમાંના ક્રમાંક અનુસાર પરિચય

૪ જમનાદાસ મ. મહેતા, ૫ અંબાલાલ બુલાખીરામ જાની, ૭ હીરાલાલ થાનકી, ૧૪ રામનારાયણ વિશ્વનાથ પાઠક, ૧૫ સવાઈલાલ ચુનીલાલ યાજ્ઞિક, ૧૬ રમણીયરામ ગોવર્ધનરામ ત્રિપાઠી, ૧૭ રતિલાલ ચુનીલાલ યાજ્ઞિક, ૧૮ ઈન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિક, ૧૯ ધર્મસુખરામ તનસુખરામ ત્રિપાઠી, ૨૧ મણિલાલ હુકમચંદ ઉદાણી, ૨૨ પુરુષોત્તમરાય ત્રીકમરાય માંકડ, ૨૪ મનુભાઈ ચંદ્રવિદ્યાનંદ પંડ્યા, ૨૬ ભગવાનલાલ ગિરિજાશંકર ભટ્ટ, ૨૭ ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદી, ૨૮ કલ્યાણીદાસ જેકિસનદાસ દેસાઇ, ૨૯ કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, ૩૦ નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા, ૩૧ વિશ્વનાથ પ્રાણજીવન વૈદ્ય, ૩૨ નગીનદાસ ત્રિભોવનદાસ માસ્તર, ૩૩ કાલિદાસ ભગવાનદાસ વિભાકર, ૩૪ નૃસિંહ ભગવાનદાસ વિભાકર, ૩૭ **કાન્તિલાલ છગનલાલ પંડ્યા**, ૩૮ મનસુખલાલ આત્મારામ માસ્તર, ૩૯ પરધુભાઈ વ્હાલાભાઇ શર્મા, ૪૦ નલિનકાન્ત નરસિંહરાવ દિવેટિયા, ૪૧ કુ. લવંગિકા નરસિંહરાવ દિવેટિયા, ૪૨ ચન્દ્રશંકર નર્મદાશંકર પંડ્યા, ૪૩ ભાનુશંકર હરિશંકર યાજ્ઞિક, ૪૪ શિવલાલ ઉત્તમરામ યાજ્ઞિક

પચ્ચીસ વર્ષ પહેલાં

અષાઢ
૧૯૯૨
અંક
૧૫૧

કુમાર



'મોતી, તેની ઉત્પત્તિ, પ્રાપ્તિ ને ખેતી' એ નામનો એક માહિતીપૂર્ણ રસભર લેખ રામસિંહજી રાઠોડ જેવાની કલમે તે કાળે લખાએલો. એ અનન્ય લેખ આજે પણ એટલો જ ઉપયોગી ને આકર્ષક લાગે એવો છે:

"મહામૂલું મોતી એ માનવીનું અનન્ય આભૂષણ ગણાય છે. મોતી મુખ્યત્વે એશિયાઇ સમુદ્રોની ઉત્પત્તિ છે. હિંદની દક્ષિણે સિંહદ્વીપ પાસે મનારનો અખાત પ્રાચીન કાળથી મોતીની ઉત્પત્તિ માટે પ્રસિદ્ધ છે. ઇરાની અખાતમાં બહેરીન દ્વીપ પાસેથી તો છેક જૂના કાળથી દુનિયામાં પુષ્કળ મોતી મળતાં આવ્યાં છે. મેક્સિકોની ખાડીમાં, ઑસ્ટ્રેલિયાની કંઠારમાં, માડાગાસ્કર, અરબસ્તાન, ન્યૂ ગાએના, બોર્નિયો, ફિલિપ્પાઇન અને જાપાન નજીકના સમુદ્રોમાં પણ ઉત્તમ મોતી પાકે છે.

સૌ જાણે છે કે એ મોતી પૂરું પાડનાર કાલુ માછલી (Mother-of-pearl oyster; વૈજ્ઞાનિક નામ Meleagrina margaritifera) છે. પણ દુન્યવી વસ્તુઓમાં સૌંદર્યશ્રેષ્ઠ મોતીના જનક એ પોચા પ્રાણીને તો નજરે જોવું યે ન ગમે! મોતીની રચના જાણવાને આપણે એક આછો દૃષ્ટિપાત એ પ્રાણીના જીવન તરફ કરવો પડશે. કો' મહાકવિના કાવ્યની નાયિકાના કપોલ પરથી સરતાં અશ્રુબિંદુ શાં ગોતીની કથા પણ કરુણ છે.

મોતી નીકળતાં હોય એ સ્થળના સમુદ્રની સપાટી પર આપણે કોઈ ચીકણા પદાર્થના નાના કટકા જેવા છીપ વિનાના ઝીણા અને પોચા પ્રાણીને તરતો નીરખીએ તો ખયાલે ન આવે કે એ જ પ્રાણી ભવિષ્યમાં મોતી પૂરાં પાડશે. વખત જતાં એ પ્રાણીની છીપ વધતાં એનું વજન પણ વધે છે, એટલે પછી એને સમુદ્રતળિયે જઇ રહેવાની ફરજ પડે છે,–એ ફ્રમે છે. ત્યાં પોતાના શરીરમાંથી તાંતણા જેવા રેસા (byssus) કાઢી તે તળિયે કોઈ અચર પદાર્થને વળગી રહે છે. પોતાના જીવનનિર્વાહ અર્થે સમુદ્રનું ઝીણાઝીણા જંતુવાળું પાણી એ પીએ છે. ઝીણા જંતુઓને પોતાના પોષણ માટે રાખી બાકીનું નકામું પાણી એ શરીર બહાર કાઢી નાખે છે. ક્વચિત કોઇ રજકણ, માછલીનું ઈંડું કે કોઈ સમુદ્રજંતુના હાડકાની અતિ નાની કણી એ ઑઈસ્ટર પાણી સાથે ગળી જાય છે, પણ ગળી ગયા પછી તેને બહાર કાઢી શકતું નથી. એની આ અશક્તિમાં જ કુદરતે મનુષ્યને મોતીની બક્ષિશ આપેલી છે.

એ નાનોસરખો કણ એના શરીરની અંદર પડી રહે છે, ને પછી ત્યાં એનો અસહ્ય સ્પર્શ એનાથી ખમાતો નથી. એને એથી અત્યંત દુ:ખ થાય છે. દુ:ખ હળવું કરવા કુદરતે એને એક ઉપાય બક્ષેલો છે. એના શરીરમાં ઉત્પન્ન થતા એક પ્રકારના પ્રવાહી (nacre)નું પડ ચડાવી એ પ્રાણી પેલી વસ્તુને આવરી લે છે; પરિણામે તે લીસી બને છે.

વખત જતાં એ રસનું આવરણ પણ કઠણ બને છે. પછી તો મેઘધનુષને મળતા ચૂના જેવા એ રસ (lamina)નાં પડ પર પડ પેલી વસ્તુ પર એ પ્રાણી ચડાવતું રહે છે. રફતેરફતે એ થર કઠણ અને વધારે લીસા બની વસ્તુ મોટી બને છે. આ જ આપણું મનોહર મોતી.

મોતી ઉત્પન્ન કરતાં એ પ્રાણીઓનું નિવાસસ્થાન હમેશાં છીછરા સમુદ્ર અને રેતાળ કિનારે હોય છે; પણ મુખ્યત્વે કાલુ માછલીની છીપમાં જ સાચાં અને સુંદર મોતી પાકે છે. કેટલાક દેશની મોટી નદીઓમાં પણ મોતીની છીપો તો મળી આવે છે, પણ એ મીઠા પાણીમાં થતાં મોતી દરિયાઇ મોતી કરતાં ઘણુંખરું રંગે ઝાંખાં ને સૌંદર્યમાં કનિષ્ઠ પ્રકારનાં હોય છે.

જે છીપો બેડોળ આકૃતિની અને વૃદ્ધિમાં ઠીંગરાઈ ગએલી તેમજ દેખાવે કૃત્રિમ અને કુરૂપ રીતે વધેલી લાગતી હોય અથવા જેના પર પરોપજીવી જંતુઓનાં જાળાં બંધાએલાં હોય એ જ છીપોમાં મોતી પાકે છે. આ છીપ

મોટી હોય છે અને એ ચાર વર્ષની વયે પહોંચતાં સુંદર મોતી આપી શકે છે. સાત આઠ વર્ષની છીપ સારી પેઠે પુખ્ત ગણાય છે અને તેમાંથી નીકળતું મોતી મોટું ને તેજસ્વી હોય છે.

મોતીની છીપ કાઢનારાઓ કોઈ કાલુ માછલીની છીપને ખુલ્લી જુએ અને લાગ આવે તો તેમાં કાંઈક સૂક્ષ્મ વસ્તુ તેઓ મૂકી દે છે. વખત વીતતાં તેના પર મોતી બંધાય છે. ચીનનાં મોતીઓમાં કયારેક બુદ્ધની કે બીજી મૂર્તિઓ કે એવું કાંઈ જોવામાં આવે છે, તે અદ્ભુત મોતી આ જ રીતે બનેલાં. કાલુની છીપમાં બુદ્ધની અતિ બારીક કોરેલી મૂર્તિઓ મૂકી તેના પર મોતી બંધાવા દીધેલી આવી છીપોનો સંગ્રહ લંડનના સાઉથ કેન્સિંગ્ટનમાં આવેલા નૅચરલ હિસ્ટરી મ્યૂઝિયમમાં છે. કોલંબો સંગ્રહાલયમાં બાર કૅરૅટ વજનનું ખૂલતા સોનેરી રંગનું એક તેજસ્વી મોતી છે ને એના નીતર્યા પારદર્શક પડ નીચે સફેદ હાથીનો સંપૂર્ણ આકાર જોઈ શકાય છે. એ મોતી બે હજાર વર્ષનું જૂનું કલ્પવામાં આવે છે અને એના ગર્ભભાગમાંનો હાથી હાથીદાંતનો બનાવેલો હોય એમ સૂક્ષ્મદર્શક યંત્રથી તપાસતાં જણાય છે.

મોતી ઉત્પન્ન કરતા એ પ્રાણીની છીપનો બહારનો ભાગ જેમ ઘસાતો જાય તેમ અંદરનો ભાગ બહાર આવતો જાય છે. છીપ પાતળી અને અસમર્થ ન થઈ જાય તે માટે એ પ્રાણી અંદરથી પોતાની છીપ પર પડો ઉમેરતું જ રહે છે. જે રસનું મોતી બને છે તે જ વસ્તુના એ છીપના થર પણ બનેલા હોય છે. એ છીપ બહારથી જેટલી બેડોળ ને વિષમ દેખાય છે તેટલી જ અંદરથી સુંવાળી ને સુંદર હોય છે. મદ્રાસ તરફ તુતીકોરીન એની નિકાસનું મુખ્ય મથક છે. ઘરેણાં, રમકડાં, બટન અને ચપ્પુ કે છરીના હાથા બનાવવામાં તે ઉપયોગી છે. હિંદમાં કોટા, ભેરા અને આગ્રામાં લાકડા તેમજ પથ્થર પર છીપો જડવાનો ઉદ્યોગ જૂના કાળથી છે.

સ્વાતિ નક્ષત્રમાં પડતાં વરસાદનાં ટીપાં જો કોઇ મોતીની માછલી અદ્ધરથી ઝીલી લે તો તે ટીપાનું તેના પેટમાં મોતી બને છે, એવી આપણી પુરાણી માન્યતામાં કેટલું તથ્ય હશે? આપણાં પુરાતન પુસ્તકોમાં ઘણા વિચિત્ર ગુણધર્મવાળાં અને ઘણી વિલક્ષણ રીતે ઉત્પન્ન થતાં મોતીઓનો ઉલ્લેખ પણ મળે છે.

સાચાં મોતીની અછત દૂર કરવા પાશ્ચાત્ય વિજ્ઞાનીઓ વર્ષોથી પ્રયાસ કરતા આવેલા છે. કાલુ માછલીના શરીરમાંના મોતીરસ વડે પ્રયોગો દ્વારા મરજી મુજબનાં મોતી મેળવી શકાય છે એવું ઈ. ૧૮૮૦માં બર્લિનમાં ભરાએલા આંતરરાષ્ટ્રીય મોતીપ્રદર્શન વખતે જાહેર કરવામાં આવેલું ને એવું એક અભિનવ મોતી પ્રદર્શનમાં મુકાએલું. ત્યાં ગએલા એક જાપાની સંશોધક ડૉ. મિત્સુકુરીએ પોતાને દેશ જઇ તે જ વખતથી મોતીની છીપો ઉછેરી એવાં મોતી પકવવાની રીત શોધવાના અખતરા ચાલુ કર્યા; અને પાછળથી મિ. કોકીચી મિકીમોટોએ ૧૯૧૩ ૧૪ સુધીમાં તો એ પદ્ધતિમાં સંપૂર્ણ સફળતા મેળવી. આ મોતીને તેણે 'કલ્ચર મોતી'નું નામ આપ્યું.

રાસાયણિક દ્રવ્યોવાળી તાસકો સાથેનાં તારનાં પાંજરાં એ બે માસ સુધી દરિયામાં રાખે છે. દરમિયાન દરેક પાંજરામાં સોળ સોળ હજાર જેટલાં ઇંડાંમાંથી તાજાં જ નીકળેલાં બચ્ચાં ત્યાં આવી ચોંટી જાય છે. બે વર્ષ સુધી આ બચ્ચાંને સંભાળપૂર્વક ઉછેરવામાં આવે છે ને પછી દરિયામાં છોડી દેવામાં આવે છે.

'આમા-સાન'ને નામે ઓળખાતી જાપાની કુમારીઓ પછી એ માછલીઓ એકઠી કરવા દરિયામાં ઊતરે છે. મિ. મિકીમોટોના શસ્ત્રવૈદ્યો આ એકઠી કરેલી માછલીઓના શરીરમાં પિચકારી દ્વારા રજકણો (epithelium) દાખલ કરી દે છે. આ એપિથેલિયમ પાછું એ માછલીઓમાંથી કાઢી બીજી પુખ્ત માછલીઓમાં દાખલ કરવામાં આવે છે. એમ કરતાં થતા જખમો રસાયણોથી રૂઝવી એ માછલીઓને પછી પાંજરાંમાં મૂકી સાત વર્ષ સુધી સમુદ્રતળે રાખે છે. છ છ મહિનાને અંતરે એ પાંજરાંને પાણીની સપાટી પર લાવી તેમાંની છીપોને સાફ કરે છે. સાત વર્ષને અંતે તેઓ એ છીપોમાંથી અર્ધ ઉપરાંતમાંથી કર્ષણ (કલ્ચર) મોતી મેળવે છે. જાપાનનો ગોકાશો ઉપસાગર આ કર્ષણ મોતીઓનું મોટું મથક છે ને જૂનની શરૂઆતમાં એ કાર્ય ત્યાં ધમધોકાર ચાલે છે. વૈજ્ઞાનિકોના અભિપ્રાય પ્રમાણે સાચાં ને આકર્ષણ મોતી વચ્ચે કાંઈ મહત્ત્વનો તફાવત નથી.

પૌરવાત્ય દેશોમાં સિંહલદ્વીપનો મોતીકાઢવાનો ઉદ્યોગ મોટો ગણાય છે. એ ઉદ્યોગ ત્યાંની સરકારને જ તાબે છે ને એકે મોતી ચોરાઈ ન જાય તે માટે ત્યાં પૂરતો જાપ્તો રાખવામાં આવે છે. ત્યાં દર વર્ષે મોતી મેળવવા લગભગ પાંચ કરોડ કાલુ માછલીની છીપો પકડવામાં આવે છે અને સરેરાશ આશરે પચીસથી ત્રીસ લાખ રૂપિયાની આવક એ ઉદ્યોગમાંથી થાય છે.

મોતી કાઢનારાઓ સાંજે કાંઠે પહોંચી છીપોને પોતપોતાનાં છાપરાં હેઠળ લઈ જાય છે અને ત્યાં એના ચાર ઢગલા કરે છે. તેમાંથી એક ઢગલો ડૂબકી મારનારાઓને બક્ષિશ તરીકે મળે છે. પછી એ મોતીની છીપોની ત્યાં હરરાજી થાય છે. તે વખતે જુદાજુદા દેશ ને કોમના હજારો મોટામોટા ઝવેરીઓ, વેપારીઓ અને દલાલો વગેરેનું ટોળું ત્યાં હાજર રહે છે. એક હજાર છીપનો જથ્થો એક સાથે વેચાય છે. જે વેપારી ભાગ્યશાળી હોય તેની છીપોમાંથી મૂલ્યવાન મોતીઓ નીકળી પડે છે.

એ મોતીની છીપોને તેમાંની કાલુ મરી જાય તે માટે જમીનમાં દાટવામાં આવે છે. છીપ સુકાઇ જતાં તેમને છરીથી ઉઘાડી જેમાં મોતી દેખાય તે છીપોનો જુદો ઢગલો કરે છે. પછી એ મોતીઓને ચૂંટી કાઢી તેમને ચમકદાર, સ્વચ્છ અને સુઘાટીલાં કરવા મોતીની જ ભસ્મથી ઘસે છે. એ કાર્યમાં પહેલાં મીઠું અને ચોખાનો લોટ પણ વાપરતા. મોતીનું કદ નક્કી કરવા પિત્તળની ચડઊતર કાણાં પાડેલી દસ રકાબીઓની એક થપ્પી કરે છે, જેમાં કાણું ઉપરથી ક્રમાનુસાર સહેજ નાનું થતું આવે છે અને નીચેની સૌથી મોટી રકાબીમાં તદ્દન નાનું બને છે. જે રકાબીમાં મોતી અટકે તે વળતું એ ગણાય છે. પછી તેને તોળી, તેના રંગ, કદ ને આકાર પ્રમાણે તેનો વર્ગ નક્કી કરી કિંમત અંકાય છે. મોટું, સુરેખ અને લાવણ્યમય મોતી બહુમૂલ્ય ગણાય છે. બારીક મોતી બાજરિયાં મોતી તરીકે ઓળખાય છે.

આ સામાન્ય તેજસ્વી મોતી ઉપરાંત બીજાં બહુરંગી પ્રકાશ આપતાં મોતી પણ મળી આવે છે. કોઇ પીળી કે ગુલાબી તો કોઇ વાદળી કે કાળી છાયાવાળાં, કેટલાંક તીણો તેજસ્વી પ્રકાશ આપતાં, તો વળી બીજાં સોનેરી રંગનાં પ્રસન્ન સ્મિત વેરતાં મોતી પણ હાથ આવે છે. દુનિયાભરમાં આજે સર્વોત્કૃષ્ટ ગણાતું મોતી મૉસ્કોમાં ઝોસીનાના સંગ્રહસ્થાનમાં છે ને 'લા પેલેગ્રિના'ના નામે તે ઓળખાય છે. સંપૂર્ણ વર્તુલાકારનું એ ભારતીય મોતી અસાધારણ કાંતિનું છે અને તેનું વજન ૨૮ કૅરૅટ થાય છે. લંડનના સાઉથ કેન્સિંગ્ટન મ્યૂઝિયમમાં મિ. બીઅર્સફર્ડ હોપના સંગ્રહમાં દુનિયાનું અત્યાર સુધીમાં મળેલું મોટામાં મોટું મોતી છે. અસમાન આકૃતિનું એ તેજસ્વી મોતી અઢારસો ગ્રેઈન વજનનું છે ને એનો પરિઘ સાડાચાર ઇંચ છે.

ઘરેણાં સિવાય મોતી મુખ્યત્વે કશા જ ખપમાં નથી આવતાં. મનાય છે કે મોતીનાં ઘરેણાં પહેર્યાથી ગ્રહોની અને બીજી અનિષ્ટ પીડાઓ દૂર થાય છે. આંખના રોગો માટે તેની ભસ્મનો વપરાશ ઉપયોગી છે. પાનમાં ખાવાનો ચૂનો પણ સાચાં મોતીમાંથી બનાવવામાં આવે છે અને ઉત્તર હિંદુસ્તાનના શ્રીમંતો મહેમાનીમાં એને મુખ્ય સ્થાન આપે છે.

કાળબળે ભલભલાં સાચાં મોતી પણ પીળાં

પડી જાય છે. તેમનું તેજ ઘટતાં તેમની કિંમત પણ ઘટે છે. એ નુકસાનમાંથી બચવાનો ઉપાય કોઈ સૂચવી શકતા ન હતા. આપણા પ્રખર રસાયણશાસ્ત્રી પ્રો. ત્રિભુવનદાસ ગજ્જરે એવાં મોતીઓને ધોવાની અત્યાર સુધી દુર્લભ એવી એક રાસાયણિક ક્રિયા હાથ કરેલી. એ રીતે ધોવાતું મોતી વજનમાં ઘટે છે, પણ પોતાનું અસલ સ્વરૂપ પકડતું હોતાં ઝવેરીઓ તેના વજન તરફ તો દુર્લક્ષ આપે જ એ દેખીતું છે.

હિંદી પ્રજાનો મોતી માટેનો ઉત્કટ પ્રેમ પ્રાચીન કાળથી ચાલ્યો આવે છે. હિંદી સ્ત્રી જ મોતી પહેર્યાથી મળતી ખરી લિજ્જત માણી શકે છે. તેના કર્ણફૂલ અને નથનીમાંથી લટકતું એકેક પરમ પ્રેમપાત્ર મોતી તેના ચલન વખતે કપોલ અને અધરને કોઈ અગમ્ય મીઠો સ્પર્શ કરી તેમને કેવી પ્રફુલ્લ રાખે છે! અને તેથી થતું સંવેદન તેના સિવાય કોણ જાણી શકે?

ધ્રુવનો તારો જ્યાં બરાબર માથે પ્રકાશે છે ને સૂર્ય ક્ષિતિજ પર ફર્યા કરે છે એ ઉત્તર ધ્રુવ પ્રદેશ ઉપર પહેલો પગ માંડનાર માનવીની કથા શ્રી અશોક હર્ષે ૧૫૧મા અંકમાં આલેખેલી. તેનો થોડો આસ્વાદ:

પૃથ્વીની હિમાળી ટોપી શો ઉત્તર ધ્રુવ ઈસુથી યે અગાઉના કાળથી માનવીની જિજ્ઞાસા ઉશ્કેરતો આવ્યો છે. એનું રહસ્ય પામવાના પ્રયાસો ઈ. પૂ. ૨૦૦માં ગ્રીક પીથિયાસના સમયથી થતા રહેલા, પરંતુ વ્યવસ્થિત રીતે એની ખંતીલી સાહસસફરો ખેડવાની શરૂઆત ફ્રેન્ચ રાજ્યક્રાન્તિ પછી ૧૮૧૫ની સંધિથી જ ગણી શકાય. ત્યારથી યુરોપનું એકે રાજ્ય એવું નથી રહ્યું કે જેનો દેશજન એ હિમાળા ને કારમા, છતાં આકર્ષક અને મર્દાનગીને પડકાર આપતા એના કરવટથી વંચિત રહ્યો હોય. લુત્કે ને કસ્રેવરિંગનાં જીવસટોસટનાં સાહસો, જૅકસન, ફ્રાન્કિલન ને માર્વિન જેવા અસંખ્ય વીરોએ ત્યાં સાધેલી ચિરસમાધિ, અને પૅરી જેવા અનેકોની બહાલીની કથાઓ આજ પણ રોમાંચ ઊભાં કરાવે તેવી છે.


એ બધાયે શહીદો ભવિષ્યના સાગરખેડુઓના માર્ગસ્થંભો બની રહ્યા. એમના અનુગામીઓમાં યંગ, લૅાકવૂડ, પીઅરી, એરિકસન, રાસમુસેન, નાનસેન, આમુંડસેન, શૅકલ્ટન, બાર્મા વગેરેની એક એવી જમાત મોખરે આવી કે જેમનાં નામો પણ પાનાં ભરે. એ સૌ યે સાહસખેડૂઓના દિલમાં એક જ આરઝૂ હતી: પૃથ્વીના એક નિગૂઢ કોયડા સમા ઉત્તર ધ્રુવ પર પ્રથમ પગલાં પાડી પોતાની માતૃભૂમિનો ઝંડો ત્યાં ફરકાવવાની. અનેક દેશોના દેશવાસીઓ તે માટે જાનફેસાની કરવા તૈયાર રહેલા, અનેક ધનિકો તે પાછળ પોતાનાં નાણાં હોમવા ઉદ્યુક્ત રહેલા, અનેક યુવાન હૃદયો તેનું પહેલું માન ખાટવા જિંદગીથી ફારેગ બનવાથી યે બિપરવા રહેલા.

પણ જગત સમસ્તના એ માટેના તનતોડ પ્રયાસો વચ્ચેથી એક અમેરિકન એ માન જીતી ગયો. સંસ્કૃતિની ગંધ પણ જ્યાં નથી પહોંચતી એવા ગ્રીનલૅંડની યૉર્કની ભૂશિરના એક ઠંડા કરાડ પર આજ પણ એનું સ્મારક ઊભું છે. ધ્રુવવર્તુલની દસ ડિગ્રી અંદર અને ધ્રુવથી માત્ર ચૌદજ ડિગ્રી દૂર. અફાટ વિસ્તર્યા બરફ પર વિજયભરી નિગાહ નાખતું હિંમતના પ્રતીક શું એ સ્મારક તે અમેરિકાના રીઅર ઍડમિરલ રૉબર્ટ પીઅરીનું. એ સ્થાનેથી જ આપણને પરિચિત જગતનો અંત આવી ગ્રૌત્ર જગતની રહસ્યભૂમિ શરૂ થાય છે.

નાનસેન 'ફ્રામ'માં ઉત્તરખંડની રખડપાટ કરીને પાછો વળ્યો ત્યારથી જ એ અજાણ્યા ખંડનો દૃષ્ટિલાભ લેવાની પીઅરીને તમન્ના જાગી હતી. આખરે તે અબૂઝ બનતાં ૧૮૮૬માં તે ડિસ્કોના ઉપસાગર તરફ રવાના થઇ ગયો. ત્યાંના બર્ફસ્તાન વચ્ચે તેણે પોતાની ઝૂંપડી જમાવી ને દુનિયાના એક અગોચર ખૂણાના અભ્યાસ ને આરોહણની સરળતા વિચારવા પાછળ તે મથી પડચો.

બરાબર બાર વર્ષની અખંડ તપશ્ચર્યા પછી ૧૮૯૮ની સાલમાં તે ઊપડચો. ટેવાએલા કૂતરાઓની ટોળી, આવશ્યક ભત્તું ને ચુનંદા માણસો તેની સાથે હતા; પણ હાડ સિઝાવી નાખતા તેના ઠંડા ફૂંફાડાની સામે તે છસો માઇલથી વધુ આગળ વધી જ ન શકચો ને એટલી સફરમાં તો તેના જમણા પગનાં બંને હાડકાં ભાંગી ગયાં હતાં! ૧૯૦૬માં તેણે ફરી તૈયારીઓ કરી. પહેલા કરતાં યે આ વખતે સામગ્રીઓની વધુ સંપૂર્ણતા આણેલી. પણ આ બીજી વખત પણ તેને નવાં ઊભાં થએલાં ભીષણ તોફાનો પાસે નમવું પડચું.

દસ જ મહિના બાદ તેણે ત્રીજી ને છેલ્લી સફર આરંભી. ત્રેપન વર્ષની એ વખતે તેની વય હતી. વીસ વર્ષોનો ગાળો તેને સંસ્કૃત દુનિયા વચ્ચે વસ્યે થઈ ગયો હતો. ૧૯૦૮ના જુલાઈની ૧૭મીએ બાવીસ માણસો સાથે, જહાજ 'રૂઝવેલ્ટ' ઊપડચું ને પહેલી ઑગસ્ટે ગ્રીનલૅંડની યૉર્ક ભૂશિરે પહોંચ્યું ત્યાંથી બીજો હપ્તો શેરિડનથી ગ્રીનલૅંડના સૌથી ઉત્તરના છેડે કોલંબિયાની ભૂશિરે પહોંચવાનો હતો. કોલંબિયાને કિનારે શિયાળુ મુકામ ઊભો કર્યો ને છ માસ સુધી સૂર્ય વગરની એ ભૂમિનાં અંધારાંમાં તેઓ મારમાર કામ કરવા લાગ્યા. આ કપરા પંથના ખેડાણની અસરથી



કોઇ મુક્ત રહ્યું ન હતું. પણ સૌથી વધુ ખાનાખરાબી તો પીઅરીની થએલી. હાથપગનાં ગળીને દસ આંગળાં તેને એ સફરના જ ખપ્પરમાં બલિ તરીકે દેવાં પડયાં! અને છતાં હજુ હોંશ, ખંત કે પૌરુષ તે હાર્યો ન હતો.

અંતે ધ્રુવની ઉષા ઊગી ને ૧૯૦૯ના ફેબ્રુઆરીની ૧૫મીએ ઉત્તરાવર્તનો આખરી હલ્લો શરૂ થયો. સાત સફરીઓ, સત્તર એસ્કિમો ને એકસો તેત્રીસ ચુનંદા કૂતરાઓ સાથે ટોળી આગળ ઊપડી. આ છેલ્લા હલ્લાની રોમાંચકતા તો અનુભવે જ સમજાય. બેત્રણ ફૂટ જાડાઇના તરતા ને ખસતા બરફ પર ચાલવાનું સાહસ મોતને ભેટવાની જે મર્દદિલી માગે છે તે સહેજે સાધ્ય નથી. એ પડો વચ્ચેથી જ એક સ્લેજ ને કેટલાક કૂતરાઓ નીચેના મહાસાગરનાં ઠંડાં પાણીમાં ગરક થઈ ગયાં.

માર્ચની પાંચમીએ તેમને સૂર્યનાં પ્રથમ દર્શન થયાં. એ પ્રકાશનો આનંદ લૂંટતા બધા આગળ વધતા હતા ત્યાં તો ઓચિંતી એક ચીસ પડી. પાછા ફરીને જોયું ત્યાં તો વર્ષોથી પીઅરીનો સાથ ન છોડનાર માર્વિન ભાંગેલા બરફ નીચે પાણીમાં ગેબ થએલો! ઠંડા વેરાનમાં એક ઊની હાય નાખતા બધા છેલ્લી પ્રાર્થના કરી આગળ વધ્યા.

હવે તો ધ્યેય હાથવેંતમાં જ હતું. ૧૯૦૯ના એપ્રિલની છઠ્ઠી તારીખ થઈ ત્યારે તો જગતની એ કલ્પનાની ભોમનું પીઅરીની ટોળીના સાતે સફરીઓની આંખો વાસ્તવદર્શન કરી રહી હતી. જ્યાંથી બધા રેખાંશો ફૂટે છે, જ્યાંથી દૃષ્ટિને માટે દક્ષિણ સિવાય બીજી કોઇ દિશા નથી, એવા એ હિમાળા વેરાનમાંની ઉત્તર ધ્રુવના ધ્યેયની પ્રાપ્તિએ એ ટોળીના મનમાં શા શા ઉત્પાતો જગાવ્યા હશે?

પહેલી જ વાર અમેરિકાનો ઝંડો ત્યાં ફરફરાવીને તેમણે પોતાની જાતને કૃતકૃત્ય માની. પીઅરીએ પોતાની ડાયરીમાં લખ્યું: 'The Pole at last! The prize of three centuries. My dream and goal for twenty years.'

વળતી વખતે તો તેમના પર વરસેલો સીતમ ગજબ કહી શકાય. કેટલી યે સ્લેજો ભાંગી ગએલી, કૂતરા એક પછી એક મૃત્યુ પામેલા, ખોરાક પણ ખૂટી ગએલો, મરણના કિનારે લગભગ બધાં પહોંચેલાં. ફાટેલે કપડે, લોહી નીગળતા હાથપગોએ, એક જ બાકી રહેલા કૂતરા સાથે પીઅરી સંસ્કૃત દુનિયાની પહેલી ભાગોળે પહોંચ્યો ત્યારે ભૂખથી લગભગ ગાંડા જેવો બની ગએલો!" ❦

હિતચર્યા .... ૮] જમવાનો સમય

આ જમાનામાં વ્યવસાયના કામ પર નિયત સમયે ચડી જવા માટે અથવા તો આરોગ્યની રક્ષા માટે બરાબર દસ કે અગિયાર વાગ્યે લોકો 'ટાઈમસર' જમવા બેસી જાય છે. પણ એ આયુર્વેદની દૃષ્ટિએ ભોજનનો યોગ્ય કાળ કહેવાય કે નહિ તે વિચારીએ.

ચરકે આરોગ્યકર ભાવોમાં કાલભોજનને શ્રેષ્ઠ માન્યું છે. 'કાલભોજન' એટલે યોગ્ય સમયે લેવામાં આવેલું ભોજન. અને ભોજનનો યોગ્ય સમય કોને કહેવો? જીર્ણાહારનાં લક્ષણો પ્રકટ થાય એટલે ભોજનનો યોગ્ય સમય થયો છે એમ સમજવું. અગાઉ લીધેલો ખોરાક જીર્ણ થાય–પચી જાય એ જીર્ણાહાર. આહારનું પાચન ન થાય તેને અજીર્ણ કહે છે. અજીર્ણમાં ભોજનનો નિષેધ છે.

અગાઉ લીધેલા ખોરાકનું પાચન તો હજુ થતું જ હોય એ વખતે નવા ખોરાકના પાચનનો બોજ વધી જવાથી જઠરાગ્નિ મંદ થઈ જાય છે. પક્વ ખોરાક અમૃત સમાન છે, પણ અપક્વ ખોરાક વિષ રૂપ છે એમ વાગ્ભટે કહેલું છે તે યોગ્ય જ છે. પક્વ આહારરસમાંથી જ સાતે ધાતુઓની પુષ્ટિ થાય છે.

જીર્ણાહારનાં લક્ષણો

ઉદ્‌ગારશુદ્ધિ, ઉત્સાહ, યથોચિત વેગોત્સર્ગ, લઘુતા, ક્ષુધા અને પિપાસા એ જીર્ણાહારનાં લક્ષણો છે. ઉદ્‌ગાર એટલે ઓડકાર. વાસરહિત ચોખ્ખો ઓડકાર ખોરાકના યથાર્થ પાચનને સૂચવે છે. ખાટા ને છારિયા ઓડકાર જેને 'ગચરકા' કહે છે તે અજીર્ણને સૂચવે છે.

જઠરાગ્નિ દ્વારા ખોરાકનું યોગ્ય પાચન થયા પછી આહારરસના બે ભાગ પડી જાય છે: 'પ્રસાદ' અને 'કિટ્ટ'. પ્રસાદ એટલે સારભાગ. અને કિટ્ટ એટલે મળભાગ. સારભાગ હૃદયમાં જાય છે અને ત્યાંથી રસ, રક્ત, માંસ વગેરે ધાતુઓની ઉત્તરોત્તર પુષ્ટિનો પ્રારંભ થાય છે; અને મલ-મૂત્ર વગેરે કિટ્ટનો પોતપોતાના માર્ગેથી યોગ્ય નિકાલ થાય છે. આમ મલમૂત્રાદિ વેગોનો યથોચિત ઉત્સર્ગ પણ ખોરાકના યોગ્ય પરિપાકને સૂચવે છે.

ધાતુપુષ્ટિનો પ્રારંભ થવાથી શરીરમાં ઉત્સાહનો અનુભવ થાય છે, કારણ કે પોષણ મળવાથી ધાતુઓને બળ મળે છે. વળી મલોત્સર્ગ થવાથી શરીર હલકું ફૂલ બને છે; એટલે ઉત્સાહ અને લઘુતા પણ જીર્ણાહારનાં લક્ષણો છે. અજીર્ણમાં શરીર ભારેભારે અને સ્ફૂર્તિહીન હોય છે. ભૂખ અને તરશ એ બે જીર્ણાહારનાં મુખ્ય લક્ષણો હોવા છતાં ઉપરનાં સર્વે લક્ષણોની હાજરી જ ખોરાકના યોગ્ય પાચનને અને જમવાના સમયને સૂચવે છે; કેમકે ઘણીવાર ખોરાક ન પચ્યો હોય તો ય ખોટી ભૂખ અને ખોટી તરશ લાગતી હોય છે.


અજીર્ણમાં ભોજન કરવાથી મંદાગ્નિ થાય છે, તેમ યોગ્ય કાળે ભોજન ન લેવાથી પણ અગ્નિ મંદ થઈ જાય છે; કેમકે પ્રદીપ્ત થએલા જઠરાગ્નિને ખોરાકરૂપી યોગ્ય ઈંધન મળતું નથી. 'ભૂખ મરી ગઈ છે' એવી ફરિયાદ કરનારા સમયસર ભોજન ન કરનારા જ હોય છે. મહર્ષિ ચરકે અન્નને પ્રાણીઓના પ્રાણ કહ્યા છે, કેમકે પરિપક્વ અન્ન પ્રાણપુષ્ટિ કરે છે. મંદાગ્નિની નિત્ય ફરિયાદ કરનારાની પ્રાણશક્તિનો નિત્ય નાશ થતો રહે છે. ચરકે કાયમના રોગીઓ (સદાતુરાઃ)માં વેપારીઓની ગણના કરી છે અને એનાં કારણોમાં અકાલ ભોજનને પણ ગણાવ્યું છે. ટૂંકમાં જ્યારે સાચી ભૂખ લાગી હોય ત્યારે એની ઉપેક્ષા કરવી એ સ્વયં પ્રાણની ઉપેક્ષા કરવા બરાબર છે; તેવી જ રીતે અજીર્ણમાં ભોજન કરેલું તે પ્રાણનાશક રોગોને નિમંત્રણ આપવા બરાબર છે.

નિયમિત દસ કે અગિયાર વાગે જમનારા જો હિતચર્યાનું પાલન કરનારા હોય તો એ સમય મહદંશે યોગ્ય ભોજનકાળ ગણાય ખરો; પણ કોઈ કારણસર અગાઉ લીધેલું ભોજન જો પચ્યું ન હોય તો રોજનો નિયત સમય થયો હોવા છતાં એ વખતે ભોજન કરવાની ભૂલ ન કરવી.

લાભશંકર ઠાકર

વર્ષાઋતુ

આ વર્ષાઋતુ છે. આ ઋતુમાં હવામાં ભેજ હોય છે. જેથી ખાદ્ય પદાર્થો જલદી બગડી જાય છે. શાક, (કોળું, કાકડી) ને અન્ય પદાર્થો જે કાપીને રાખી મૂકવાનાં હોય છે તે રાતવાસી રહેતાં ફુગ આવી, રંગ અને સ્વાદ બગડી ને સૂક્ષ્મ રૂપમાં જીવાત પેદા થઈ જાય છે. એથી જ ચોમાસામાં પાકી કેરી અને લીલોતરી ખાવાની બાધા જૈન આદિક ધર્મનાં અનુયાયી રાખે છે. આ દિવસોમાં આપણી પાચનક્રિયાઓમાં પણ બગાડો થાય છે. પેટમાં લીધેલા, પડી રહેલા, નહિ પચેલા આહારમાં પણ વિકાર પેદા થાય છે જેથી આ ઋતુમાં વાયુ, અજીર્ણ, ક્ષુધામાંદ્ય, ઝાડા, મરડો અને પેટમાં દુઃખાવો શરૂ થાય છે. જરા જેટલી અસાવધાની, ખોરાક લેવામાં બેધ્યાન, બહારનું વાસી અને બજારુ ખાવાનું આરોગ્યનાં રક્ષક મટી ભક્ષક બને છે. વર્ષાઋતુમાં જીભને વશ રાખો.



મથાળે 'સૂર્યાસ્ત' (નાગેન્દ્ર દલાલ); નીચે 'કોન ચે?' સુમનભાઇ શેઠ


ફોટોગ્રાફી હરીફાઈ

પહેલું ઇનામ: મોકૂફ; બીજું ઈનામ: 'છાયાચિત્ર', અનન્ત દેસાઇ, મુંબાઈ; ત્રીજું ઈનામ: 'કોન ચે?', સુમનભાઇ શેઠ, મિયાંગામ; નોંધ પાત્ર: 'સૂર્યાસ્ત', ડૉ. નગેન્દ્ર દલાલ, વડોદરા.

ઇનામો મોકૂફ તો નછૂટકે અને કમને રાખવાં પડે છે. વાચકો તથા હરીફોના માર્ગદર્શન માટે તેનાં કારણો જણાવવાં જોઈએ. કૅમેરા, ફિલ્મ અને કાગળ એ તસ્વીરકલાનાં સાધનોની અધૂરી સમજ દાખવતાં ફોટોચિત્રોને કે ટૅકનિકની દષ્ટિએ અપૂર્ણ કે દોષયુક્ત ચિત્રોને ઇનામ કેમ અપાય? આ માસની હરીફાઇમાં આવેલાં અઠ્ઠાવીસ ચિત્રોને એ દષ્ટિએ ચકાસતાં એક પણ ચિત્ર પહેલા ઇનામને પાત્ર ઠરતું નથી.

આજે અંગ્રેજી, અમેરિકન, જાપાનીઝ, ઇટાલીઅન, જર્મન એમ જુદાજુદા દેશની બનાવટની ફિલ્મો અને કાગળો મોંઘી કિંમતે પણ બજારમાં મળે છે તો ખરાં; પણ જ્યારે જોઈએ ત્યારે, અને એક જ કંપનીનો જુદાજુદા ગ્રેઇડનો જેવો જોઈએ તેવો સામાન મળવો મુશ્કેલ છે. આ પરિસ્થિતિમાં ફોટોગ્રાફીનો પદ્ધતિસરનો અભ્યાસ જરૂર દુષ્કર બને છે. છતાં બને ત્યાં સુધી એક જ પ્રકારની ફિલ્મ અને કાગળનો ઉપયોગ હિતાવહ છે. એથી ફિલ્મ તથા કાગળની ખાસિયતો ઓળખાશે અને સાધનો ઉપરનો કાબૂ કેળવાઈ ધાર્યું પરિણામ લાવી શકાશે.

સૂર્યાસ્તની વેળાએ દરિયાકાંઠે આહ્લાદક વાતાવરણમાં આકર્ષક ઝાડની ઓથે મંદ પવનની લહરીનો આસ્વાદ કરતી સુંદર સ્ત્રીના 'છાયાચિત્ર' માટે શ્રી દેસાઈને અભિનંદન ઘટે છે. બારીક વસ્ત્રો, ઊડતા વાળની લટો અને મધુર સ્મિત મળીને એક મનોરમ ચિત્ર ઉપજાવે છે. વિષય અને વાતાવરણ પરસ્પરને અનુરૂપ છે. ચિત્ર-વસ્તુ અને ચિત્ર-સંદેશનું નિરૂપણ પણ સારું થયું છે. પરંતુ ટૅકનિકની દષ્ટિએ એન્લાર્જમેન્ટ મોળું પડે છે. આ દોષનાં ત્રણ કારણો હોઇ શકે: નેગેટિવની પારદર્શકતાને બંધબેસતા ગ્રેઇડના કાગળની પસંદગી થઇ છે એમ માનીએ તો એન્લાર્જિંગમાં વધુ એકસ્પોઝર અપાયું છે, તેમજ તેનું ડેવલપમેન્ટ રસાયનમાં ઓછો સમય થયું છે. આ ખયાલમાં રાખી શ્રી દેસાઇએ બીજું એન્લાર્જમેન્ટ બનાવી જોવું. છતાં જોરદાર પ્રિન્ટ ન બને તો કાગળના ગ્રેઇડ બદલી એક ગ્રેઇડનો ઉપરનો હાર્ડ પેપર વાપરવો.



આરસીમાં પોતાના પ્રતિબિમ્બને સાનંદાશ્ચર્ય નિહાળતા બાળકના બાલસહજ ભાવને 'કોન ચે?'માં ઉતારવામાં શ્રી શેઠ ફળીભૂત થયા છે, પણ ફ્લૅશથી લેવાએલાં ચિત્રોમાં છાયા-પ્રકાશની જમાવટ બરાબર થઈ શકતી નથી. ચિત્રનું પાત્ર આગંતુક (પ્રતિબિમ્બ) સામે કુતૂહલથી જોવાની ચેષ્ટા કરતું હોવાથી પાત્રને બદલે પ્રતિબિંબને જ શાર્પ ફોકસમાં લેવું જોઇએ. ચિત્રમાં એથી ઊલટું છે. પાત્ર અરીસાથી ત્રણ ફૂટ દૂર હોય તો તેનું પ્રતિબિંબ પાત્રથી છ ફૂટ દૂર બને છે. મતલબ કે પાત્ર અને તેનું પ્રતિબિંબ કૅમેરાથી એક જ અંતરે ન હોય તો એકનું ફોકસિંગ કરવા જતાં બીજું ફોકસ બહાર રહે જ. આ સિદ્ધાંત ખયાલમાં રાખી ફોકસિંગ કરવું ઘટે, ને જરૂર પૂરતો ડાયાફ્રામનો ઉપયોગ કરવો ઘટે. બાકી નેગેટિવ ને એન્લાર્જમેન્ટ બંને ઊંચી કોટિનાં છે.

માનવીમાત્રનું હૃદય સૂર્યોદય અને સૂર્યાસ્ત તરફ અનાદિ કાળથી આકર્ષાતું આવ્યું છે. તે સમયનાં વાદળોનાં આહ્લાદક સ્વરૂપો અને રંગલીલા સૌના હૃદયતારને ઝણઝણાવે છે. ડૉ. નાગેન્દ્ર દલાલે એવી એક આહ્લાદક તક ઝડપી 'સૂર્યાસ્ત' ચિત્ર ઉપજાવ્યું છે. આથમતા રવિ-તેજમાં તરતી વાદળીઓ અને વૃક્ષરાજિની છાયાકૃતિઓનું સંયોજન એમાં સુંદર થયું છે, પરંતુ પ્રિન્ટ-કવૉલિટી તથા ચિત્ર-રચના નબળાં છે. પ્રિન્ટને અમે ઉપર-નીચેથી અનુક્રમે અરધો તથા પોણો ઇંચ અને ડાબી તરફથી દોઢ ઇંચ આંકીને અહીં છાપ્યું છે. એ જ રીતે એક ગ્રેઇડ સૉફ્ટ કાગળ પર નવું એન્લાર્જમેન્ટ બનાવવાનું સૂચન છે.

પુરાતન મંદિરો-મસ્જિદો અને પાષાણમૂર્તિઓ હમેશાં શિખાઉ તસવીરકારોના ચિત્રસર્જનનું લક્ષ્ય બને છે. એમાં ઘણીવાર ચિત્રવસ્તુ તો ઉચ્ચ કોટિનું ને કલામય જ હોય છે; પણ એ ત્રિપરિમાણ વસ્તુને કાગળની સપાટી ઉપર ઉતારવા માટે જરૂરી કુશળતાનો શિખાઉમાં મોટે ભાગે અભાવ હોય છે. શ્રી ચાડનાં 'લોનાવાલા', ને 'એલિફન્ટાની ગુફા'નાં ચિત્રોને શ્રી દોશીના 'આફ્રિકન સિપાઇ' સાથે સરખાવો. સ્થાપત્યની ફોટોગ્રાફી માટે વિશિષ્ટ પ્રકારની પ્રકાશયોજના જોઇએ. કુદરતી પ્રકાશમાં વસ્તુને લેવાની હોય તો બાજુ પરથી અને તિરછો પ્રકાશ મળે તે જ સમયે ચિત્રો ઉતારવાં. વળી રજૂઆત કરવામાં સમગ્ર વસ્તુ ન લેતાં તેના અમુક ભાગને ઝડપવાથી નિરૂપણ જોરદાર બને છે. 'આફ્રિકન સિપાઈ'ની પશ્ચાદ્‌ભૂમિમાં દેખાતાં મકાનો અને ટેલીફોનના તાર ચિત્રમાં વિક્ષેપ પાડે છે. તસવીરકાર હમેશાં પ્રકાશાધીન હોય છે. તેથી અનુકૂળ સમયે જ વસ્તુનું એકસ્પોઝર કરવું જોઇએ. આ હેતુથી સુંદર ચિત્રસર્જન માટે એક જ સ્થળની અનેકવાર જુદાજુદા સમયે ને દરેક ઋતુમાં મુલાકાત લઇ અવલોકન કર્યા જ કરવું જોઇએ.

બલવન્ત ભટ્ટ

આ હરીફાઈ માટે ગમે તે સમયે ફોટોગ્રાફો મોકલી શકાય છે. પણ વૈવિધ્ય ને હરીફાઈની દષ્ટિએ ચિત્રોની ગુણવત્તાનું પૃથક્કરણ કરી શકવા જેટલી સંખ્યામાં ચિત્રો એકઠાં થયે જ તેનું પરિણામ પ્રકટ થાય છે.



મથાળે: 'છાયાચિત્ર' - હરીફાઇમાં બીજું ઈનામ મેળવનાર અનંત દેસાઇનું ચિત્ર
નીચેનાં શિલ્પ ચિત્રો વિષેની સૂચના હરીફાઈ-વિવેચનને અંતે આપી છે.



'કુમાર' સાચવવા માટેનાં ફાઇલિંગ કેઈસ



'કુમાર' ફાઈલ કરવા માટેનાં ફાઈલિંગ-કેઈસ વિષે ગયા અંકમાં કરેલી જાહેરાતને સારો જવાબ મળ્યો છે અને કેટલાક તો ડઝન સુધી કેઈસ માટે આગોતરા ઑર્ડરો નોંધાવ્યા છે.

આથી પ્રોત્સાહિત થઈ અમે મર્યાદિત સંખ્યામાં કેઇસ બનાવડાવ્યાં છે, જે હવે તૈયાર થઇ ગયાં છે.

એક વર્ષના અંકો એકીસાથે જેમાં જાળવી શકાય એવા આ કેઈસની પીઠમાં, 'કુમાર'ના અંકની ઊંચાઈના અંતરે, ઉપર-નીચે પાંચપાંચ કાણાં રાખેલાં છે. અંક ફાઇલ કરવો હોય ત્યારે આ કાણાંમાં દોરી પરોવી, અંકની બરોબર વચ્ચે (જ્યાં તારના ટાંકા હોય છે ત્યાં)થી દોરી પસાર કરી છેડા પર તેની ગાંઠ મારી દેવી. એથી દોરી સજ્જડ ખેંચીને બાંધી શકાશે. (જુઓ ચિત્ર) પછીથી ગાંઠને વચ્ચે સરકાવી શકાશે. આ રીતે દરેક કાણામાં બબ્બે, અને વચ્ચેનાં બે કાણાંમાં ત્રણત્રણ દોરીઓ બાંધીને વર્ષના બારે અંક એકીસાથે જાળવી શકાશે.

વર્ષને અંતે બારે અંકો સામટા સીવીને સજ્જડ બાઇન્ડિંગ કરાવવા જતાં લખાણ દબાઇ જાય છે અને ઘણી વાર અણઘડ હાથે ચિત્રો પણ કપાઈ જાય છે, તે ભય આમાં નથી. આમાં તો અંકો આવતા જાય તેમ સંઘરાતા જાય છે; અને જરૂર પડ્યે કોઈ અંક બહાર કાઢવો હોય તો દોરીમાંથી સરકાવીને બહાર પણ વાંચવા કાઢી શકાય છે.

છતાં કોઇને આ પદ્ધતિ પસંદ ન આવે એ બનવાજોગ છે; કેમકે આમાં બહારની પીઠ ઉપર દોરીઓ દેખાય છે. (જુઓ ગયા અંકમાંનું ચિત્ર) એટલે ઘણા ઇચ્છે છે તે પ્રમાણે પીઠ પર 'કુમાર'નું નામ પણ છપાઈ શકશે નહિ.

આથી, જેમણે આગોતરા ઑર્ડર નોંધાવ્યા છે તેમને પણ અમે હજી આ 'ફાઇલિંગ-કેઈસ' રવાના કર્યા નથી. આ સમજી લીધા પછી જેમની સૂચના મળશે તેમને જ અમે વી.પી.થી તે રવાના કરીશું. કિંમત દરેકના રૂ. ૨) રજિસ્ટ્રેશન, વી.પી. પોસ્ટેજ વગેરે લગભગ ૧ રૂ. વધુ થશે. સામટાં કેઈસ મંગાવવાથી રજિસ્ટ્રેશન ખર્ચ ઓછું થશે.

અનુસંધાન] ડિ લૉન્ગ [પૃષ્ઠ ૨૩૬થી

ઉતારી લીધો અને તંબૂઓ નાખી તેમાં વસવાટ શરૂ કર્યો. 'જીનેટ'નો અંતસમય ઝડપથી પાસે આવી રહ્યો હતો. પાણી ભરાઈ જતાં બપોર સુધી તો અરધું જહાજ સમુદ્રમાં ઊંડે ઊતરી ગયું.

એ રાત્રે તેઓ પહેલી વાર જહાજની બહાર તંબૂમાં સૂઈ રહ્યા. આખો દિવસ સામાનની હેરફેરમાં તેઓ એટલા તો થાકી ગયા હતા કે પથારીમાં પડતાંની સાથે જ ઘસઘસાટ ઊંઘી ગયા. સવારે ચાર વાગ્યે એક માણસ ઊઠ્યો. એણે જોયું તો જીનેટ હવે ડૂબવાની અણી પર હતું. તુરત એણે પોતાના બધા સાથીદારોને ઉઠાડ્યા: 'ઊઠો ઊઠો, જીનેટ જાય છે. એનાં છેલ્લાં દર્શન કરીએ.' બધા ઊઠ્યા અને જીનેટ પાસે ગયા. એમાં ખૂબ પાણી ભરાઈ ગયું હતું. બે વર્ષ વફાદારીપૂર્વક સેવા બજાવી હવે તે જળસમાધિ લઇ રહ્યું હતું. થોડોક સમય પસાર થયો અને એ પાણીમાં સમાઇ ગયું. બરફની વચ્ચોવચ કૂવા જેવો મોટો ખાડો થઇ ગયો અને પછી જહાજને આધારે રહેલો બરફ ત્યાં ધસી પડ્યો. જીનેટના અંતિમ દર્શન પછી બાકીની રાત કોઈ ઊંઘ્યું નહિ. ડિ લૉન્ગ અને એના સાથીદારો માટે એ દિવસ વસમો હતો.

તેમણે જહાજમાંથી ઉતારેલા સામાનમાં બે હોડકાં, એક મોટી હોડી, કેટલીક બરફગાડીઓ, છ તંબૂ, ૨૩ કૂતરા, બંદૂકો અને ગોળીઓ અને બે મહિના ચાલે એટલો ખોરાક–આટલું હતું. જ્યાં સુધી જીનેટ હતું ત્યાં સુધી તો કોઈપણ સંજોગોમાં તેઓ તેને છોડવા માગતા નહતા. પણ હવે તે ડૂબી જતાં તેમનું ધ્યેય નજીકમાં નજીકના જમીનકિનારે પહોંચી ઘેર પાછા ફરવાનું થયું અને એ માટે તેમણે વિના વિલંબે પોતાની પ્રવૃત્તિ આદરી દીધી.

નકશા પ્રમાણે તેઓ ન્યૂ સાઈબીરિયાના ટાપુઓની ઉત્તરે હતા. આ બાજુ હજુ સમુદ્રનો બરફ ઓગળ્યો ન હતો, એટલે બરફગાડીમાં હોડકાંઓ મૂકી, તેમાં બધો સામાન ગોઠવી તેઓ ચાલવા લાગ્યા. સામાન વધારે હોવાને લીધે બરફગાડી ખેંચવામાં કૂતરાઓ બહુ કામ લાગે તેમ નહોતા. કામ સરળ બને એટલા માટે ટુકડીને દસ, દસ અને બાર એમ ત્રણ ભાગમાં વહેંચી નાખવામાં આવી. એકમાં ડનબાર અને ચીપ, બીજામાં ડિ લૉન્ગ અને ઍમ્બ્લર અને ત્રીજામાં ડેનનહોવર અને મેલવિલે પોતાનાં માણસોના નાયક બન્યા. ખોરાક અને જરૂરિયાતની વસ્તુઓ પણ તે પ્રમાણે વહેંચી દેવામાં આવી.

બરફગાડીઓ લઇ નૈઋત્ય દિશા તરફ તેમણે ચાલવા માંડ્યું. પાસે સામાન ઘણો હતો, અને બરફમાં ઠેર ઠેર ઊંચીનીચી જગ્યા આવતી હતી, જ્યાં સામાન સાથે ગાડીને ખેંચવાનું કપરું બની જતું. એવે વખતે છૂટો છૂટો સામાન ઊચકી જવા માટે તેમને દરેકને સાત સાત આંટા ખાવા પડતા,–એટલેકે આવી રીતે જેટલું અંતર તેઓ કાપતા તે સાત વાર કપાતું. આથી તેમનો શારીરિક શ્રમ ખૂબ વધી પડ્યો. ઘણીવાર તો તેમની આગળના બરફમાં મોટી ફાટ પડેલી જોવામાં આવતી. એટલો ભાગ હોડકામાં ઓળંગવામાં તકલીફ ઘણી હતી, તો કિનારે-કિનારે જ્યાં બરફ અખંડિત હોય ત્યાં સુધી જઇને ઓળંગવામાં પણ તકલીફ ઓછી નહોતી. ક્યાંક ચાલવામાં પગ થકવી નાખે એવો કઠણ અને ખરબચડો બરફ આવતો, તો ક્યાંક બૂટ ફાટી જાય એટલો તીક્ષ્ણ અને ધારદાર બરફ આવતો. ક્યાંક બરફ એટલો પોચો અને પાણીવાળો આવતો કે ઠેઠ કમરપૂર હિમ જેવા પાણીમાં તેમને ચાલવું પડતું. એવે વખતે કપડાં ભલે ભીંજાય પણ સામાન ન ભીંજાય એ ખૂબ સાચવવું પડતું. કદીક ધુમ્મસ છવાઈ જતું અને કદીક વરસાદ પડતો. આવી કષ્ટભરેલી સફર કરતા, સત્તર દિવસ સુધી ઠેરઠેર મુકામ કરતા તેઓ ૨૯મી જૂને સાઈબીરિયાની ઉત્તરે એક ટાપુ પર આવી પહોંચ્યા. અત્યાર સુધી કોઇ સાહસિકે આ ટાપુ પર પગ મૂક્યો નહોતો. એ ટાપુને પોતાના આશ્રયદાતા બેનેટનું નામ તેમણે આપ્યું.

ટાપુ પર મુકામ કરી હજી તેઓ આરામ કરતા હતા, અને એક બે દિવસમાં ત્યાંથી ઊપડવાનો વિચાર કરતા હતા ત્યાં એકાએક ભયંકર વાવાઝોડું થયું. લગભગ દસ દિવસ સુધી આ ઝંઝાવાતને લીધે તેમને તંબૂમાં જ પડ્યા રહેવું પડ્યું. એક રીતે તો તેમને આરામની જરૂર હતી, અને આમ ફરજિયાત આરામ તેમને મળી ગયો.

ઉનાળાને લીધે સમુદ્રનો બરફ ઓગળતો જતો હતો. તેમની પાસે હવે માત્ર એક મહિનો ચાલે એટલે ખોરાક રહ્યો હતો. રસ્તામાં ક્યાંય શિકાર મળે એવી આશા નહોતી. એટલે મહિનો પૂરો થતાં પહેલાં સાઇબીરિયાના કિનારે લેના નદીના મુખ સુધી પહોંચી જવાની તેમણે યોજના ઘડી. ત્યાં પહોંચ્યા પછી નજીકના કોઈપણ ગામે પહોંચતાં જ પોતે સહીસલામત થઈ શકશે એવી તેમને ખાતરી હતી.

સમુદ્રમાં હવે હોડકાં ચાલુ કર્યા વિના છૂટકો નહોતો, કારણ કે ક્યાંક ક્યાંક બરફ એટલો નરમ થઈ ગયો હતો કે તેના પર ચાલવું જોખમભર્યું હતું, અને નક્કર બરફ પર શોધીને ચાલતાં ચકરાવા એટલા બધા લેવા પડે તેમ હતા કે એક માઇલ આગળ વધવામાં પણ તેમને દિવસો લાગે એમ હતા. એટલે ત્રણે ટુકડીઓએ પોતાનાં હોડકાં ચાલુ કરી દીધાં. જોકે પાણીમાં વચ્ચે વચ્ચે આવતા બરફને લીધે તેમને ચક્કર લેવા પડતાં હતાં, પરંતુ પ્રમાણમાં તે ઓછાં હતાં. હલેસાં મારતાં મારતાં તેઓ ન્યૂ સાઈબીરિયાના એક પછી એક ટાપુ પાસેથી પસાર થતા રશિયાના કિનારા તરફ આવવા લાગ્યા. હોડકાં નાનાં હતાં એટલે ગતિ પણ મંદ હતી. આથી ત્રણેક અઠવાડિયાં પસાર થઇ ગયાં છતાં તેઓ ઝાઝું અંતર કાપી શક્યા નહિ. હવે તો ખોરાક માંડ અઠવાડિયું ચાલે એટલો જ રહ્યો અને રશિયાને કિનારે પહોંચતાં હજી કેટલા દિવસ લાગશે એ નક્કી નહોતું. એટલે તેમણે ખોરાકમાં કાપ મૂકી દીધો.

ત્રણે હોડીઓ એકબીજીથી બહુ દૂર રહેતી નહોતી. લગભગ અઠવાડિયું પસાર થઇ ગયું અને તેઓ રશિયાના કિનારાની નજીક આવી પહોંચ્યા. લગભગ બે મહિનાની રખડપટ્ટી અને અથડામણ પછી તેઓ વસતિવાળા પ્રદેશની પાસે આવતા હતા, ત્યાં તો ભયંકર વાવાઝોડામાં તેઓ સપડાઈ ગયા. ત્રણે હોડીઓ વચ્ચેનું અંતર વધતું ગયું અને માત્ર થોડા કલાકમાં જ ત્રણેનો એકબીજા સાથેનો સંપર્ક સાવ તૂટી ગયો. એક બીજાની હોડી કઇ દિશામાં ક્યાં ગઇ તેની તેમને બિલકુલ ખબર પડી નહિ.

ડિ લૉન્ગ અને ઍમ્બ્લરની હોડી ઘસડાતી ઘસડાતી સાઈબીરિયાના ઉત્તર કિનારા તરફ ગઈ. જે ચોક્કસ જગ્યાએ તેમને પહોંચવું હતું તેના કરતાં ઘણે દૂર તેઓ ઘસડાઈ ગયા હતા. વાવાઝોડું બંધ થતાં તેમણે ફરીથી કિનારા તરફ હંકાર્યું. કેટલેક દિવસે તેઓ તે તરફ આવી પહોંચ્યા. પણ કિનારે પહોંચવાને હજુ દોઢ માઈલ બાકી હતો, ત્યાં તો પાણી એટલું છીછરું આવ્યું કે તેમાં હોડી ચાલી જ ન શકી. ઘૂંટણ સુધીના પાણીમાં ચાલીને જ પહોંચવું પડે તેમ હતું. હોડીમાંથી સામાન માથે અને ખભે મૂકીને પાણી ડહોળતાં તેમણે ચાલવા માંડ્યું. તે સમયે સપ્ટેમ્બર મહિનો ચાલતો હતો અને શિયાળો શરૂ થઈ ચૂક્યો હતો. એટલે સમુદ્રનું હિમ જેવું પાણી પગને થીજવી નાખે એવું હતું, ને ક્યાંક ક્યાંક પગ સાથે પાણીમાં તાજા જામેલા બરફના ટુકડા અથડાતા હતા.

બબ્બે મહિનાથી ઉઘાડી હોડીમાં ધુમ્મસ, કરાના વરસાદ અને પવનનાં વાવાઝોડાં વચ્ચે સપડાઈ જવાથી તેમનાં શરીર સાવ કથળી ગયાં હતાં. ઓછા આહારની પણ એમના પર ઘણી અસર પહોંચી હતી.

ત્રણ માણસો સખત માંદા પડી ગયા હતા. આવા સંજોગોમાં તેઓ પાણીમાં ચાલતા હતા. બરાબર તે જ વખતે કરાનો સખત વરસાદ પડ્યો. નીચે પગમાં અથડાતા બરફના ટુકડા, અને શરીરને વાગતા મોટા મોટા કરા! તેમની કસોટી બરાબર થઇ હતી.

પડતા આખડતા તેઓ કિનારા સુધી આવી પહોંચ્યા ત્યારે વળી નવી કસોટી તેમને માટે ઊભી જ હતી. કિનારાની માટી કાંપ જેવી હતી. પગ મૂકતાંની સાથે જ તેઓ એ ઢીલા કાદવમાં ઘૂંટણ સુધી ખૂપી ગયા! તેઓ એટલા બધા થાકી ગયા હતા કે દોઢ માઇલનો દરિયો ડહોળ્યા પછી હવે આ કાદવ ડહોળવાનું તેમને માટે સાવ મુશ્કેલ બની ગયું. પગ માટીમાંથી બહાર કાઢીને તેઓ ડગલું માંડે તો અતિશય શ્રમ પડતો, અને જો માટીમાં ને માટીમાં જ પગ ઘસડીને ચાલે તો તેમાં પણ એટલો જ શ્રમ પડતો. પણ પગ ઊંચો કરવાની તેમનામાં તાકાત રહી નહોતી, અને પગ ઘસડતાં પણ તેઓ વારંવાર ગબડી પડતા અને કાદવથી લપેડાઇ જતા. તેમનાં કપડાં, તેમનાં હાથમોં સામાન–બધું જ કાદવથી ખરડાઈ ગયું હતું. તેમનામાં શક્તિ હોત અને ઉત્સાહ હોત, તો આવા કાદવની મસ્તી અને મઝા પણ તેઓ માણી શકયા હોત. પરંતુ અત્યારે તેમની મનોદશા જુદી જ હતી.

કાંપ જેવી એ માટી પૂરી થઇ એટલે તેમણે રાહત અનુભવી. પણ હવે જે માટીમાં તેમણે પગ મૂકચો તે તો એટલી ચીકણી અને લપસણી હતી કે એક એક ડગલે તેઓ લપસી પડવા લાગ્યા. ચારપાંચ જણ એક-બીજાનો હાથ ઝાલીને ચાલતા તો તેઓ બધા જ સાથે લપસી પડતા. ખૂબ જ સાવચેતીથી સંભાળપૂર્વક ડગલું માંડતાં માડતાં કોરી માટી-માં જ્યારે તેમણે પગ મૂકચો ત્યારે તેમને સ્વર્ગ જેટલો આનંદ થયો.

પણ તેમનો આ આનંદ ઝાઝો વખત ટકે તેમ નહોતો. એ તો માત્ર છુટકારાના એક દમ જેવો જ હતો. કારણ કે ઑકટોબર મહિનો શરૂ થઈ ગયો હતો અને ધ્રુવપ્રદેશની જે કેટલીક જગ્યાએ આખી દુનિયામાં વધુમાં વધુ ઠંડી પડે છે તેમાંની આ એક જગ્યા હતી! ત્યાંની ભયંકર ઠંડીમાં પૂરતું રક્ષણ ન હોય તો માણસ ભાગ્યે જ જીવે, અને એવી ઠંડીમાં શિયાળાની ભયંકર દીર્ઘ રાત્રિ શરૂ થવાને હવે થોડા દિવસો-ની જ વાર હતી. વળી તેમની પાસે હવે ખાવાનું પણ ખૂટી ગયું હતું. 'જીનેટ' જહાજ છોડયે તેમને ૧૧૬ દિવસ થયા હતા ને ૯૦-૯૫ દિવસ ચાલે એટલું ખાવાનું તેમણે આ ૧૧૬ દિવસ ચલાવ્યું હતું. એ પરથી જ ખયાલ આવી શકે કે તેમણે કેટલું ઓછું ખાઈને ચલાવ્યું હશે. પણ હવે તો તેમની પાસે અન્નનો એક દાણો પણ રહ્યો નહોતો, અને આ પ્રદેશ પણ નર્યો સૂકો ને વનસ્પતિ રહિત હતો. એમાં તેમનો નકશો નજીકમાં નજીકનું મોટું ગામ ૯૫ માઈલ દૂર બતાવતો હતો! બીજું એક નાનું ગામડું બાર માઈલ દૂર હોવાનો સંભવ હતો, પણ અત્યારે તો તેઓ એટલા થાકી ગયા હતા, ને ત્રણ જણ એટલા સખત માંદા પડી ગયા હતા કે કોઈ બાર માઈલ ચાલીને જઈ શકે એમ નહોતું. આથી તેમના-મા ઉદાસીનતા અને ગમગીનીનું વાતાવરણ પ્રસરી ગયું. કોઈના ચહેરા પર તેજ કે હાસ્ય રહ્યું નહોતું. તેમની આ નિરાશા અને ગમગીની વધારી દે ને શોકનું વાતાવરણ પ્રસરાવે એવો ફટકો એ જ દિવસે તેમને લાગ્યો. ટુકડીના એક માણસનું અવસાન થયું.

પરંતુ આવા સંજોગોમાં માત્ર બેસી રહેવાથી તો કશું વળે તેમ જ નહોતું. કોઇકે તો આસપાસ જઈ ખોરાક મેળવવા પ્રયત્ન કરવો જ જોઇએ. એ માટે રખડપટ્ટી કરવાની શક્તિ ડિ લૉન્ગ, ઍમ્બ્લર અને એક-બે માણસોમાં જ સાધારણ રહી હતી. પરંતુ જ્યાં સુધી બીજા જઈ શકે એમ હોય ત્યાં સુધી ડિ લૉન્ગ કે ઍમ્બ્લર જવા નહોતા



માગતા,–એટલા માટે કે માંદાઓની સંભાળ રાખવા માટે અને તેમને સાથ તથા નૈતિક હિંમત આપવા માટે તેમની હાજરીની જરૂર હતી. એટલે તેમણે બીજા બે માણસોને પાસેના ગામડે જઈ સંપર્ક સાધવા અને ખોરાક મેળવવા મોકલ્યા.

એ બંને ઊપડચા તો ખરા, પણ તેમનામાં ચાલવાની શક્તિ સાધા-રણ હતી, અને ભૂખથી તો તેઓ પણ પીડાતા હતા. એટલે રસ્તામાં જ તેમને નબળાઈ જણાવા લાગી અને એકાએક મરડો થઈ ગયો. શિયાળો બેઠો હતો એટલે જમીન પર શ્વેત બરફ છવાતો જતો હતો. સમુદ્રનાં પાણી પર તો ક્ષિતિજ સુધી બરફનું અખંડિત પડ જામી ગયું હતું. તેમણે પોતાની સાથે તંબૂ કે એવાં વજનદાર સાધનો લીધાં નહોતાં. એટલું ઊંચકી શકાય એવી તેમનામાં શક્તિ પણ નહોતી રહી. તેમની પાસે માત્ર સૂવાની ગરમ પથારી, ઓઢવાના ધાબળા, બંદૂક અને બીજી એક-બે વસ્તુઓ હતી.

તેઓ સમુદ્રના કિનારે કિનારે આગળ જતા હતા. રસ્તામાં કયાંય શિકાર પણ દેખાતો નહોતો. ઠંડી એટલી સખત પડતી હતી કે જમીન પર ખુલ્લામાં સૂવાય તેમ નહોતું. એટલે તેઓ સમુદ્રકિનારે જામેલા બરફમાં પોતે સૂઈ શકે એટલો ગોળ ભોંયરા જેવો ભાગ ખોદતા અને તેમાં ભરાઇને આખી રાત ઊંઘતા. આ રીતે રાતવાસો રહી આગળ જતાંજતાં કેટલેક દિવસે તેમને એક જંગલી માણસ મળ્યો. પણ એની ભાષા આવડતી હોય તો ને? તેમણે ઈશારા વડે પેટમાં ભૂખ લાગી છે ને ખાવું છે તે સમજાવ્યું અને પોતાના સાથીદારો કઈ દિશામાં છે તે બતાવ્યું. પણ એ જંગલી માણસ તેમાંથી કેટલું સમજ્યો હશે તે કળી શકાયું નહિ. તે તેમને પોતાની સાથે સાથે ચલાવીને પોતાના ગામે લઈ ગયો અને ત્યાં બંનેને ખાવાનું આપ્યું. ઘણે વખતે ધરાઇને તેમણે ખાધું. તેમનામાં કંઈક શક્તિનો સંચાર થયો. પછી તેમણે પોતાના સાથીદારોને ખાવાનું જોઇએ છીએ એમ સમજાવી ડિ લૉન્ગની દિશા બતાવી. પણ એ જંગલી માણસ તેમને બીજી જ દિશામાં લઈ જવા લાગ્યો. પેલા બંને માણસોએ ફરી ડિ લૉન્ગની દિશા બતાવી. પણ તે માણસ તો તેમને બીજી બાજુ જ લઈ જવા માગતો હતો. તેમણે વારંવાર સમજાવવા છતાં તે માણસ સમજ્યો નહિ, એટલે એ શું કહેવા માગે છે એ જાણવા, રખેને ખોરાકનો જથ્થો કયાંક હોય અને તે બતાવવા એ માગતો હોય તો તે જોવા તેઓ તેની સાથે ચાલવા

લાગ્યા. તેઓ તેની વાત પૂરી સમજી શકતા નહોતા, ને આ પ્રદેશના ભોમિયા નહોતા, એટલે જંગલી માણસ સાથે જઈ એ શું કહેવા માગે છે તે આતુરતાથી જોવાજાણવા માગતા હતા. શિયાળાની લાંબી રાત શરૂ થવાને હવે થોડા દિવસની વાર હતી એટલે તેઓ ઝડપથી ચાલતા હતા.

ચાલતાં ચાલતાં કેટલાક દિવસે તેઓ કોઇક જુદી જ જગ્યાએ આવી પહોંચ્યા. ત્યાં તેમણે મેલવિલેની ટુકડીના માણસોને જોયા. પેલો જંગલી માણસ તેમને મેલવિલેની ટુકડીના છૂટા પડી ગએલા માણસો માનતો હતો અને તેથી જ તે ડિ લૉન્ગની દિશાને બદલે આ બાજુ આવવા આગ્રહ કરતો હતો. આ રીતે તેમને પોતાના સાથીદારોનો અચાનક સંપર્ક થતાં આનંદ તો થયો. પણ અત્યારે ખરી જરૂર તો ડિ લૉન્ગ ને બીજા સાથીદારોને ખોરાક પહોંચાડવાની હતી. કદાચ ભાષાનું વિઘ્ન ન નડ્યું હોત, તો તેઓ પોતાની પરિસ્થિતિ સમજાવી શક્યા હોત અને ખોરાક સાથે ડિ લૉન્ગની છાવણી તરફ નીકળી ચૂક્યા હોત.

પોતાના સાથીદારોને જોતાંની સાથે મેલવિલેને સાનંદાશ્ચર્યની સાથે તેમનાં વીતકોની વાત સાંભળી શોક થયો અને ડિ લૉન્ગને ખોરાક પહોંચાડવા એ તરત પ્રવૃત્ત થયો. પરંતુ સમયસર પહોંચી શકાશે કે કેમ એ વિષે એને શંકા હતી, કારણ કે શિયાળાની ભયંકર દીર્ઘ રાત્રિ શરૂ થવાને હવે ગણતરીના દિવસો જ બાકી હતા, અને જે અંતર એને કાપવાનું હતું તે સેંકડો માઇલનું હતું. તેમ છતાં ખોરાક અને માણસો સાથે મેલવિલે પોતાના સાથીદારોને મદદ કરવા માટે નીકળી પડ્યો. આવી ઠંડીમાં નીકળવામાં એને માથે પણ જોખમ ઓછું નહોતું.

પણ ડિ લૉન્ગની છાવણી સુધી પહોંચતાં પહેલાં જ અસહ્ય ઠંડી અને ધ્રુવરાત્રિને લીધે મેલવિલેને રસ્તામાં જ તંબૂ નાખીને મુકામ કરવો પડ્યો. હવે તો જ્યારે રાત્રિ પૂરી થાય ત્યારે ત્યાંથી નીકળીને મદદ માટે જઈ શકાય એમ હતું.

ડિ લૉન્ગની જેમ મેલવિલેની હોડી પણ ઘસડાતી ઘસડાતી સાઇબીરિયાના કિનારા તરફ આવી પહોંચી હતી. પરંતુ વાવાઝોડાએ તેમની બંનેની હોડી વચ્ચે સેંકડો માઈલનું અંતર પાડી દીધું હતું. તોફાન શમતાં તેમણે હોડી કિનારે લીધી. આટલા દિવસ દરમ્યાન ધુમ્મસ, કરાનો વરસાદ અને પવનના વાવાઝોડાની અસર તો તેમના શરીર પર પણ થઈ હતી. પરંતુ કિનારે ઊતરતાં, ડિ લૉન્ગની ટુકડીની જેમ, તેમને ચાલવાની કોઈ તકલીફ પડી નહોતી. વળી તેઓ ખોરાકની અતિશય તંગી ભોગવે તે પહેલાં જ તેમને એક સ્થાનિક માણસ મળી આવ્યો. દેશનિકાલની સજા પામી એ સાઇબિરિયામાં રહેતો હતો. એણે એક મિત્ર કે સ્વજનની જેમ મેલવિલે અને એના માણસોને મદદ કરી. એથી એમની ખાવાપીવાની ચિંતા ટળી ગઈ. ઑક્ટોબર મહિનો ચાલુ થઈ ગયો હતો, એટલે શિયાળાની દીર્ઘ ધ્રુવરાત્રિ માટે પણ તેમણે વ્યવસ્થિત તૈયારી કરી દીધી હતી. આમ તેમને નિરાંતે ખાવાનું મળ્યું અને પૂરતો આરામ મળ્યો એટલે તેમને કોઈ ગંભીર પ્રશ્ન સતાવતો નહોતો.

શિયાળાની લગભગ મહિના જેટલી લાંબી રાત પૂરી થતાં મેલવિલેએ ઝડપથી પોતાનો પ્રવાસ શરૂ કરી દીધો અને ઝપાટાબંધ સેંકડો માઇલ કાપી વસંત ઋતુની શરૂઆતમાં એ ડિ લૉન્ગની છાવણી પાસે આવી પહોંચ્યો.

પણ આવીને એણે શું જોયું? એક તંબૂમાં ડિ લૉન્ગનો મૃતદેહ પડ્યો હતો. એની છાતી પર એની ડાયરી પડી હતી. તેમાં છેલ્લામાં છેલ્લી તારીખ ૩૦મી ઑક્ટોબર, ૧૮૮૧ની હતી. ત્યાં સુધીનો બધો અહેવાલ એણે એમાં લખ્યો હતો. પોતાના એક પછી એક સાથીદારો ક્યારે ક્યારે અને કેવી રીતે મૃત્યુ પામ્યા તેની વિગતવાર નોંધ કરી હતી. એટલે કે ડાયરી પરથી જણાયું કે સૌથી છેલ્લો મૃત્યુ પામનાર ડિ લૉન્ગ પોતે હતો. એક પછી એક, પોતાના બધા જ સાથીદારો.—ઍમ્બ્લર સુદ્ધાં વિદેહ થયા હશે અને છેવટે પોતે એકલો જ રહ્યો હશે ત્યારે ડિ લૉન્ગની કેવી દશા થઈ હશે? પોતાના સાથીદારોના અવસાનની નોંધ પોતાની ડાયરીમાં લખતાં લખતાં એને શું શું થયું હશે? છેલ્લા કેટલા દિવસ એનાથી ડાયરી નહિ લખાઈ હોય? કદાચ મરતાં સુધી, છેલ્લામાં છેલ્લી ઘડી સુધીની વિગત એણે પોતાની ડાયરીમાં નહિ લખી લીધી હોય શું? ૩૦મી ઑક્ટોબર સુધી તો એ જીવતો હતો, એ એની અસાધારણ તિતિક્ષાની કેવી પ્રતીતિ આપે છે! એ બતાવે છે કે લાગલાગટ ચાર મહિના અરધા ભૂખ્યા રહ્યા પછી, તદ્દન ભૂખ્યા પેટ એણે ચોવીસ દિવસ સુધી પોતાનો દેહ ટકાવી રાખ્યો હતો!

મેલવિલેને ડિ લૉન્ગ અને ઍમ્બ્લરની હોડીના માણસોના કરુણ અંજામનો આ રીતે પત્તો લાગ્યો. પણ ત્રીજી હોડીમાં ચીપ, ડનબાર અને બીજા બાર માણસો હતા તેનું શું થયું? પવનના વાવાઝોડામાં છૂટા પડી ગયા પછી તેમની હોડીનો કોઈ દિવસ પત્તો લાગ્યો નહિ. પવનના સપાટામાં સમુદ્રમાં જ તેમની હોડી ઊંધી વળી ગઈ હશે? કે કોઇ કિનારે પહોંચ્યા પછી શિયાળાની રાત દરમ્યાન અન્ન વગર તેઓ મરણશરણ થયા હશે? પરંતુ એવું બન્યું હોય તો પણ તેમનો કોઇનો મૃતદેહ હાથ લાગ્યો નથી અને તેમને વિષે કશું જ જાણવા મળ્યું નથી. કુદરતે એ ભેદ કદી ઉકેલ્યો જ નહિ.

'જીનેટ' અને એનો નાયક ડિ લૉન્ગ પોતાના સાથીદારો સાથે ઉત્તર ધ્રુવ સર કરવા માટે કેટલી બધી આશા સાથે નીકળ્યા હતા! અને છતાં એનો કેવો કરુણ અંજામ આવ્યો! વસ્તુતઃ સાહસ માટે તેઓ નીકળ્યા ત્યારે આવા કોઈ પણ જોખમ માટે તૈયાર થઇને જ, સાચા મરજીવા બનીને જ નીકળ્યા હતા. છતાં તેમણે કંઇક સિદ્ધિ તો મેળવી જ હતી. રૅંગલ વિશાળ પ્રદેશ નહિ, પણ નાનો ટાપુ છે એ તેમણે પહેલી વાર દુનિયાને બતાવ્યું. જાપાનનો ઉષ્ણ પ્રવાહ જે રીતે માનવામાં આવતો હતો તે રીતે વહેતો નથી એની પણ તેમણે ખાતરી કરાવી. તદુપરાંત જીનેટ, હેન્રીએટા અને બિનેટ ટાપુઓ તેમણે શોધી કાઢ્યા, તેનું માપ લઇ નકશા બનાવ્યા અને સાઇબિરિયાની ઉત્તરે આવેલા સમુદ્રના પ્રવાહો નોંધ્યા. અને આ બધું તો કેવી રીતે? પોતાની મરજી મુજબ ગમે તે દિશામાં જહાજ હંકારીને નહિ, પણ બરફમાં સપડાએલું જહાજ જે રીતે જે દિશામાં જે ગતિથી જાય એ રીતે!

અમેરિકાથી નીકળેલું જહાજ 'જીનેટ' બરફમાં સપડાયા પછી બે વર્ષ સુધી બરફની સાથે ઘસડાતું ઘસડાતું રશિયાની ઉત્તરે પહોંચ્યું અને ત્યાં ડૂબી ગયું; પણ હકીકતમાં એ સાવ ડૂબીને સમુદ્રને તળિયે નહોતું બેસી ગયું. પાણીની સપાટી નીચે એ ચાલ્યું ગયું હતું, પરંતુ આસપાસના બરફની ભીંસમાંથી સંપૂર્ણપણે એ મુક્ત થયું નહોતું. એથી એ બરફ સાથે પાણીની નીચે ઘસડાતું ઘસડાતું ત્રીજા વર્ષને અંતે પૃથ્વીની બીજી જ બાજુ, ગ્રીનલૅન્ડના કિનારે આવી પહોંચ્યું. અને એને ભીંસી રહેલા બરફમાંથી, છીછરા દરિયામાં કિનારે એ બહાર આવ્યું ત્યારે જ એ મુક્ત થયું! કેટલાય સમય સુધી અજાણ્યા સ્થળે પડી રહેલા આ જહાજને એની આકૃતિ અને એના નામ પરથી કેટલાકે ઓળખી કાઢ્યું કે એ 'જીનેટ' જ છે. પણ ત્યારે 'જીનેટ'નાં રૂપરંગ સાવ બદલાઈ ગયાં હતાં. જાણે મૃત્યુ પામેલા 'જીનેટ'નું ભૂત જ આવી પહોંચ્યું ન હોય!

અને એ 'જીનેટ'ના ભૂતે પણ પોતાના સમુદ્રના જલપ્રવાહની બાકી રહેલી દિશા બતાવીને સાહસિકોને અને ભૂગોળશાસ્ત્રીઓને થોડી વધારે ભૌગોલિક માહિતી પૂરી ન પાડી?



આધુકડી

અમારી દૃષ્ટિએ છે પાપ પડતીમાં પડી રહેવું;
પુનઃ વ્હાણે પ્રગટશું, સાંજના જો આથમી જાશું.

સજાવીશું તમન્નાઓની મહેફિલ એક દી જોજો!
ધરા ત્યારે ગગન બનશે, અમે તારા બની જાશું.

અમે ઓ રાહબર! આગળ રહીશું તવ નજર રૂપે!
નથી કંઈ કાફ્લાની ધૂળ, કે પાછળ રહી જાશું.

—ગની દહીંવાળા

વિજ્ઞાનવિભૂતિ ડૉ. કૃષ્ણન્

કેટલાક માણસો મરવા છતાં અમરકીર્તિ બની જાય છે. ગયા માસની ૧૪મીએ જેમનું અવસાન થયું તે તત્ત્વજ્ઞ-વિજ્ઞાની ડૉ. કે. એસ. કૃષ્ણન્ એવી ભારતવિભૂતિ હતા.

ભૌતિકશાસ્ત્રમાં પોતાનાં મૌલિક સંશોધનોથી આંતરરાષ્ટ્રીય કીર્તિ કમાનાર ડૉ. કૃષ્ણનને ઈંગ્લંડની રૉયલ સોસાએટી ઑવ સાયન્સે પોતાના ફેલો બનાવ્યા, અમેરિકાની નૅશનલ ઍકૅડેમી ઑવ સાયન્સિઝે પોતાના વિદેશમાંના ફેલો કરીને સ્થાપ્યા, ભારતમાંની બ્રિટિશ સરકારે 'સર'ના ઇલ્કાબથી નવાજ્યા, ભારત સરકારે 'પદ્મભૂષણ' બનાવ્યા, ને છેલ્લે છેલ્લે હમણાં 'રાષ્ટ્રીય પ્રાધ્યાપક'નું માનભર્યું બિરુદ આપ્યું, જે માત્ર બીજા બે જણને જ અપાયું છે: પ્રો. સી. વી. રામન (ચન્દ્રશેખર વ્યંકટરામન્) અને પ્રો. એસ. એન. બોઝને. ભારતની મહાન વિજ્ઞાનસંસ્થા 'નૅશનલ ફિઝિકલ લૅબૉરેટરી'ના તેઓ ડાયરેક્ટર હતા.

આમ જગત્પ્રખ્યાત વિજ્ઞાની હોવા ઉપરાંત ડૉ. કૃષ્ણન્ સાથેસાથે તત્ત્વજ્ઞ પણ હતા; અને



એમની માતૃભાષાના તે મોટા વિદ્વાન પણ હતા. વિજ્ઞાન ને તત્ત્વજ્ઞાનનો એમનામાં વિરલ સુમેળ હતો. એમના જવાથી જગતે મહાન વૈજ્ઞાનિક ગુમાવ્યો છે, તો ભારતે વિશદ તત્ત્વજ્ઞ ગુમાવ્યો છે, સંસ્કૃત અને તમિળ ભાષાએ પ્રખર વિદ્વાન ગુમાવ્યો છે ને કર્ણાટકી સંગીતે ઉચ્ચ કોટિનો રસજ્ઞ જ્ઞાતા ગુમાવ્યો છે.

એ, કરીઆ-માણિક્કમ્ શ્રીનિવાસ કૃષ્ણન્ (કે. એસ. કૃષ્ણન્)નો જન્મ ઈ. ૧૮૯૮ની ૪થી ડિસેમ્બરે મદ્રાસ રાજ્યના રામનદ જિલ્લાના નાના ગામમાં થએલો. રૂઢિચુસ્ત પંડિત પણ સંસ્કૃતના વિદ્વાન અને તત્ત્વજ્ઞ પિતા પાસેથી વિદ્યાસંસ્કારનો વારસો મેળવી મદુરા મદ્રાસ અને કલકત્તાની કૉલેજોમાં ઉજ્જ્વળ વિદ્યાર્થી–કારકિર્દી ગાળતાં ગાળતાં તે મહાન વિજ્ઞાની સર સી.વી.રામનના સંપર્કમાં આવ્યા અને લાગલા જ એમના પ્રિય શિષ્ય બની ગયા, તથા 'રામન ઇફેક્ટ' નામની એમની પ્રખ્યાત શોધમાં સહાયભૂત થયા. થોડો સમય ઢાકા યુનિવર્સિટીમાં રીડર રહ્યા બાદ કલકત્તાની 'ઇન્ડિયન એસોસીએશન ઑવ ધ ઍડવાન્સમેન્ટ ઑવ સાયન્સિઝ' સંસ્થામાંથી સર રામન નિવૃત્ત થતાં તેમના સ્થાને તે આવ્યા. પછી તો વિજ્ઞાનસંશોધક તરીકે એમની કીર્તિ એટલી વધવા લાગી કે દેશ-પરદેશોમાંથી ચન્દ્રકો, ઇલ્કાબો ને સન્માનોનો એમના પર અભિષેક થતો રહ્યો. ભારતમાં તો કોઈ વૈજ્ઞાનિક પ્રવૃત્તિ એવી ન હતી, જેની સાથે ડૉ. કૃષ્ણનને ગાઢ સંબંધ ન હોય. રાષ્ટ્રની 'નૅશનલ ફિઝિકલ લૅબૉરેટરી એમની જ તપશ્ચર્યાનું ફળ છે. ભારતના આ મહાન ભૌતિકશાસ્ત્રીના ભૌતિક દેહનો લય થયો છે, પણ એમની વૈજ્ઞાનિક ને આધ્યાત્મિક પ્રતિભા ફેલાઈ ગઈ છે, ને નૅશનલ ફિઝિકલ લૅબૉરેટરી તેનું મંદિર બની રહેશે. (સંકલિત)



સસલાં

સસલાં તો સૌને જાણીતાં છે, હિમાલયની તળેટીથી માંડી છેક ગોદાવરી નદી સુધીના પ્રદેશમાં ઠીક ઠીક ઝાડીવાળાં કે ખેતરાઉ વિસ્તારોમાં એ બધે જોવા મળે છે. કચ્છ ને રાજસ્થાનના રણવિસ્તારમાં પણ તેની એક જાત થાય છે. એ આમ તો આપણી તરફનાં સસલાં જેવાં જ, પણ વધુ ખુલ્લા પ્રદેશમાં રહેવાને ટેવાએલાં તથા એ ભૂમિના રંગ સાથે ભળી જાય એવા પીળાશપડતા વાનનાં હોય છે. ગોદાવરીથી નીચે દક્ષિણ ભારતમાં કદમાં મોટી અને ગરદન પર તથા પૂછડીના ઉપલા ભાગે વધુ કાળાશવાળી એક જાત થાય છે. અને છેક ઉત્તરમાં ખાનદેશ સુધી તે જોવા મળે છે.

આપણી પરિચિતજાત ૧૭થી૧૯ ઈંચ લાંબી અને ૪થી ૫ રતલ વજનની હોય છે. સ્વભાવે એ ચંચળ અને ભીરુ. દિવસે ઘાસ-ઝાંખરાં વચ્ચે થોડી જગ્યા કરી તેમાં ગુપચુપ સંતાઈને પડયું રહે. સાંજે ગોરજ સમયે આહારની શોધમાં બહાર નીકળે અને જરૂર પડે તો માણસની વસતિવાળા વિસ્તારો સુધી પણ ઘૂસી જઇને વાડા-બગીચામાંનાં શાકભાજી ખાઈ જાય. શિયાળ, નોળિયા, રાની બિલાડાં ને કૂતરાં એના કાળ. માંસાહારી માણસો પણ એને ન છોડે. આ બધાં સામે બચાવમાં એક માત્ર એની ઝડપી દોડ જ. કૂદતું કૂદતું ને બહુધા ચડાણ પર દોડતું એ બહુ ઝડપથી નાસી છૂટે ને છતાં યે કવચિત્ શત્રુ નજીક આવી જાય તો ઓચિંતી લોંચ લઇને જુદી જ દિશામાં ફંટાઇને છટકી જાય! જરૂર પડયે પાણીમાં પડી તરી પણ જાય.

એનો પ્રજનનકાળ નિશ્ચિતપણે જણાયો નથી, પણ ઑક્ટોબરથી ફેબ્રુઆરી દરમ્યાન એનાં બચ્ચાં જોવા મળ્યાં છે. મનાય છે કે એકથી બે બચ્ચાંને એ જન્મ આપે છે. સ્વભાવે સમુહચારી ન હોઈ બચ્ચાંને પણ બહુ વખત ભેળાં ન ફેરવે, અને બચ્ચાં પણ જન્મ્યા પછી બારેક કલાકમાં તો હરતાં ફરતાં થઇ જાય.

છેલ્લો મહાન મનોવિજ્ઞાની યુંગ

આધુનિક મનોવિજ્ઞાનના ક્ષેત્રમાં જગતની મહાન 'ત્રિપુટી' પૈકીના છેલ્લા માનસશાસ્ત્રજ્ઞ કાર્લ ગુસ્ટાવ યુંગનું ગયા માસમાં ઝૂરિચ ખાતે અવસાન થયું. બીજા બે પૈકી એક તે મનોવિજ્ઞાનનો મહાગુરુ સિગ્મુંડ ફ્રૉઇડ; બીજો તે ઍડૉલ્ફ આડલર.

એ ત્રણેના સિદ્ધાંતોને ટૂંકામાં મૂકવા હોય તો આમ કહી શકાય : (૧) ફ્રૉઈડનો સિદ્ધાંત એ હતો કે માણસના આંતરમન તથા તેની ગતિવિધિનું મુખ્ય ચાલક બળ કામજનિત આવેગો છે; (૨) આડલર એમ પ્રતિપાદિત કરતો કે માણસ પોતાની લઘુતાગ્રંથિનો માર્યો સત્તા અને સરસાઇને માર્ગે જીવન ખેડતો હોય છે;(૩) યુંગ પોતાના 'ઍનલિટિકલ સાઇકૉલૉજી'(પૃથક્કરણાત્મક મનોવિજ્ઞાન)માં માનવ મનના બે વિભાગ પાડે છે: બહિર્મુખ ને અંતર્મુખ. બહિર્મુખ આંતરમન કામજનિત આવેગો ને સત્તા-સરસાઈની મથામણ કરતું હોય છે;પણ અંતર્મુખમાં સમસ્ત માનવજાતનું એક અજ્ઞાત ચાલક બળ પડેલું હોય છે, જેનો સંબંધ ધાર્મિક ચેતના સાથે હોય છે.

'યુંગના માનસશાસ્ત્રનું ખાસ પ્રસ્થાન તે માનવજીવનના પાયામાં ધાર્મિક વૃત્તિઓના સ્વીકારનું છે. વ્યક્તિના વિકાસમાં તે ધર્મને મહત્ત્વનું સ્થાન આપે છે. તેની એવી માન્યતા છે કે માનવ-સમાજના મોટા ભાગને જગતના જીવન સાથે મેળ ખવડાવવાનેમાટે ધર્મના અવલંબનની જરૂર છે. આ અવલંબન માનવ મનને વિશ્વ વિષે વિધેયાત્મક વલણે વાળીને જીવનને સ્થિર કરનાર તત્ત્વ બની રહે છે. આમ એનું માનસશાસ્ત્ર અદ્યતન હોવા છતાં સનાતન તત્ત્વજ્ઞાનના સમ ઉપર આવી વિરમે છે. યુંગનો માનસપરિચય એક જ પુસ્તક દ્વારા મેળવવો હોય તેમને માટે 'આત્માની શોધમાં અર્વાચીન મનુષ્ય' (મૉડર્ન મૅન ઈન સર્ચ ઑવ એ સોલ) પુસ્તક કદાચ સર્વોત્તમ છે.'



સ્વિટ્ઝર્લાન્ડમાં બાઝેલ શહેરના એક પાદરીને ત્યાં ઈ. ૧૮૭૫ના જૂનની ૨૬મીએ જન્મેલો એકનો એક પુત્ર આ 'સિગી' યુંગ છ વર્ષનો હતો ત્યારે તો એના બાપે એને લાટિન શીખવવા માંડેલું. વાચનના શૉખીન અને પુસ્તકના કીડા 'સિગી' કુમાર વયમાં આખું જર્મન રંગદર્શી સાહિત્યમાં ખૂંદી વળ્યો અને પછી ગ્રીક તથા સંસ્કૃતમાં પારંગત બની ફિલ્સૂફી ખેડી. એને થવું'તું તો પુરાતત્ત્વવિદ પણ પિતાને રાજી રાખવા વૈદકશાસ્ત્ર લીધું ને એમાં દરદીઓના શરીર કરતાં મનનાં ઊંડાણો તપાસવા માંડયાં.

ઝૂરિચમાં વૈદકશાસ્ત્ર શીખવતાં અને આચરતાંતે ફ્રૉઈડનાસિદ્ધાંતોનાસંપર્કમાંઆવ્યો, તેનાથી આકર્ષાયો અને ૧૯૦૭માં તેને મળવા વીએના ગયો જ્યાં તેનો ચેલો બની ગયો. પણ ગુરુ કરતાં ચેલો પોતાની વિચારણામાં આગળ વધતો ગયો, ગુરુના સિદ્ધાંતોથી એને વિરોધ થયો ને પરિણામે ૧૯૧૩માં અળગો થઇ ગયો. ચીલા અને ચેલાના સખત વિરોધી યુંગે પોતાના અનુયાયીઓનું ટોળું જામવા દીધું નહિ કે કોઈ સંસ્થા જમાવી નહિ.

'માનવ-ચિત્તનું તલાવગાહન કરનાર એક મહાન વાચસ્પતિએ પોતાની જીવનલીલા સંકેલી લીધી છે. એના સંશોધનની મહત્તા હવે પછીના યુગોમાં વધારે સારી રીતે પ્રસ્થાપિત થશે એ નિઃશંક છે.' (સંકલિત)

સરદાર બળદેવસિંહ

ભારતના ભૂતપૂર્વ સંરક્ષણ-પ્રધાન સરદાર બળદેવસિંહનું તા. ૨૯મી જૂને ૫૯ વર્ષની વયે અવસાન થતાં દેશે એક પ્રભાવશાળી શીખ અગ્રણી અને લશ્કરી જાણકાર ખોયા. ઉદ્યોગ અને રાજકારણ બંનેમાં અનેક યશસ્વી વિજયોને વરેલા સરદાર બળદેવસિંહની સર્વોત્કૃષ્ટ સેવા તો આ દેશના કટોકટીના સમયે તેમણે સંરક્ષણ પ્રધાન તરીકે બજાવેલું કાર્ય છે. સ્વતંત્રતાના આગમન સાથે ભારતના ભાગલા પડયા ત્યારે પાકિસ્તાન સાથે લશ્કરનું સફળ વિભાજન કરવું એ જેવીતેવી વાત ન હતી. અને ભાગલા પછી તરત થએલાં કારમાંહુલ્લડો વખતે લશ્કરને કોમી રાજકીયતાથી પર રાખવું એ પણ એટલું જ દુષ્કર કાર્ય હતું. તે પછી તરત ત્રીજી કટોકટી આવી કાશ્મીર પરના આક્રમણની. આ ત્રણે કટોકટીઓનો સફળ સામનો કરતા રહીને બીજી બાજુ એમણે સમસ્ત લશ્કરનું જે ખંત અને ખૂબીથી સંપૂર્ણ ભારતીયકરણ કર્યું તે એમની અસાધારણ સમતા અને શક્તિનું દ્યોતક છે.

૧૯૦૨ની ૧૧મી જુલાઇએ પંજાબના અંબાલા જિલ્લાના અગ્રણી ઉદ્યોગપતિ સરદાર ઇંદરસિંહને ત્યાંજન્મેલા બળદેવસિંહ અંબાલા અને અમૃતસરની ખાલસા કૉલેજમાં શિક્ષણ લઈ પિતા સાથે ઉદ્યોગમાં જોડાયા અને ત્યાંથી જ પોતાના પ્રતિભાયુક્ત અને પરિશ્રમી જીવન વડે સફળતાના ગણેશ માંડયા. ૧૯૩૭માં પંથિક અકાલી પક્ષ તરફથી પંજાબ ધારાસભામાં ચૂંટાયા કે તરત વડા પ્રધાન સિકંદર હયાતખાંએ તેમની શક્તિથી પ્રભાવિત થઇ તેમને વિકાસખાતાના પ્રધાન બનાવ્યા. ત્યાં 'સિકંદર-બળદેવ કરાર'થી શીખ લઘુમતીઓ માટે કેટલીક સલામતીઓ મેળવી. ૧૯૪૬માં અકાલી પક્ષને સાંપ્રદાયિક નીતિ તરફ ઢળતો જોતાં શીખ રાજકારણ ઉપર સમતોલ અસર પાડનારા આ નેતા કૉંગ્રેસમાં જોડાયા; અને ૧૯૪૭માં સ્વરાજ મળતાં સંરક્ષણ પ્રધાન બન્યા. આઝાદી આવતાં પૂર્વે વાઇસરૉયે કરેલી વાટાઘાટો વખતે જે સાત નેતાઓ હાજર હતા તેમાં શીખોના પ્રતિનિધિ તરીકે તેઓ જ હતા. કોમમાં એમનું સ્થાન એટલું આદરણીય હતું કે ચૂંટણીમાં કોઈ શીખ તેમની સામે ઊભો રહેતો નહિ. ૧૯૫૨ અને ૧૯૫૭માં તેઓ ફરી ચૂંટાયા હતા, પણ સક્રિય રાજકારણમાંથી તે નિવૃત્ત થઈ ગયા હતા.



આવતા માસ-ઑગસ્ટની બીજી તારીખે આવતી વિજ્ઞાનવિભૂતિ આચાર્ય પ્રફુલ્લચંદ્ર રાયની જન્મજયંતી પ્રસંગે બહાર પડનારી ટિકિટ પર રવીન્દ્રનાથના જેવી જ એમની આ ઉત્તમ તસવીર આપવામાં આવી છે.

કલા નવજીવન આપે છે.

પશ્ચિમ જર્મનીમાં એક અનોખું પ્રદર્શન છે, જેમાં માનસિક અસ્વસ્થતાથી પીડાતા દર્દીઓએ તૈયાર કરેલી નાનીમોટી વસ્તુઓ મૂકવામાં આવી છે. એમાં ચિત્રો, આલેખો, ઢીંગલીઓ, લાકડાની વસ્તુઓ, તરેહતરેહનાં ઘરેણાં વગેરેનો સમાવેશ થાય છે. એ બધી સુંદર વસ્તુઓ જોતાં કોઇને ભાગ્યે જ ખયાલ આવે કે એનાં સર્જક સ્ત્રી-પુરુષો 'મલ્ટિપલ સ્ક્લેરૉસિસ' નામક એક રોગના મહારોગીઓ છે.

એ 'મલ્ટિપલ સ્ક્લેરૉસિસ' એક ભયંકર માનસિક રોગ છે. માનસતંત્ર ઉપર તેની એવી તો ઘાતક અસર થાય છે કે માણસને લકવો થઈ જાય છે, અને અમુક વર્ષો પછી તે વધુ જોરદાર બને છે. એના દર્દીઓને થાળે પાડવા માટેની એક જર્મન સોસાએટીએ આ પ્રદર્શન યોજેલું છે. અગાઉ વર્ષો સુધી પથારીવશ રહેલા દર્દીઓએ બનાવેલા કલાના સુંદર નમૂનાઓ એમાં છે. આ બધા દર્દીઓ પોતે જગતમાં કંઈ ઉપયોગી કાર્ય કરી શકે છે અને અન્યને માટે કૈંક કરે છે એ વિચારથી એટલા તો નાચી ઊઠ્યા કે જીવનભરની ખોડખાંપણો તેઓ ભૂલી ગયા અને તેમણે ધ્રૂજતા હાથે કે ધ્રૂજતા પગે સર્જનનું કામ આરંભ્યું. ખૂબીની વાત તો એ છે કે આ દર્દીઓએ જે વસ્તુઓ બનાવી છે તે રોતલ નથી; તેમણે ખુલ્લા ભડક રંગનો ઝાઝો ઉપયોગ કર્યો છે. આનંદ અને શાન્તિ ઝંખતા આ દર્દીઓની કલામાં એ જ તત્ત્વોના રંગો પુરાયા છે. આ નમૂનાઓ જોનારને જો આ ઇતિહાસની ખબર ન હોય તો ભાગ્યે જ ખયાલ આવે કે ખૂબ સહાનુભૂતિને પાત્ર એવા દર્દીઓનું આ કલાસર્જન છે.

નીલકંઠ પર વિજય

આ જૂનની ૧૩મી તારીખે કૅપ્ટન એન. કુમારની આગેવાની નીચેની ભારતીય ગિરિ-આરોહકોની ટુકડીના એક આરોહક શ્રી ઓ. પી. શર્મા તથા બે શેરપા સાથીઓએ, મધ્ય હિમાલયમાં બદ્રીનાથની પશ્ચિમે આવેલું સર્વથી સુંદર—ને સર્વથી કઠણ ૨૧,૬૪૦ ફૂટ ઊંચું 'નીલકંઠ'નું શિખર સર કર્યું એ સમાચાર ભારતીય પર્વતારોહણના ઇતિહાસમાં એક અતિ નોંધપાત્ર ઘટના ગણાશે.

એમ તો આજ સુધીમાં ભારતીય પર્વતારોહકોએ ૨૦,૦૦૦ ફૂટ ઉપરનાં હિમાલયનાં ૧૩ શિખરો સર કર્યાં છે, જેમાંનાં દસ તો નીલકંઠ કરતાં યે ઊંચાં છે; હજી બે-એક માસ પર જ લેફ. કોહલી અને બીજા બે સાથીઓએ 'અન્નપૂર્ણા-૩' ઉપર પણ સફળતા મેળવી છે; પરંતુ નીલકંઠ પરનું પદારોપણ એટલા માટે ઉજ્જ્વલ સિદ્ધિ છે કે તે હિમાલયનું એક અતિ ભયંકર અને દુર્જેય શિખર છે. ૧૯૩૭થી તેના પર ચડવાના પ્રયત્નો થયા કર્યા છે, જેમાંનો એક તો એવરેસ્ટ-પ્રતિષ્ઠ હિલેરીની સાથેન્યૂઝીલાંડના આરોહકોએ પણ કર્યો હતો. પણ લગભગ એક પચ્ચીસીના પ્રયત્નો પછી ભારતીય ટુકડીને જ એ વિજય વર્યો છે અને તે પણ એ ટુકડીના સૌથી નાના સભ્ય અને એક શાળાના શિક્ષક શ્રી શર્મા દ્વારા, (જુઓ ઉપર છબિ) એ ભારતીય પર્વતારોહકો માટે ગૌરવપ્રદ બીના છે અને આપણા જુવાનોને પ્રેરણારૂપ છે.



પર્વતના ચિત્રમાં જમણી બાજુએ જ્યાં ×નું ચિહ્ન છે તે ખડકનો



માર્ગ સૌથી સલામત હોઈ આજ સુધીના બધા પ્રયત્નો ત્યાંથી થએલા; પરંતુ ત્યાંથી ચડાણ એટલું તો સીધું છે કે આગળ વધવું અશક્યવત્ છે. આ ટુકડીએ પણ શરૂમાં એ માર્ગ લઈ પાછળથી પડતો મૂકેલો. પછી તેમણે 'કૅમ્પ ૨'થી શરૂ થતો ૧૫૦ ફૂટ ઊંચી બરફની દીવાલનો માર્ગ લીધો. એનું ચડાણ એટલું સીધું ન હતું, પણ એની ભયંકરતાનો પાર ન હતો; કેમકે દર થોડીથોડી મિનિટે બરફોના મોટામોટા ખડકો ત્યાં ધસી પડે છે. ત્યાંથી આગળ 'c' નિશાનીથી તો માથે તોળાઈ રહેલી બરફની શિલાઓવાળું કપરું ચડાણ શરૂ થાય છે, અને ત્યાં પણ સતત ખડકો ધસ્યા કરતા હોય છે. આવા માથે ઝઝૂમતા સાક્ષાત્ મૃત્યુને ગણકાર્યા વિના મેળવેલો આ વિજય એથી વિશેષ ગૌરવપ્રદ બને છે.

સંગ્રહસ્થાનો અને કલાકક્ષો

કોઈ પણ દેશની પ્રાચીન ભવ્યતા, પુરાતન સંસ્કૃતિ કે વર્તમાન સમાજજીવનની સંસ્કારિતાની એકનજરે ઝાંખી કરવી હોય તો, ત્યાં આવેલાં વિવિધ સંગ્રહસ્થાનો અને તેના સમૃદ્ધ કલાકક્ષો (ગૅલેરી) જોવાં. સંગ્રહસ્થાનો અને કલાકક્ષો, દેશની પ્રાચીન તેમજ અર્વાચીન સિદ્ધિઓનું વિદેશીઓ સમક્ષ માત્ર પ્રદર્શન જ નથી કરતાં પરંતુ પ્રજાની સમગ્રતયા સંસ્કારપ્રિયતા, અભિરુચિ, રસવૃત્તિ તેમજ શિક્ષણ અને નીતિમત્તાને પણ તાદૃશ કરે છે, પ્રજાના ઘડતરમાં પ્રેરણાકેન્દ્ર બને છે, પ્રજાને પોરસ ચડાવી પ્રગતિને પંથે દોરે છે. આપણે ત્યાં મોટાં શહેરોમાં સંગ્રહાલયો, સંગ્રહસ્થાનો તેમજ કલાકક્ષો સ્થપાતાં જાય છે તેમજ વિસ્તારાતાં જાય છે. પરંતુ હજી નાનાં ગામો અને ગામડાંઓ સુધી તે પહોંચ્યાં નથી. શાળા, અને પુસ્તકાલય જેટલું મહત્ત્વનું સ્થાન સંગ્રહસ્થાન કે કલાકક્ષને હજી સાંપડ્યું નથી.

પરદેશોમાં આ વાતનું મહત્ત્વ કેટલું ગણવામાં આવે છે તેની પ્રતીતિ ઈંગ્લંડ-અમેરિકા જેવા મોટા દેશોમાંથી તો મળે જ; પરંતુ નેધરલૅન્ડ જેવા નાના સરખા દેશો પણ આપણે માટે બોધપાઠ રૂપ બને એવા છે. હૉલૅન્ડ જેવડા ટચૂકડા દેશમાં ૪૫૦થી પણ વધુ સંગ્રહસ્થાનો, છેક નાનાં ગામો અને અમુક ગામડાંઓ સુધી પણ વિસ્તર્યાં છે. કલાકારો ને કારીગરો તેમજ સામાન્યજન તથા બુદ્ધિમાનો—સહુને માટે તે એકસરખાં પ્રેરણાસ્રોત બની રહે છે, એટલું જ નહિ પણ વિદેશી મુલાકાતીઓને પણ હૉલૅન્ડનું સમ્યગ્ દર્શન એ સંસ્કારકેન્દ્રોમાંથી મળી રહે છે. એ ઉપરાંત દેશપરદેશનાં શ્રેષ્ઠ કલારત્નો તથા કારીગરીના ચુનંદા નમૂના પણ એમાં આદરભર્યું સ્થાન ભોગવે છે.

દાખલા તરીકે આમ્સ્ટર્ડામમાં આવેલું 'રાઈક્સ મ્યૂઝિયમ' (રાષ્ટ્રીય મ્યૂઝિયમ) તો આ બાબતમાં એટલું સમૃદ્ધ છે કે તે પારી(સ)ના લુવ્ર તથા ફ્લૉરેન્સના યુફિઝીની સાથે સરખામણીમાં ઊભું રહી શકે. વિશાળ અને ભવ્ય મહાલયમાં આવેલા એના કલાકક્ષમાં કલાના

જુદાજુદા વિભાગો અનુસાર જુદાજુદા ખંડો છે : ચિત્ર કલાકક્ષ, ઇતિહાસ વિષયક સંગ્રહાલય, શિલ્પ અને વિનિયોજિત કલા (ઍપ્લાઈડ આર્ટ)ના વિભાગો, છાપકામ અને ચિત્રકામના કક્ષો, પુસ્તકાલય વગેરે એટલા વિભાગો એમાં છે કે આખા કલાકક્ષને અભ્યાસપૂર્વક નિહાળતાં દિવસો લાગે. આ અંકના પૂઠા ઉપર આપેલી ભારતીય ધાતુકલાના શિરમોર જેવી નટરાજની મૂર્તિ એ 'રાઈક્સ' મ્યૂઝિયમમાં વિરાજે છે, એ પરથી એ સંસ્કારકેન્દ્રની સમૃદ્ધિનો ખયાલ આવશે.

પારિજાતક

સફેદ સુકોમળ પાંખડીઓવાળાં અને કેસરવર્ણી દાંડી ધરાવતાં દેવતરુ પારિજાતકનાં પુષ્પો ખરેખર નયનમનોહર લાગે છે. શાસ્ત્રમત મુજબ જે પાંચ દેવવૃક્ષો કહેવામાં આવે છે, તેમાં આ પારિજાતક પણ છે. ઘણા બગીચાઓમાં તે સુશોભનાર્થે અને સુવાસિત સુમધુર વાતાવરણ માટે સ્થાન પામે છે. કેટલાક ડુંગરાળ પ્રદેશોમાં તો તે કુદરતી રીતે જ પુષ્કળ પ્રમાણમાં ઊગી નીકળે છે.

પારિજાત યા પારિજાતકનું વૃક્ષ પંદરથી વીસ હાથ ઊંચું થાય છે. તેનાં પાન જરા કરકરાં અને કિનારીઓ કરકરીઆવાળી હોય છે. આ વૃક્ષ દેખાવમાં સુંદર લાગે તેવું નથી, પણ તેનાં સુંદર સુવાસિત પુષ્પો તેને સુકીર્તિત કરે છે. આ પુષ્પો વર્ષાઋતુમાં આખા વૃક્ષ ઉપર ઊગી નીકળે છે. સાંજે તે ઊઘડે છે અને સવારે આપોઆપ નીચે ખરી પડે છે.

પૌરાણિક દંતકથાઓ મુજબ આ વૃક્ષ સમુદ્રમંથન વખતે નીકળ્યું હતું, એટલે તે ભારતની અતિપ્રાચીન વનસ્પતિઓમાંહેનું એક ગણાય. શ્રીકૃષ્ણ આગળ સત્યભામાએ જે વૃક્ષનું રૂસણું લીધું હતું તે પણ આ પારિજાત જ. પારિજાતનાં અનેક નામોમાં 'રાગપુષ્પી' એવું હુલામણું નામ પણ છે. ગામડાંઓમાં ક્યાંક ક્યાંક 'શારી'ના નામથી તેનાં પુષ્પોને ઓળખવામાં આવે છે.

અનેકવિધ ઉપયોગો

પારિજાતકના ફૂલની કેસરવર્ણી દાંડલીઓને વાટી પાણીમાં ઉકાળી ઘણા માણસો કપડાં રંગે છે. આ દાંડલીઓને સુખડની સાથે ઘસવાથી ચંદન કેસરી રંગનું બને છે. પારિજાતકમાંથી નિકટેન્થાઈન નામનું ઉપયોગી તત્ત્વ શોધી કાઢવામાં આવેલું છે. પારિજાતકની છાલને તલના તેલમાં સિંધવ સાથે ત્રિફળાના કાઢામાં ઉકાળીને પાછળ જે તેલ બાકી રહે તે ગાળી લઈ માથામાં નિયમિત નાખવાથી આંખનો સખત દુખાવો, શૂળ, વગેરે મટે છે. કાનના ચસકામાં અને દુખાવામાં પણ તે ઉપયોગમાં લેવાય છે. પિત્તના તાવમાં આ વૃક્ષના પાનનો રસ, અને કાળી દ્રાક્ષને એક રાત પલાળી સવારે કાઢેલો રસ, બન્ને સમભાગે લઈ દિવસમાં ત્રણ વખત ૪–૪ તોલા જેટલો પીવાથી ફાયદો થાય છે.

સુમધુર કેશતેલ

આજકાલ બજારમાં જ્યારે માથાનાં તૈયાર મળતાં તેલોમાં 'વ્હાઇટ ઑઈલ'નો ભેળ હોવાની શકયતા છે ત્યારે જો ચોખ્ખા અઢીશેર કોપરેલમાં તેટલો જ પારિજાતકનાં પાનનો રસ અને બન્નેનાં વજન જેટલો દૂધીનો રસ નાખી એકબે દિવસ તડકે રાખી, ચૂલે ઉકાળી જ્યારે ફક્ત તેલ જ બાકી રહે ત્યારે ઉતારી ગાળી લઈ જો રોજ માથામાં નાખવામાં આવે તો વાળ એકદમ રેશમ જેવાં સુંવાળા અને ચકચકિત બને છે, ખરતા અટકી વધે છે અને જૂ કે ખોડો તેમાં થતાં નથી.

રાંજણના દર્દ ઉપર પારિજાતકનો ક્વાથ ઉપયોગી છે અને ગુજરાત બાજુના વૈદ્યો તેનો ઉપયોગ કરે છે. છાતીમાં ભરાઇ રહેલા જાડા કફ ઉપર નાગરવેલના નસ વગરના પાનના રસ સાથે પારિજાતકની છાલનું ચૂર્ણ બે આની ભારની આત્રામાં નાખી એક અઠવાડિયું પ્રયોગ કરવાથી કફ પાતળો થઈ નીકળી જાય છે. બાળકોના કૃમિરોગમાં પણ પારિજાતકનાં પાનનો રસ પા તોલો અને સાકર એક આનીભાર નાખી આપવાથી કૃમિ નીકળી જાય છે. કબજિયાતમાં પારિજાતનાં તાજાં પાનનો રસ અરધો તોલો લેવાથી દસ્ત સાફ આવે છે. ઉધરસમાં તેની છાલનો ભૂકો ઉત્તમ ફાયદો કરે છે. પારિજાતકનાં બીજનું ચૂર્ણ કરી ગરમ પાણીમાં નાખી માથું ધોવાથી ખોડો, ઉંદરી વગેરે મટે છે.

આ રીતે જોતાં આ ખુશબોદાર પારિજાતકનું વૃક્ષ ઔષધીય બાબતોમાં પણ ઘણું જ ઉપયોગી છે; અને વળી સુગંધી પુષ્પો હોવાને અંગે વાતાવરણ પણ સુવાસિત રહે છે. આ દેવતરુને દરેક બંગલાના નાના ઉદ્યાનમાં, જાહેર બાગમાં, ફળિયામાં વગેરે સ્થળે વાવવામાં આવે તો તેનો ઘણો લાભ ઉઠાવી શકાય.

(સૌરાષ્ટ્રસેવક) –વૈદ્ય ગહેન્દ્રદેવ શર્મા 'મિલિન્દ'

જાતજાત ને ભાતભાતના કાચ

કાચ વિશે તમારો શો ખયાલ છે? કાચનો ઉલ્લેખ કરો ત્યારે સામાન્ય માણસને તો બારી ને બાટલીના કાચનો જ વિચાર આવે છે.

હમણાં ઇઝરાએલમાં હિટલરના જમાનાના નાત્સી નેતા આઈકમાન ઉપર કેસ ચાલે છે, તેને અદાલતમાં એવા કાચની પાછળ બેસાડવામાં આવે છે કે જે કાચને બંદૂકની ગોળી પણ ભેદી શકે નહિ!

ગરમ કાચ પર પાણીના છાંટા પડે તો ફાટી જાય છે એવો ફાનસ વાપરનારાઓનો અનુભવ છે. પણ હવે એવો કાચ બને છે કે તપાવીને લાલચોળ કરી પછી ઠંડા પાણીમાં નાખો તો ય ફાટે નહિ!

'લેડ ઑક્સાઇડ'નો દસ ઈંચ જાડો કાચ પોલાદ જેટલો ભારે છે અને અણુ કિરણો સામે રક્ષણ આપી શકે છે. એક જાતના કાચને ખૂબ ગરમ કરીને પોચો પાડી તેની ઉપરની સપાટી ઝડપથી ઠંડી પાડવામાં આવે છે. આ 'ટેમ્પર્ડ ગ્લાસ' બીડના લોખંડ જેટલો મજબૂત હોય છે.

'ફાઇબર ગ્લાસ' આ જમાનાની અજબ શોધ છે. આજ સુધી બનાવવામાં આવેલો તે મજબૂતમાં મજબૂત કાચ છે, અને તેના ત્રીસ હજાર ઉપયોગ છે! તેમાંથી વીજળી પસાર ન થઇ શકે એવાં સાધનો બને છે. હેલિકૉપ્ટરના પંખાનાં પાંખિયાં, વહાણોના મુખ્ય ભાગ, મોટરનું ખોખું, ફિલ્ટર પેપર, કાપડ, એમ વિવિધ ઉપયોગમાં તે આવે છે. તમે કોઇ ધાતુ કે કપડું વાપરો ત્યાં પણ ફાઈબર ગ્લાસ વાપરી શકો! હવે અવકાશયાન, મકાનો, રસ્તા વગેરે કાચનાં બનશે! મકાનોમાં વપરાતાં લોખંડનાં બીમને ઠેકાણે કાચનાં બીમ વપરાશે!

આજે કાચનું સ્થાન પ્લાસ્ટિક લઈ રહેલું છે, પણ કાચ એ કાચ છે અને તે નવાંનવાં ક્ષેત્રો કબજે કરે છે. માનવીએ પહેલો કાચ જ્વાળામુખીના અગ્નિ વડે કુદરતીરીતે બનેલો જોયો. લગભગ ૫૪૦૦ વર્ષ પહેલાં પ્રાચીન ગ્રીસમાં–થીબીસ નગરમાં–કાચ જાણીતો હતો. કદાચ તેની શોધ પ્રાચીન મિશ્રમાં થઈ. ત્રીજી સદીમાં રોમના લોકો બારીમાં કાચ વાપરતા. પણ કાચને ફૂંકીને વાસણ બનાવવાની કળા તો પશ્ચિમ એશિયાના ફીનિશિયન આર્યોએ બે હજાર વર્ષ પહેલાં શોધી. મધ્ય યુગમાં બોહેમિયાએ ઉત્તમ કાચ બનાવવાની કળા ખીલવી અને હજી કાચ માટે ચેકોસ્લોવેકિયામાં બોહેમિયા જ પ્રખ્યાત છે. (પ્રવાસી)

ભાઠાં પડતાં અટકાવે તેવો પાટો

ખાટલાવશ રહેતા રોગીઓના શરીર પર ભાઠાં પડતાં અટકાવે, ને પડેલાં ભાઠાં સારાં કરે તેવા 'ટચુબીપૅડ' નામના એક પરમ આશીર્વાદરૂપ પાટાની શોધ હમણાં બ્રિટનમાં કરવામાં આવી છે.

આ પાટાની અંદરની બાજુએ ફીણના રૂપનો અત્યન્ત મુલાયમ પદાર્થ રાખવામાં આવતો હોવાથી તે રોગીની ચામડીનું દબાણથી રક્ષણ કરે છે અને તેથી ચામડી ઘસાતી નથી. ઉપરાંત પડેલાં ભાઠાં પણ આ પાટો બાંધ્યાથી જલદી રુઝાઈ જાય છે.

કંકાવટી

અનારસાં

[પહેલી વખત નમૂનાનાં થોડાં બનાવી જોવાં; પછી બીજી વાર વધારે ચોખા લઇને કરવાં.]

સામગ્રી: ચોખા શેર ૦।।, બુરું (ખાંડ) નવટાંક; પાકું કેળું નં. ૧; થોડી ખસખસ; તળવા માટે જોઈતું ઘી.

રીત: ચોખાને ત્રણ દિવસ સુધી પાણી બદલીને રોજ પલાળવા. ચોથે દિવસે તેને સૂકવવા. સ્હેજ આળા લીલા હોય ત્યારેનાની ઘંટી ઉપર બારીક દળી નાખવા. તે લોટમાં ખાંડ ભેળવી, બન્નેને ચાળી કાઢવાં. પછી અંદર બીજું કૈં નાખ્યા વિના લોટ-ખાંડને દબાવી લાડુ વાળીને ઢાંકી રાખવા, ને બીજે દિવસે એ લાડુ ભાંગી તેમાં પાકું કેળું છૂંદી નાંખવું. પછી તે કણકમાંથી નાનો લૂવો લઈ લાકડાની પાટલી (આડણી) ઉપર નાની પૂરીઓ હાથ વતી થાપવી. પાસે જ સાફ કરેલી ખસખસ રાખવી. દરેક અનારસું એક તરફથી ખસખસમાં બોળવું, બીજી બાજુ કોરી રાખવી. પછી તે અનારસાંની ખસખસવાળી બાજુ ઉપર રહે, એ રીતે ઘીમાં તળી નાંખવાં. તળતી વેળા ઉથલાવવાં નહિ. અંદર જાળી પડે તો અનારસાં સરસ થયાં કહેવાય. —વિ.

અજમાવી જોજો


બાવળની શીંગો લીલી અને તાજી લાવી પથ્થર પર લસોટી મલમ જેવી બનાવવી. રોજ આ લૂગદી ખરજવા પર અજમાવી જોજો. કોઈ બજારુ સાબુ લગાવવો નહિ. બાવળની શીંગો દાતણિયા વાઘરીને કહેશો તો લાવી આપશે.

નારિયેળનું પાણી બરફ સાથે આપવાથી હઠીલી હેડકી મટે છે.

કેસૂડાંને બાફી તેને જરા ગરમ ગરમ પેડુ ઉપર બાંધવાથી બંધ થયેલો પેશાબ છૂટશે.

સૂંઠ અને ગોળના ક્વાથનું નસ્ય આપવાથી આધાશીશી તરત મટે છે.

આજની છોકરીઓ શ્રેષ્ઠ પતિની શોધ પડતી મૂકે તો પોતે સારી પત્ની બની શકે.



સાંકળીનો ટાંકો

ગયે મહિને આપણે 'ગાજના ટાંકા'નું કેટલુંક વૈવિધ્ય જોએલું. આ વખતે 'સાંકળીના ટાંકા'ના કેટલાક પ્રકારો જોઇએ. સૌથી ઉપર તો સાદો ને જાણીતો સાંકળીનો ટાંકો આપ્યો છે. તેની પછી પણ છે તો સાંકળીનો જ ટાંકો, પણ તેમાં સોય ફરતો દોરાનો ગાળો જુદી રીતે નાખવાનો છે. તે પછી છે સાદી સાંકળી જ, પણ સીધી ન લેતાં 'ઝિગઝાગ'ની પેઠે લીધી છે. એની નીચે પણ સાંકળી જ છે, પણ તેમાં સોય આગલા ટાંકામાંથી લેતા જવાની છે. ત્યાર પછીની સાંકળી જરા પહોળી છે. એ પછીની સાંકળી પોલી ન રાખતાં ગીચ લીધેલી છે. આ પછીના બંને ટાંકા પણ સાંકળીના જ છે, પરંતુ તેમાં સાંકળી ખોલી નાખેલી, જાણે અંકોડા ભેરવ્યા હોય તેવી લાગે છે. એની પછીની રીતમાં સાંકળી મરડી નાખી છે. સાદી સાંકળીની રીતે જ, પણ ફેર માત્ર એટલો જ કે સાંકળી પૂરી કરતી વખતે આગળ જ્યાં સોય પહોળી હતી ત્યાં જ ફરી ન પરોવતાં આગલા ટાંકાની એક તરફ (આકૃતિમાં ઉપર આપેલી છે) પરોવીને સાંકળી પૂરી કરી છે. છેલ્લે એક જ સોયમાં બે રંગના જુદાજુદા દોરા પરોવીને સાંકળી કરવાની રીત બતાવી છે, અને સાંકળી કરતી વખતે માત્ર એક જ દોરાનો વારાફરતી ઉપયોગ કરતા જવાનો છે. એથી બે જુદાજુદા રંગના ટાંકાવાળી સાંકળી પડતી આવશે.

ઘેર બનાવો

બ્રાહ્મીનાં પાંદડાંનો રસ તોલા ૩૨ ને ઘી તોલા ૧૬. પીપર, સૂંઠ, મરી, હળદર, નસોતર, દંતીમૂળ, શંખાલી, ગરમાળો અને વાવડીંગ આટલાં દ્રવ્યો પા પા તોલો લઇ, ચટણી કરી બ્રાહ્મીના રસ તથા ઘીમાં નાખી ઉકાળવાં. ઘી બાકી રહે એટલે વાસણ ઉતારી કપડાથી ગાળી સ્વચ્છ બરણીમાં ભરી લેવું. આ બ્રાહ્મી ઘૃત યાદશક્તિ વધારે છે, જ્ઞાનતંતુઓને શક્તિ આપે છે અને માનસિક સ્વાસ્થ્ય માટે હિતાવહ છે. માત્રા: ૩ થી ૪ તોલા. (નીરોગી)

ફૅશન અને આરોગ્ય

આજકાલ નખ વધારવાની ફૅશન ખૂબ ચાલી છે. નખ બરાબર સાફ ન કરવામાં આવે તો તે રોગનાં જંતુઓ લાવે છે, અને ઘણી વખત શરીરમાં લાગી જવાથી તેમાંથી ઝેર થવાનો પૂરો સંભવ રહે છે.

ઊંચી એડીવાળાં સૅન્ડલ કે ચંપલ પહેરવાથી ખૂંધા ચાલવાની ટેવ પડી જાય છે.

ઊનનું ગૂંથણ કરતાં પહેલાં એની આંટીને પાણીના વાસણમાં ડૂબાડૂબ ઝબોળી એ પાણીને બહુ જ ધીમી આંચે ગરમ કરવું. પાણી ઊકળવા જેટલું ગરમ થાય એટલે વાસણને ઉતારી લઈ ઠંડું પડવા દેવું. અને પછી તેમાંથી ઊન કાઢી લઇ સૂકવીને ગૂંથવાથી ગૂંથેલી ચીજ સંકોચાઇને ચડી નહિ જાય.

ઘણા રંગ—અને ખાસ કરીને પીળા રંગમાં ફટકડી ઉમેરવાથી રંગની ચમક ઓર વધશે.

પોલાદની ચીજ પરથી કાટના ડાઘા દૂર કરવા તેના પર તાજી કાપેલી ડુંગળી સારી પેઠે ઘસી દો. ત્રણ દિવસ પછી એ ભાગને પાણીથી ધોઈ નાખો. પછી બરાબર સુકાવા દઈ ટર્પેન્ટાઈનમાં મેળવેલો પોચી ઈંટનો ઝીણો ભૂકો તેના પર ઘસી તેને સાફ કરી નાખો. આ જ રીતે ડાઘવાળી જગ્યાએ મીઠું તેલ લગાડી બે ત્રણ દિવસ પછી બહુ ઝીણા કાચકાગળ વડે ડાઘ ઘસી સાફ કરી નાખવો. અને ફરી તેલનો હાથ લગાડી એ કપડાથી લૂછી લેવો.

કુદરતના આક્રમણનો સામનો કરતી શ્રમશિબિર-પ્રવૃત્તિ

આપણા ખેતીપ્રધાન દેશની જમીનની જટિલ સમસ્યાનાં અનેક પાસાં છે. તેમાંનું એક તે જમીનનો અવસાદ. એક અંદાજ અનુસાર ભારતમાં ૧ કરોડ એકર જેટલી ખેતીલાયક જમીન કોતરોમાં ફેરવાઈ છે, ને પ્રતિવર્ષ ખેડાણ લાયક જમીનને કોતરો ભરખી રહ્યાં છે. એકલા મધ્યપ્રદેશમાં જ દર વર્ષે ૫૦૦ એકર જેટલી જમીન નદીઓનાં કોતરો ભરખી લે છે. ગુજરાતમાં ૧૦ લાખ એકર જમીન કોતરોમાં પડેલી છે. આ માટે ગુજરાતની ત્રીજી પંચવર્ષીય યોજનામાં કોતરોની જમીન નવસાધ્ય કરવા માટે સવા કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. તેમાંથી ૭ાા લાખ રૂપિયા ચાલુ વર્ષે સાબરમતી નદીના કિનારે આવેલા ૩૦ માઈલના પટ્ટામાં ખર્ચવાનું નક્કી થયું છે.

સાબરમતી નદી વિજાપુર તાલુકાના ડેરીઆ ગામથી કલોલ તાલુકાના બારેજ ગામ સુધી વિશેષ કોતરો રચી ભારે હોનારત સરજે છે અને એ ૩૦ માઈલના પટ્ટામાં આશરે ૭૫,૦૦૦ હજારની વસતિને મુશ્કેલીમાં મૂકી દે છે. ગુજરાતની આ 'ભીતરિયા ભૂમિમાં' કોતરોને કારણે ખેડવા લાયક જમીનની, પીવાના પાણીની તથા જળસિંચાઈની ભારે તંગી છે. કોતરોથી ત્રાસીને ગામડાં સ્થળાંતર કરે છે, ગ્રામવિસ્તાર ઉજ્જડ ને વેરાન બને છે. આ કોતરો કેટલાંક ગામોની તો ત્રણે દિશાએ વીંટળાઇ વળ્યાં છે, અને ખુલ્લી દિશા તરફ ધસારો ચાલુ છે. આ ઊંડાં કોતરો આખી સ્ટીમરો કે લશ્કરોની ટુકડીઓ સમાઇ જાય તેવાં વિશાળ છે. તેમાં ખેડૂતોનાં ઢોરઢાંખર પડવાના બનાવો પણ અસંખ્ય બને છે. સાધનસંપન્ન ખેડૂતો તો સ્થળાંતર કરી બીજે જાય છે, પણ ભૂમિહીનો અને સાધનવિહોણા ખેડૂતો બીજે જઈ શકે તેમ ન હોવાથી કોતરોના ભરડામાં ભીંસાઈ રહ્યા છે.


આ કોતરોની જમીન નવસાધ્ય કરવા તથા કોતરોને આગળ વધતાં અટકાવવાના હેતુથી ને ઊંડાં કોતરોમાં જંગલો કરવા તથા છીછરાં કોતરોમાં ફળાઉ ઝાડો રોપવાની એક બહુહેતુક યોજના અમે તૈયાર કરી. વળી ભૂમિહીનોને મદદરૂપ બનવા ગયા મે માસની પાંચમીથી પંદરમી તારીખ સુધી યુવક વિદ્યાર્થીઓની એક શ્રમ-શિબિર આગલોડ ગામે યોજી હતી, જેનું ઉદ્ઘાટન ગુજરાત રાજ્યના કેળવણી અને ખેતીવાડી ખાતાના પ્રધાન શ્રી હિતેન્દ્ર દેસાઈએ કર્યું હતું. શિબિરમાં ગુજરાતમાંથી ૬૦ જેટલાં યુવક-યુવતીઓ અને ગામના ૪૦ ગ્રામજનો તથા ભૂમિહીનો જોડાયા હતા. આ શિબિરમાં ૧૯ દિવસ રોજના સરેરાશ ૪ાા કલાક શ્રમકાર્ય દ્વારા ૩૦૦૦ ફૂટ લાંબો ને પાયામાંથી ૮ ફૂટ પહોળો તથા ૩ાા ફૂટ ઊંચો માટીનો પાળો બંધાયો. આ પાળાથી કોતરો આગળ વધતાં અટકશે. પાળો બાંધવાની લાઈનદોરી તથા કોતરોનું વર્ગીકરણ કરી તેનું વિસ્તૃત સર્વે કરવાનું કામ મધ્યસ્થ સરકારના વાસદ કેન્દ્રના તથા ગુજરાત સરકારના ભૂમિસંરક્ષણ ખાતાના નિષ્ણાતોએ કર્યું.

પાળા બાંધવાનું અને છીછરાં કોતરોમાંથી જમીન નવસાધ્ય કરવાનું કામ ગ્રામજનો, ભૂમિહીનો અને બુલડોઝરની મદદથી શિબિર પછી પણ ચોમાસું બેસતાં સુધી ચાલશે. ચોમાસું બેસતાં જ ઊંડાં કોતરોમાં વાંસ, જમીન પકડી રાખે તેવું ઘાસ, બોરડી, બાવળ તથા ફળાઉ ઝાડો વગેરે રોપવાનું કામ શરૂ થશે.

શિબિરની શરૂઆતના દિવસોમાં નદીએ નહાવા જતાં શિબિરનાં ભાઈબહેનોને કોતરોથી હારેલા અને થાકેલા ગ્રામજનોમાંથી કોઇ પૂછતું 'આ ઊંડાં વાંધાં તમે કેમ પૂરશો?' 'કોતરો આમ તે રોકાતાં હશે?' પણ જેમ-જેમ શિબિરનું કામ શિસ્તબદ્ધ અને યોજના મુજબ ચાલતું ગયું તેમતેમ પ્રજામાં વિશ્વાસ પેદા થયો ને સ્થાનિક ગ્રામવાસીઓએ તથા



મથાળે: આગલોડ શ્રમશિબિરની પૂર્ણાહુતિ · નીચે: શ્રમશિબિરમાં કામ કરતી બહેનો



આજુબાજુનાં ગામડાંઓની ટુકડીઓએ સ્વેચ્છાએ શ્રમકાર્યોમાં ભાગ લીધો. જે ગામો બીજે વસવાની તૈયારી કરતાં હતાં તેમાં યે આત્મવિશ્વાસ આવ્યો ને કહેવાં લાગ્યાં કે, 'અમારે ત્યાં પણ આવી શિબિર યોજો.'

શ્રમ-શિબિરના વિદાયસંમેલનમાં એક મહત્ત્વનો નિર્ણય એ લેવાયો કે આવા ગ્રામ-સહાયનાં કાર્યો કરવા ગ્રામ સહાયક-સેના (શ્રમસેના) રચવી. તેમાં ૧૦૦ સૈનિકો તુરત જ નોંધાયા. એ શ્રમસેના માટે એક સમિતિ રચાઈ અને ગુજરાતભરમાં પ્રત્યેક જિલ્લામાં ૧૦૦ સભ્યો જૂન મહિના પછી નોંધવાનું નક્કી થયું. ગુજરાતની ત્રણે યુનિવર્સિટીઓ સાથે સંકળાએલી કૉલેજો અને હાઈસ્કૂલોનાં વિદ્યાર્થી ભાઇ બહેનો ઉપરાંત ભૂમિહીનો અને ગ્રામજનોને આ શ્રમસેનામાં સામેલ કરવાનું કામ આ સમિતિ કરશે.

વિદ્યાર્થીઓએ ભૂમિહીનોની સહકારી ખેતી મંડળી માટે આગલોડ ગામે બાવન એકરનો પ્લૉટ તૈયાર કર્યો. તેના ઉપર જે સહકારી ફાર્મ ઊભું થશે તેનું નામ 'નેહરુ-યુવક-ફાર્મ' આપવાનું ઠરાવાયું. અને આગામી દિવાળીની રજાઓમાં શ્રમ-શિબિરો યોજવાનું નક્કી કરવામાં આવ્યું. પૂર્ણાહુતિ પ્રસંગ માનનીય શ્રી જશવંતલાલ શાહનાયબ પ્રધાનના હાથે થયો.

મધ્યસ્થ સરકાર, ગુજરાત સરકાર તેમજ ગુજરાતની પ્રજા અને તેના યૌવનધનના સહકારથી કોઇ એક મોટી યોજના હાથમાં લઈ આખા વર્ષને માટે ચાલુ શ્રમ-શિબિર યોજી શકાય, જેમાં ૧૦૦ શ્રમ-સૈનિકોની એક ટુકડી એક માસ શ્રમકાર્ય કરે, અને બીજે મહિને એવી બીજી ટુકડી આવે, અને તે જ રીતે બારે માસ શ્રમકાર્ય ચાલુ રહે તો ગુજરાતમાં નાની નહેરો, બંધો, ધોરી માર્ગને જોડતા રસ્તાઓ રેલવે વગેરે અનેક કાલતુ ઘડતરનાં કામોમાં પ્રજાકીય સહકાર પૂરતા પ્રમાણમાં મળી રહે. પંચવર્ષીય યોજના પ્રજાના સહકાર વિના શકય નથી એવી જે ફરિયાદ છે તેનો ઉકેલ પણ આમાં રહેલો છે.

રાષ્ટ્રધ્વજની છત્રછાયા હેઠળ દેશની કાયાપલટ કરવાનું અને નવરચનાનું કામ કરતી હજારો સૈનિકોની શ્રમસેના રચવી એવું સ્વપ્ન સિદ્ધ કરવાના અમારા મનોરથ છે. ગુજરાતના સામાજિક કાર્યકરો, અને ખાસ કરીને ગુજરાતના યૌવનધનને આ સ્વપ્નને સાકાર કરવા કમર કસવાનું અને ગ્રામ સહાયક સેના (શ્રમસેના)માં જોડાવાનું અમે ભાવભર્યું આમંત્રણ આપીએ છીએ.

—હરિહર ખંભોળજા, અરુણ ભટ્ટ

કલાકાર ગૌતમ વાઘેલા

(એમના પોતાના શબ્દોમાં)

ઈ. ૧૯૩૬માં મારો જન્મ અમદાવાદ પાસેના સાણંદ ગામમાં એક હરિજન કુટુંબમાં થયો. નાનપણથી જ ચિત્ર પ્રત્યે મમતા હતી. શાળા અને અભ્યાસેતર સમયે ચીતર્યા જ કરવાનું મન થતું. પણ પિતાજીનો ભણાવવાનો આગ્રહ અને બીક હમેશાં રુકાવટ કરતાં. મારા એક મિત્રના ઘરમાં અમે છાનામાના ચિત્રો દોરતા. પણ ચીતરવાની મઝા તો લગ્નપ્રસંગોએ આવતી: ભીંતો ધોળી થાય, ઢોલ ધબકે અને અમે દાતણની પીંછીઓથી મનમાન્યાં ચિત્રો દોરીએ.

હાઈસ્કૂલનું ૭મું ધોરણ પસાર કર્યું. રજાઓ પડી અને પાટણથી 'કિલ્લોલ છાત્રાલય'ના વિદ્યાર્થીઓ સાથે શ્રી પૂનમચંદ શાહ સાણંદ આવ્યા. સાંજસવાર એમણે અમારા મહોલ્લામાં 'સંસ્કાર બાલવાડી' અને અન્ય પ્રવૃત્તિઓ શરૂ કરી. એક પ્રદર્શન અને મનોરંજન કાર્યક્રમ પણ થયો. આ નવી મંડળીએ મને ઘેલો કર્યો. એમની સાથે પાટણની હાઈસ્કૂલના ચિત્રશિક્ષક શ્રી જાદવભાઇ સાથે મને ઘણું ફાવી ગયું. નવા સત્રે હું પાટણ ગયો. કિલ્લોલ છાત્રાલયે મારામાં નવા સંસ્કાર રેડયા. ચિત્રકળાનો રસ વધતો ગયો. પાટણ હરિજનવાસની બાલવાડીઓમાં હું જતો ત્યાં અવારનવાર ભીંતો પર ચિત્રો કરવાનો લ્હાવો પણ મળતો. સવા વર્ષ પાટણ રહ્યો અને પછી છાત્રાલયના મિત્રો સાથે હું દિલ્હી 'હરિજન ઉદ્યોગશાળા'માં દાખલ થયો. સુથારીકામ અને લાકડાનાં રમકડાં તથા મૂર્તિઓ મારા કોર્સનો વિષય હતો. સુથારીકામ કરતાંકરતાં થોડાં ચિત્રો દોરવા મળતાં, પણ એટલાથી સંતોષ થતો નહિ. રજાના દિવસોમાં તથા સવારસાંજના ફાજલ સમયે આજુબાજુનાં ગામમાં જઇ સ્કેચિંગ શરૂ કર્યું. સદ્ભાગ્યે ઉદ્યોગશાળામાં જ શ્રી કુમારિલ સ્વામીની ઓળખાણ થઈ અને એ મારા કલાગુરુ બન્યા. ઉદ્યોગશાળાના સંચાલકોને આ વાતની જાણ



ફિલાડેલ્ફિયા (અમેરિકા) શહેરમાં મૅકલર નામનાં કલારસિક દંપતી પાસે ભારતીય કલાના કેટલાક ઉત્કૃષ્ટ નમૂના છે. બારમી સદીના ગાંધર્વદંપતીથી માંડી ૧૮મી સદીના નટરાજ સુધીના પોતાના એ શિલ્પસંગ્રહની સાથોસાથ અમેરિકા આવતા નવા હિંદી વિદ્યાર્થીઓની કૃતિઓ ભેળવીને તેઓ અવારનવાર ભારતીય કલાનાં પ્રદર્શન યોજે છે. ગયા એપ્રિલની ૧૦મી એ મનમોહન સામંતનાં ચિત્રો સાથે ખુલ્લા મુકાએલા એવા પ્રદર્શનના ઉદ્ઘાટન વેળાની આ છબિમાં વૉશિંગ્ટનના ભારતીય એલચી ખાતાના સંપર્ક-અધિકારી શ્રી શંકર કાલેલકર (કાકાસાહેબના જ્યેષ્ઠ પુત્ર) ઈન્દુ ઉલ્લાલ નામનાં મુંબાઈનાં એક વિદ્યાર્થિનીને એક કૃતિ સમજાવી રહ્યા છે.

થઈ ત્યારે તેમણે મને ખૂબ ઠપકો આપ્યો અને ચિત્ર ન કરતાં અભ્યાસના વિષયમાં જ લાગી રહેવા સલાહ આપી. ખાવાનું ખૂંચવાયું અને ભૂખ વધી. સ્વામીજી રાતના મોડા આવતા. અંધારે છાનામાના કરેલું કામ એમને બતાવી સૂઈ જતો, અને પાછો બે-ત્રણ વાગ્યે ઊઠી ચિત્રકામ કરતો. બારીઓ પર અંદરથી કાગળ લગાડી દીધા હતા જેથી પ્રકાશ બહાર જઇ શકે નહિ અને મારા કામની જાણ થાય નહિ. સ્વામીજી રાજઘાટ પર અવારનવાર બંગાળી અલ્પના કરતા તે પણ શીખ્યો. ત્રણ વર્ષે દિલ્હીનું અધ્યયન પૂરું થયું એટલે આગળ ચિત્રનો જ અભ્યાસ કરવાની મનમાં ગાંઠ વાળી. સ્વામીજીએ સ્કૉલરશિપ અપાવવાનું આશ્વાસન આપ્યું તથા શાંતિનિકેતન જવા સમજાવ્યો. રજાઓમાં ઘેર આવ્યો ત્યારે કુટુંબીઓએ એટલે દૂર ભણવા જવાની ના પાડી. પછીના વર્ષે પાલનપુરમાં ચિત્રશિક્ષક તરીકે કામ કરતાંકરતાં મૅટ્રિક પાસ થયો ને અમદાવાદ આવ્યો. ત્યાં પૂ. રસિકભાઈ પરીખને મારાં ચિત્રો બતાવ્યાં અને સ્વામીજી પાસેથી મળતાં વાત્સલ્ય અને ઉત્સાહ પાછાં શરૂ થયાં. એક વર્ષ ત્યાં શીખી હું મુંબાઈ ગયો. ચિત્રશિક્ષકનો અભ્યાસ પૂરો કર્યો અને સુતારની શાળામાં નોકરી કરતાંકરતાં કળાશાળામાં 'પેઇન્ટિંગ ડિપ્લોમા'નો અભ્યાસ ચાલુ રાખ્યો.

૧૯૫૯ના મે માસમાં શ્રી પ્રદ્યુમ્ન તન્નાની પ્રેરણા અને મૈત્રીથી ભાઈ વિનોદ પીઠડિયા સાથે રાજસ્થાન રખડવાનો લ્હાવો મળ્યો. વનસ્થલીમાં ભીંતચિત્રોનો વર્ગ ભરતાંભરતાં આજુબાજુનાં ગામડાંઓમાંથી સ્કેચ કર્યા. આ દિવાળી પર પણ ફરી રાજસ્થાનની ભોમ પર પ્રવાસ કર્યો અને ત્યાંનાં ખાબડગોબડ ઘરો, ગાયો, ભેંશો અને એથી ય મઝાના પહેરવેશ અને સુંદર સ્વભાવના લોકોએ દિલમાં હમેશાં માટે વાસ કર્યો.

ઈ. ૧૯૫૯માં પૂનામાં ભરાએલા મુંબાઈ પ્રાંતના ચોથા ચિત્રકલા પ્રદર્શનમાં વિદ્યાર્થી વિભાગનું ૨૫૦) રૂ.નું ઈનામ મળ્યું. ૧૯૬૦-માં પણ રાજસ્થાનના એક પ્રસંગચિત્ર પર ફરી એ જ ઇનામ મળ્યું.

માટીપાત્રોના કલાકાર પૂનાભાઈ પ્રજાપતિ



કલાકાર પૂનાભાઈ પ્રજાપતિ

વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફૅકલ્ટી ઑવ ફાઈન આર્ટ્સના કલાવિદ્યાલયનો એક નમ્રપણ નમણો વિભાગ આજ સુધી અંધારામાં રહ્યો છે. એ છે માટીકામનો—ખાસ કરીને અભિનવ ઘાટરૂપનાં કલાત્મક પાત્રનિર્માણ કરતો વિભાગ. એ વિભાગ જેવા જ નેપથ્યમાં રહેલા એના વડા શ્રી પૂનાભાઈ પ્રજાપતિની શાંત તેજે પ્રકાશતી કળા લગભગ ઉપેક્ષિત રહી છે. પણ છેલ્લાં ૧૧ વર્ષથી માટીકામનું શિક્ષણ આપતા એ પરિશ્રમી કુંભ-કલાકારનું કામ જે કોઈ એકવાર જુએ છે તે પ્રસન્નમુગ્ધ થયા વિના રહેતા નથી.

પૂનાભાઈ મૂળ તો સૌરાષ્ટ્રના વતની. એમના પિતા ખીમજી ગોપાલ પ્રજાપતિ પણ અમરેલી જિલ્લાના ચલાળા નામના નાના ગામને ખૂણે રહ્યારહ્યા પોતાના વ્યવસાયમાં નિતનવા ચીલા પાડવાની મથામણ કર્યા જ કરતા હતા. છેક ઈ. ૧૮૮૧માં-આજથી ઍંશી વર્ષ પર એમણે એક અભિનવ હુક્કો બનાવીને (તે વખતે અમરેલી વડોદરા રાજ્યમાં હોઇ) મહારાજા સયાજીરાવને ભેટ ધરેલો. સ્વદેશી કારીગરીને સદા ઉત્તેજન આપતા સયાજીરાવે તેમને રૂા. ૫૦ ઇનામ આપ્યું, એટલું જ નહિ પણ પોતે જ્યારે અમરેલીની મુલાકાતે ગયા ત્યારે ખાસ ખીમજીભાઇને યાદ કરી એમનું કામ જોઈ ચન્દ્રક અર્પણ કરેલો.

એ કલાકાર પિતાને ત્યાં જન્મેલા પૂનાભાઇએ બાળપણથી જ પિતાના હાથ નીચે તાલીમ લીધી અને વિકાસ કર્યો. ઈ. ૧૯૧૯માં અમરેલી સેવકમંડળે ગાંધીજીના માનમાં સ્વદેશી હુન્નરઉદ્યોગનું પ્રદર્શન ભર્યું તેમાં પૂનાભાઈના નમૂનાઓ જોઈ ગાંધીજી રાજી થયા અને એમની પ્રેરણાથી તે વિકાસાર્થે શહેરમાં જવા નીકળ્યા. ત્યારે વડોદરા કલાનું આશ્રયદાતા ગણાતું. પૂનાભાઇએ પોતાના નમૂના મહારાજાને બતાવ્યા. સયાજીરાવના જર્મન અમલદાર કૉર્નાસી પણ એમનું કામ જોઈ ખુશ થયા અને વડોદરા મ્યૂઝિયમ માટે થોડા નમૂના લીધા તથા તેમને નોકરીમાં રાખી લીધા. ત્યાં ચાકડા પર એમના હાથની સ્ફૂર્તિ તથા દક્ષતા જોઈ એ ખુશ થતા; અને પરદેશનાં માટીપાત્રોના ચુનંદા નમૂનાઓના ઘાટ કાગળ ઉપર ચીતરી બતાવી તેમની પાસે અવનવા નમૂનાઓ ઉતરાવતા.

ઈ. સ. ૧૯૧૩થી આજપર્યંતનું તેમનું કામ માટીકામની ઊંડી સમજ અને સંશોધનયુક્ત રહ્યું છે. માટીમાં થતાં બીજા તત્ત્વોનું મિશ્રણ, માટી કેળવવાની પદ્ધતિ, અગ્નિથી પકવવાની સહેલી રીતો, નિભાડાની ગોઠવણ, વાસણનું સુરક્ષિતપણું, તેના પરનું ચિત્રકામ, દેશી પદ્ધતિથી ઘાટ ઉપર કાચનો ઓપ ચઢાવવો વગેરેમાં અવનવા અખતરા કરી તેમણે અજબ સિદ્ધિ હાંસલ કરી છે. ટૂંકા પગારમાં સંતોષ માની કલાની પ્રગતિ પાછળ પોતાની અંગત મૂડી ખર્ચતાં પણ તેમણે પાછું વાળી જોયું નથી.

આમ, વડોદરા નરેશના આશ્રય નીચે કમાટીબાગના એક ખૂણાના શાંત વાતાવરણમાં માટીકલાના વિષયની સાધના કરતાં કરતાં તેમણે અગિયાર જેટલા સોના-રૂપાના ચંદ્રકો મેળવેલા. પણ રજવાડાંની ખટપટોનો ભોગ પુનાભાઈ પણ થઈ પડ્યા. પરિણામે તેમને નોકરીમાંથી છૂટા કરવામાં આવ્યા.

ઈ. સ. ૧૯૫૦માં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફૅકલ્ટી ઑવ ફાઈન આર્ટ્સના ડીન શ્રી માર્કંડ ભટ્ટે તેમની કલાની કદર બૂઝી કૉલેજના પૉટરી વિભાગના વડા તરીકે તેમને નીમ્યા. ધર્મનિષ્ઠા, ત્યાગ, સંતોષ અને કર્તવ્યપરાયણતાના સદ્‌ગુણો વડે સાચા શિક્ષકનું સ્થાન શોભાવતા તેઓ આજેય કલાના વિદ્યાર્થીઓને મુક્ત મને અને છૂટા હાથે કામ શીખવવામાં આનંદ માણી રહ્યા છે. તેમને ચાકડા ઉપર કામ કરતા જોનાર કોઈપણ વ્યક્તિ તેમની કામ કરવાની ઝડપ અને કાબેલિયત જોઈ આશ્ચર્યચકિત બને છે. ફાઈન આર્ટ્સ કૉલેજની મુલાકાતે આવેલા વડાપ્રધાન નેહરુ, રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદ વગેરેએ એકસઠ વર્ષની વયના પૂનાભાઇને એક યુવાનની અદાથી માટીનો પિંડો મસળીને આંખના પલકારામાં તેમાંથી સુંદર કલાત્મક ઘાટનું વાસણ ઊપજાવતા જોઈ પ્રસન્નતા અનુભવેલી. આજે આ વયોવૃદ્ધ કલાકાર આંખે મોતિયા ઊતર્યા હોવાથી પથારીવશ છે, છતાં ત્યાંથી યે વિદ્યાર્થીઓને પ્રેરણા આપી રહ્યા છે.

કુ. ધર્મિષ્ઠા ભટ્ટ

OUR FRIENDS ABROAD

જગતસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

જર્મન પત્રમિત્રો

ભાઈ ગિરીશ જે. મોદી (૧૧૭૧ ધનાસુતારની પોળ, અમદાવાદ-૧) નીચેના જર્મન પત્રમિત્રોનાં સરનામાં મોકલે છે. દરેક સરનામા નીચે અંગ્રેજીમાં 'જર્મની' એટલું ઉમેરી લેવું.

(17) Ute Giesert, Oberkochen/Wurtt., Sperber str. 6—15 (f.), General Interests; (18) Barbara Hillebrand, Berlin-Lankwiz, Gluck Weg 8—17 (f.), Politics, Reading, Music; (19) Jens Michael Hornung, Somborn, Krs. Gelnhausen, Internat 14 (m.), Stamps, Cinema, Reading; (20) Hans Henning, Burgsinn, b. Gemunden/Main, Obere Flur Str. 147—18 (m.), General Interests; (21) Eberhard Holste, Schoningen, Braunschweig, Hotensleverstr. 47—15 (m.), Stamps, View-cards, Reading; (22) Agnes Erdle, Kaufbeuren/Allgau, Kemnoterstr. 16—15 (f.), Stamps, Swimming, Cycling, Languages; (23) Hilde Beck, Mosbach/Baden, Rosenstr. 6—15 (f.), General Interests; (24) Luitgard Mengel, Munster/Westf., Weseler Str. 101—15 (f.) Reading, Cycling, View-cards, Coins; (25) Karl Passing, Bad Selters/Hessen, Sprudelstr. 35—17 (m.), Swimming, Reading, Music, Tennis; (26) Ewald Vahrst, Neheim-Husten, Marktplatz 7—15 (m.), Cinema, Stamps, Politics, Music; (27) Peter Neumann, Landshut/Bay, m Freyung 630—15 (m.), Stamps, Music, Drawing; (28) Roswitha Hudlett, Altotting/Bay., Neuottingerstr. 8 - 16 (f.), Music, Stamps, Art; (29) Marlies Fischer, Altotting/Bay., Neuottingerstr. 8—15 (f.), Stamps, Music, Reading; (30) Heidi Lehner, Altotting/Bay., Neuottingerstr. 8—15 (f.), Stamps, Sports, Art, Music; (31) Lis Gallinger, Altotting/Bay., Neuottingerstr. 8—16 (f.), Stamps, Modern Music, Art, Sport; (32) Helga Zemsch, Boyreuth Bodelschwinghstr. 5—17 (f.), Stamps, View-cards, Photography, Sport; (33) Ursula Grasshoff, Krefeld, Schroer Str. 21—15 (f.), Sports, Music; (34) Elsa Herold, Karlsruhe, Erzbergerstr. 2A - 30 (f.), She is a Teacher–Stamps, Postcards, Reading, Travelling; (35) Anneliese Fischer, Burgau/Schwaben, Tellerstr. 23—16 (f.), Swimming, Reading, Stamps; (36) Maria Berlinger, Munchen 8-Ost, Postschliessfach 46—16 (f.), Stamps, View-cards, Reading, Music; (37) Helga G. Funke, Hagen–Halden, Dumpelstr. 14—16 (f.), Music, Reading, View-cards; (38) Heidemarie Meyer, Nurnberg, Regensburgerstr. 157—18 (f.), Travelling, Reading, Music; (39) Anneliese Geier, Pforzheim–Dillst., Hirsauerstr. 148—17 (f.), Reading, Music, Drawing, Dancing. (ચાલુ)



મોટા માણસોની હળવી વાતો

રમૂજી બોધકથાનકોનો વિખ્યાત લેખક લા ફૉન્તેન રોજ સવારે એક ભૂંજેલું સફરજન ખાતો. એક વાર સગડી પર સફરજન ભૂંજાવા મૂકીને એક ચોપડી શોધવા બીજા ઓરડામાં ગયો તે દરમ્યાન એક મિત્ર ત્યાં આવી ચડ્યો. તેણે પેલું સફરજન જોયું ને તે ખાઈ ગયો. ફૉન્તેને પાછા આવીને પૂછ્યું, 'અહીં સફરજન હતું તે કોણ ખાઈ ગયું?' મિત્રે કહ્યું, 'મેં નથી ખાધું.' ફૉન્તેને કહ્યું, 'તો તો સારું થયું કેમકે મેં એ ઉંદરને ખવડાવવા માટે એમાં સોમલ (ઝેર) ભેળવ્યો હતો!'

'હેં?!!' મિત્ર ગભરાટથી ચીસ પાડી ઊઠ્યો. તેને શાન્ત પાડતાં ફૉન્તેને કહ્યું: 'ગભરા નહિ. એમાં ઝેર નહોતું; માત્ર એ કોણે ખાધું તે જાણવા માટે જ મેં એમ કહેલું.'

અડપલું

રૂએ દુન્યા પર જો હિદુસ્તાં નથી તો કૈં નથી,
ખૂબસૂરત જિસ્મમાં જો જાં નથી તો કૈં નથી;
બંગલામાં બાબલાની બા નથી તો કૈં નથી,
નિત સવારે ને બપોરે ચા નથી તો કૈં નથી.

નટવરલાલ પ્ર. બૂચ



કાગવાણી (ચિત્રલેખા)

યુનિવર્સિટીના ઓ યુવાન! ગરીબ કુટુંબની ગુણિયલ, રૂપાળી અને ભણેલી કન્યાઓ તને મળતી હતી પણ તેં કંઇ ને કંઈ બહાનું બતાવીને વાત ટાળવા માંડી. છેવટે તેં મારા જેવી રૂપાળી કન્યા સાથે સગપણ કર્યું, કારણ કે તે ધનવાન પિતાની એકની એક છોકરી છે! દીકરા, તેં રૂપ પસંદ નથી કર્યું પણ રૂપિયા પસંદ કર્યા છે,

એક: અલ્યા, લગ્ન કરવું હોય તો તેની લાઈસન્સ ફી કેટલી બેસે છે?

બીજો: શરૂમાં પંદર રૂપિયા,–ને પછી આખી જિંદગી સુધી દર મહિને આખો પગાર.

'કંકાવટી' વિભાગની તા.ક.

વિધાતાનો દૂત હસતો હતો, તે જોઈ વિધાતાએ તેના હાસ્યનું કારણ પૂછ્યું. દૂતે કહ્યું: 'મેં એક સ્ત્રીને તરેહતરેહની હજાર સાડીઓ ને અસંખ્ય આભૂષણ આપીને સજા કરી છે.'

'તેમાં સજા શી થઇ?' વિધાતાએ પૂછ્યું.

'મેં તેને અરીસો નથી આપ્યો!'

લંડનની રેન્ટ-કૉન્ટ્રોલ ઑફિસને એક અરજી મળી: 'હું રિચાર્ડ ગૉર્ડન લગ્ન કરવા માગું છું, તો મને એક રૂમ મળે તેવી વ્યવસ્થા કરવાની મહેરબાની કરશોજી.' ઑફિસે જવાબ આપ્યો: 'તમે લગ્ન કરી શકો છો, પણ રૂમ હાલ તરત ન મળે; તમારે રાહ જોવી પડશે.'

ગૉર્ડને જવાબ આપ્યો: 'મને રાહ જોવામાં હરકત નથી. મેં ઈરાદાપૂર્વક અગાઉથી અરજી કરી રાખી છે કે હું અત્યારથી અરજી કરી રાખું તો મને સમયસર રૂમ મળી રહે. હજી મારી ઉમર સાત વરસની છે.' (ર. પ.)



'...પણ આ ત્રાસનું તો તમારે કંઈ કરવું જ જોઇએ. મિલમાં હોઉં છું તેટલો બધો વખત શેઠ હવે કામ આપે છે.' ('જનસત્તા')

'જે સ્ત્રીઓ પુરુષોનું અનુકરણ કરે છે તેની બાબતમાં તમારો શો મત છે?'

'એ બેવકૂફ લાગે છે.'

'તો તો અનુકરણ સફળ થયું ગણાય!'

નવી કહેવતો

'સદરહુ' અને 'પ્રસ્તુત'માં વકીલ અને સાહિત્યકાર જેટલો જ તફાવત છે.
ચોર કાંઈ ચાખડીનાં વખાણ કરે?
અરીસો ભાંગી નાખવાથી ડાઘ ઓછા જ મટી જાય?
કુટુંબનિયોજન ખાતું કાંઈ અધરણીનાં ગીત ગાય?

કિંમત હોય છે

અસત્યની ય કિંમત હોય છે: વકીલને!
અકસ્માતની ય કિંમત હોય છે: વીમાવાળાને!
ઉકરડાની ય કિંમત હોય છે: ગધેડાને!
અફવાની ય કિંમત હોય છે: છાપાવાળાને!
કાગડાની ય કિંમત હોય છે: શ્રાદ્ધવાળાને!

મુદ્રારાક્ષસ

રાણી આવી ગઈ એ દરમિયાન હું એક પત્રના તંત્રીને મળવા ગયો હતો. અમે વાતો કરતા હતા તેવામાં રાણીના સ્વાગત માટેના કેટલાક મૅટરનું પ્રૂફ આવ્યું, તેમાં રાણીની છબી નીચેનું મોટા અક્ષરોવાળું લખાણ વાંચતા જ અમે સૌ હસી પડયા. એ છબી નીચે કંપોઝીટરે ગોઠવ્યું હતું: 'ભલે આવી ભરાણી'!

આજની [illegible]

નોકરી નહિ છોકરી
લોન નહિ નાયલોન
રોટલો નહિ ચોટલો
પંચ નહિ રંગમંચ
જાકીટ નહિ પાકીટ
અનુભવ નહિ ઓળખાણ
દેશ નહિ વેશ
ભજન નહિ ગાયન
કાયદો નહિ ફાયદો
કામ નહિ દામ

અથાણું એ કોઇ થાણું નથી
(મહેન્દ્રકુમાર પી. ઠક્કર)



કિશનકાકા બુટપૉલિશ કરાવવા ગયા (અંકલ ચાર્લીની હાસ્યપટ્ટીને આધારે)

આ માસ (જુલાઈ) ઇતિહાસમાં : વ્યક્તિવિશેષ • દિનવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : હેન્રી મૂર



ઇંગ્લંડની શિલ્પકળાની પરંપરામાં નવો ને હિંમતભર્યો ચીલો શરૂ કરનાર બે અગ્રચારીઓ પૈકીના એક હેન્રી મૂર(બીજા શિલ્પી છે એપ્સ્ટાઇન) તેની એક અભિનવ ને આગવી ચોટદાર લાક્ષણિકતાએ કરીને જગવિખ્યાત થઇ ગયા છે.

યૉર્કશાયરના એક ખાણિયા પિતાના એ સાતમા પુત્રનો જન્મ ઇંગ્લંડમાં કેસલ ફોર્ડ મુકામે ઈ. ૧૮૯૮ની ૩૦મી જુલાઇએ થએલો. બારમે વર્ષે શિષ્યવૃત્તિ મેળવી એણે કળાનો અભ્યાસ શરૂ કરેલો. પણ શિલ્પી બનવાનાં એનાં સ્વપ્નો કુટુંબની નબળી આર્થિક સ્થિતિને કારણે ઉચ્ચ અભ્યાસ વિના ઝાંખાં પડી ગયાં –ને તેને પ્રાથમિક શાળામાં શિક્ષક થવું પડ્યું.

પહેલા મહાયુદ્ધ વખતે એ બ્રિટિશ લશ્કરમાં જોડાયો ને ફ્રાંસની યુદ્ધભૂમિ પર જઈ લડેલો. ઈ. ૧૯૧૯માં લશ્કરી ફરજમાંથી મુક્ત થઇને એ ફરી મૂળના શિક્ષણક્ષેત્રે કામે ચડી ગયા. પણ પછી નિવૃત્ત સૈનિક તરીકે અભ્યાસ અર્થે સરકારી મદદ મળતાં 'લીડ્સ સ્કૂલ ઑવ આર્ટ'માં શિલ્પકળાની તાલીમ લેવા જોડાઇ ગયા. ણ અહીં, જૂનાં શિલ્પોની નકલો કરવાની ગત પ્રણાલીમાં એને જરા યે રસ પડયો હિ એટલે આખરે લંડનની રૉયલ કૉલેજ ાવ આર્ટમાં જોડાયા. ત્યાં કંઇક સ્વતંત્રતા મળતાં આગવા પ્રયોગો કરી કરીને એણે પોતાની કળા અને પ્રતિભાને ઠીકઠીક તાલીમ આપી. ૧૯૨૫માં શિષ્યવૃત્તિ મેળવી ઇટાલી અને ફ્રાંસની સફર પણ ખેડી. રફાએલ અને માઈકલ ઍન્જેલોની પેઠે ફ્લૉરેન્સના 'સાન્ટા મારિયા દેલ કારમાઇન'ના દેવળમાંથી એણે પણ પ્રેરણા મેળવી. મૅસાસીઓનાં ભીંતચિત્રોમાંના ભર્યાભર્યા આકારોનાં જાજરમાન પાત્રોએ એને બહુ આકર્ષણ કર્યું. પણ ખાસ તો મેક્સિકન અને આફ્રિકન હબસીઓનાં શિલ્પોમાં મુક્તપણે નીતરતી આકારોની આગવી પ્રતિભાની તેના માનસ પર ઊંડી છાપ પડી; ઉપરાંત મિસરનાં શિલ્પોની ભવ્યતાથી તેમજ પ્રાગૈતિહાસિક માનવજીવનનાં દશ્યોથી એ બહુ પ્રભાવિત થયા.

એનાં શિલ્પોમાં એણે આંતર્ગોળ આકારો અને શિલ્પમાં વચ્ચે વચ્ચે ખાલી ગાળા–કાંણાંઓનો નવતર પ્રયોગ કર્યો. આ ખાલી ગાળા પણ એને મન ઘન આકાર સમા જ છે. એના પોતાના શબ્દોમાં કહીએ તો એ ગાળા ખાલી નથી પણ એમાં ખુદ હવા કંડારાઇ છે.

શિલ્પ માટે જે પદાર્થ વપરાય એ પદાર્થની લાક્ષણિકતા પણ શિલ્પમાં જાળવી રાખવાના એ હિમાયતી છે. જેમકે પથ્થર શિલ્પ સ્વરૂપે પણ પથ્થર જ રહેવો જોઇએ. એમાં માંસલ લીસાપણું આપવાનો પ્રયત્ન વ્યર્થ હોવાનું તે માને છે. કૉંક્રીટ કે આરસપાણનાં શિલ્પમાં એની ઘનતા ને એનું ખડકાળ સ્વત્વ પણ જળવાવું જોઇએ જ. કાષ્ઠના શિલ્પમાં વૃક્ષ અને ડાળની વિકસતા જવાની શક્તિ પણ વ્યક્ત થતી હોવી જોઇએ.

મૂરે અનેકશ: શિલ્પ કર્યાં છે. 'આરામ કરતી સ્ત્રી'ની પથ્થરમૂર્તિ, 'માતા અને બાળક'ની આલાબાસ્ટરમાં કોરેલી શિલ્પકૃતિ, 'આરામ કરતા માનવપાત્ર'નું કાષ્ઠશિલ્પ અને કાંસામાં ઢાળેલું 'કુટુંબ' વગેરે તેની વિખ્યાત કલાકૃતિઓમાં તેની ઉપર્યુક્ત માન્યતા સ્પષ્ટપણે વ્યક્ત થતી જોવા મળે છે.

તેની આ આગવી શિલ્પપ્રતિભા છેક '૩૦થી જ વ્યક્ત થવા લાગી હતી. ૧૯૪૬માં અમેરિકામાં એનું એક નિજી પ્રદર્શન ખૂબ પ્રશંસા પામેલું. ગ્રેટ બ્રિટનનું પ્રતિનિધિત્વ રજૂ કરવા મોકલેલાં એનાં શિલ્પોને ૧૯૪૮માં ઇટાલીની સરકારે યોજેલી આંતરરાષ્ટ્રીય હરીફાઈમાં પહેલું ઇનામ મળેલું. સ્વીડનથી માંડી ઑસ્ટ્રેલિયા સુધીના કલાસંગ્રહોમાં જ નહિ પણ દેવળો અને બાગબગીચા જેવાં જાહેર સ્થળોમાં યે એની કૃતિઓ સ્થાન પામી છે.

એણે દર્શાવેલી આગવી કલાદષ્ટિની અસર શિલ્પના ક્ષેત્રથી પણ આગળ જઈ માનવજરૂરિયાતની અનેક ઉપયોગી ચીજવસ્તુઓ સુધી પ્રસરી છે. એણે રજૂ કરેલી ખાલી ગાળાઓની ચાતુરીભરી યોજનાઓથી પ્રેરાઈ અમેરિકન વેપારીઓએ અનેક પ્રકારના અવનવા લૅમ્પનાં સર્જનો કર્યાં અને આવું જ અન્ય ક્ષેત્રે પણ. એણે પોતે પણ કાપડની અવનવી અને આગવી અનેક ભાત ઉપજાવી. શિલ્પી હોવા ઉપરાંત એ અચ્છા ચિત્રકાર પણ છે. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન હવાઇ–હુમલાઓ વખતે ખાઇઓમાં ને ભૂગર્ભમાં વસેલા લોકોનાં જીવન વિષેનાં તેનાં ચિત્રો બહુ ખ્યાતિ પામેલાં.

અત્યારે તે પોતાની રશિયન પત્ની (જેને તે ૧૯૨૯માં પરણેલા) અને એક પુત્રી સાથે રહે છે, ને નવાંનવાં કલાસર્જનો કરતા રહે છે.

દિનવિશેષ

તા. ૧ 'ઇન્ડિયન સ્ટાન્ડર્ડ ટાઈમ'ના અમલની સૌપ્રથમ શરૂઆત કરવામાં આવી, ૧૮૦૦.
તા. ૨ હૉમિયોપેથીના શોધક જર્મન વૈદકશાસ્ત્રી સૅમ્યુઅલ હાનેમાનનું અવસાન, ૧૮૮૩.
તા. ૪ બ્રિટિશ ધૂંસરી ફગાવી દઈ ફિલાડેલ્ફિયા મુકામે અમેરિકાએ સ્વાતંત્ર્ય જાહેર કર્યું, ૧૭૭૬.
તા. ૮ ભારતની ગંજાવર નહેર યોજના 'ભાકરા-નાંગલ'નું પંડિત નેહરુએ ઉદ્ઘાટન કર્યું, ૧૯૫૪.
તા. ૧૯ હિંદુસ્તાનમાં 'ઈન્કમટૅક્સ' (આવકવેરો) પહેલવહેલો નાખવામાં આવ્યો, ૧૮૬૦.
તા. ૨૨ બંધારણ સભામાં ભારતના અશોક ચક્રાંકિત નૂતન રાષ્ટ્રધ્વજનું નિર્માણ, ૧૯૪૭.
તા. ૩૦ જહોન હેનિંગ સ્પેકે આફ્રિકાનું વિશાળ સરોવર વિક્ટોરિયા ન્યાંઝા શોધ્યું, ૧૮૫૮.
તા. ૩૧ રૉબર્ટ બૅડન પૅાવેલે બૉય સ્કાઉટની નૂતન કુમાર પ્રવૃત્તિની સ્થાપના કરી, ૧૯૦૮.


પ્રસંગવિશેષ : પિરામિડના યુદ્ધમાં નેપોલિયનની જીત. ૨૫મી જુલાઈ, ઈ.૧૭૯૮

વિશાળ સામ્રાજ્ય સ્થાપવાનાં સ્વપ્નોથી પ્રેરાઇ ફ્રાંસનો મહાન નેપોલિયન અંગ્રેજ કાફલાને થાપ આપીને પણ મિસર જીતવા માટે એલેક્ઝાંડ્રિયા પહોંચી ગયો. ઉસ્માની તુર્ક સામ્રાજ્યનો એક ભાગ ગણાતા ત્યારના મિસરની હજી મધ્યયુગી જીવન જીવતી ત્યાંની પ્રજાને 'પિરામિડના યુદ્ધ'ને નામે જાણીતા થએલા યુદ્ધમાં નેપોલિયને જીતી લીધી. ઈ. ૧૭૯૮ની ૨૫મી જુલાઇએ તેણે મેળવેલા એ વિજયનું રાજકીય મહત્ત્વ તો ખાસ કંઈ નથી, પણ આ યુદ્ધ વખતે તે પોતાની સાથે પંડિતો અને વિદ્વાનો તથા અભ્યાસ ને સંશોધનોનાં સાધનો પણ લઈ ગએલો. રોજેરોજ એ વિદ્વત્ પરિષદ યોજતો. અનેક નવાં સંશોધનો પણ થયાં. આમાં ગ્રીક અને મિસરની બેવડી ચિત્રલિપિમાં લખાએલા લેખવાળી એક શિલા (રોઝેટ્ટા સ્ટોન)ની શોધથી તો મિસરની ચિત્રલિપિના વાચનનો એક અતિ વિકટ કોયડો ઊકલી શકયો. એને પગલે પગલે જ મિસરની ભૂતકાળની ભવ્ય સંસ્કૃતિ વધુ ને વધુ પ્રકાશમાં આવી. અહીંથી જ નેપોલિયને દક્ષિણ ભારતના વાઘ ટીપુ સુલતાન સાથે અંગ્રેજો વિરુદ્ધ વાટાઘાટો ચલાવેલી, અને દરિયા પરની તેની લશ્કરી નબળાઈ જો તેને ન નડી હોત તો સંભવત: એ હિંદુસ્તાન પણ આવ્યો હોત.

સજ્જન સબ જગ સર સહે જબ લગ પડે ન કામ,
હેમ હુતાશન પરખીએ પિત્તલ નિકસત શ્યામ.

ન્યાયમૂર્તિ રાનડેની મહત્તાના બીજ જેવો એમના બાળપણનો એક પ્રસંગ જાણીતો છે. માતાએ એમને ખાવા એક વાર બરફી આપી અને બીજા હાથમાં નાનો કટકો આપી કહ્યું કે, આ તું ખા ને આ પેલા નોકરના છોકરાને આપ. થોડી વારે નોકરના છોકરાના હાથમાં મોટો કટકો જોઇ આશ્ચર્યચકિત થએલાં માતાને કારણ પૂછતાં જણાયું કે બોલવામાં પોતાની ભૂલ થએલી તે પ્રમાણે જ માધવરાવે સત્ય વર્તન કર્યું હતું અને નાનો કટકો મોંમાં મૂકીનોકરનાછોકરાનેમોટોકટકોઆપ્યોહતો.

કહેવતોના અર્થ: 'મૂળમાં મૂળજી કુંવારા, ને સાળાનું લગ્ન પૂછે.'–સાધન કે શક્તિવિનાનો માણસ મોટી મહત્ત્વાકાંક્ષાઓ સેવે, અથવા ફૂલણજી માણસ મોટીમોટી વાતોના ફડાકા મારે તેના ઉપાલંભ માટે આ કહેવત વપરાય છે. એને કંઇક મળતી કહેવત: 'વો દિન કહાં કે મિયાં કે પાંઉમેં જૂતી?'



જાપાનની આ નવી દીવાદાંડી જગતમાં ઊંચામાં ઊંચી (૩૪૮ ફૂટ) છે; ૬,૦૦,૦૦૦ કેન્ડલ પાવરનું એનું તેજ અંદાજ ૨૦ માઈલથી દેખાય છે. સહેલાણીઓને માટે એમાં ઊંચાણઘર તથા સંગ્રહસ્થાન પણ છે.


અનેકાર્થી શબ્દ: **ગાળ**= કૂવો વગેરે ગાળતાં નીકળતો કચરો; પ્રવાહીમાં તળિયે ઠરેલો મેલ; અપશબ્દ; ખમીર માટે ડોઅેલો લોટ; પરવાળાં વગેરે પ્રાણીઓના અવશેષોથી સમુદ્રમાં બંધાતો ખડક; ફેરો; બાકી વધેલું.

ચાંદીનો ઢોળ ચડાવેલાં ધાતુનાં વાસણને અંદરથી સાફ કરવા તેમાં સોડા નાખેલું ઊકળતું પાણી ટોચ સુધી ભરી દઈ આખી રાત રહેવા દેવું. સવારે વાસણનો ઉપયોગ કરતાં પહેલાં તેને સારી પેઠે ધોઈ નાખવું. રીઢા ડાઘ કાઢવા સારુ ક્યારેક આ રીત બે કે ત્રણ વાર સુધી અજમાવવી પડે છે. આ જ રીતે ધાતુની કીટલીઓ નવરી પડી રહેતી હોય તો તેને ઉપર્યુક્ત રીતે બરાબર સાફ કરી, ધોઈ, કપડાથી સ્વચ્છ કરીને તેમાં થોડી ખાંડ ભરી રાખવી. ખાંડ એની અંદરના ભેજને દૂર કરશે ને કીટલીને અંદરથી બગડતી અટકાવશે.

વરસાદની વધુમાં વધુ ઝડપ કલાકે ૧૭ માઈલ ને ઓછામાં ઓછી ૧॥ માઈલની હોય છે.

પ્રકાશ વાસ્તે વપરાતો 'કૅન્ડલ પાવર' શબ્દ તો તમે વાંચ્યો હશે. એ 'કૅન્ડલ પાવર' એટલે શું? ⅞ ઇંચ જાડી અને કલાકે ૧૨૦ ગ્રેન મીણ ખાતી મીણબતીનો જેટલો પ્રકાશ પડે તે એક 'કૅન્ડલ પાવર'.

જ્યાં વંદાઓ ઝાઝા હોય ત્યાં કળીચૂનાનો ટુકડો રાખવાથી તે નાસી જશે.



કલાકારીગરી: તાળાંકૂંચી તે ચાપડા-નકૂચા પર મારેલી કરેલા સુશોભનોના નમૂનાઓમાં એક વધુ: યુરોપનો નમૂનો.

દુનિયામાં બે દુર્ઘટનાઓ સૌથી વધુ ભયાનક હોય છે: એક એ કે માણસ પોતાની ઇચ્છાની વસ્તુ મેળવી ન શકે; ને બીજી એ કે એ વસ્તુ એને મળી જાય!

(બર્નાર્ડ શૉ)

ગણિતગમ્મત

૪૪૮મા અંકના છેલ્લા પાના પર ૦ થી ૯ સુધીના માત્ર દસ અંકો વડે પૂરા થએલા ગુણાકાર આપેલા છે એવા વધુ ગુણાકાર મળે છે:

૫૬૯૪×૩=૧૭૦૮૨	૯૪૦૩×૭=૬૫૮૨૧
૬૯૧૮×૩=૨૦૭૫૪	૪૯૫×૩૬=૧૭૮૨૦
૯૧૬૮×૩=૨૭૫૦૪	૩૯૬×૪૫=૧૭૮૨૦
૩૬૦૭×૪=૧૪૬૨૮	૭૧૫×૪૬=૩૨૮૯૦
૭૦૩૬×૪=૨૮૧૪૬	૩૬૭×૫૨=૧૯૦૮૪
૯૧૨૭×૪=૩૬૫૦૮	૨૯૭×૫૪=૧૬૦૩૮
૪૦૯૩×૭=૨૮૬૫૧	૯૨૭×૬૩=૫૮૪૦૧
૯૩૦૪×૭=૬૫૧૨૮	૩૪૫×૭૮=૨૬૯૧૦

વળીઆવા સરવાળા પણ સહેલાઇથી મળે છે:


૫૮૯+૪૩૭=૧૦૨૬	૧૯૫૬+૭૮=૨૦૩૪
૬૫૭+૪૩૨=૧૦૮૯	૨૯૪૭+૬૮=૩૦૧૫
૭૮૯+૨૪૬=૧૦૩૫	૫૯૩૪+૮૭=૬૦૨૧

ગુણાકાર ૪૪૮મા અંકમાં આપેલા છે ચાર અને વધુ આ સોળ એમ કુલ વીસ જણાયછે.સરવાળા,ઉપરઆપેલાસરવાળામ અંકોનાં સ્થાનોની અહીંતહીંની શક્ય અદલાબદલીથી કેટલાય વધુ મળે છે–મુખ્ય આ છ જ જણાય છે.

આવી અંકરમતો શોધવા કોઈ નિશ્ચિતમાર્ગ નથી. પ્રયત્ન અને ભૂલ–trial and errorની રીત જેવી જણાતી પણ ખરેખર તો વરણી અને તપાસણી–combinationand checking upની રીતનો જ અહીં ઉપયોગ કર્યો છે. આમાં થોડી વ્યવસ્થિત વિચારણા અને ગુણાકાર–સરવાળા કરવાની મહેનતની આવશ્યકતા ઉપરાંત ગણિતકૌશલ નજીવું છે.

ઉપરના ગુણાકાર-સરવાળા પરથી જ ભાગાકાર-બાદબાકી પણ મળી શકે છે એ તો દેખીતું જ છે: ૧૭૦૮૨÷૩=૫૬૯૪ અથવા ૧૭૦૮૨÷૫૬૯૪=૩ વગેરેઅને ૧૦૨૬-૪૩૭=૫૮૯ અથવા ૧૦૨૬–૫૮૯=૪૩૭ વગેરે.

—કનુ રા. ડાભી



ચાકડા ઉપર માખણ જેવી માટીમાંથી અભિનવ ઘાટરૂપનાં વાસણને તેમનાં આંગળાંમાંથી ઊતરતાં જોવાં એ કોઈ જાદુ કલા જોતાં હોઈએ એવું લાગે છે.




રાજસ્થાની
લોકજીવન
કલાકાર
દેવજીભાઈ વાળા








…ભિનવ માટીપાત્રોના અદ્ભુત નિર્માતા, વડોદરા યુનિવર્સિટીની ફૅકલ્ટી ઑવ ફાઈન આર્ટ્સના …કામ વિભાગના વડા શ્રી પૂનાભાઈ પ્રજાપતિએ સર્જેલાં વિવિધ-મનોહર ઘાટરૂપનાં પાત્રોનો માત્ર નાનો સમૂહ જ આ ઉપર-નીચેનાં ચિત્રોમાં આપ્યો છે, જે પૈકી ઉપલો સમૂહ તો કેવળ એક જ માસ—…મ્બર ૧૯૬૦નું જ—સર્જન છે. નિત નવાં ઘાટનાં નિર્માણ તેના પર અવનવીન ભાતનાં ચિતરામણ, અગ્નિ આપી પાકાં કરવાં અને ગ્લેઝિંગ કરી ચમકદાર બનાવવાં—એ બધી કલા-ક્રિયાઓમાં તેમનાં …ળાં જાદુગરની માફક કામ કરે છે. (જુઓ કલાવાર્તા) ૧૯૫૫માં તેમણે 'ગૃહ સજાવટ પ્રદર્શન' માટે ૪૦ થી ૫૦ ઘાટનાં વિવિધ ફૂલદાન સર્જેલાં જે પૈકી ત્રણ નમૂના સામે આપ્યા છે.














આમેર–અંબર (રાજસ્થાન)ની ગ્રામ-રમણીના આ સ્કેચમાં નીચેનાં તેનાં આભૂષણોનો પણ યથાતથ સમાવેશ છે: (૧) માથાનું આભૂષણ 'ફીણ્યા'(૨) કાનમાં–'નાગલા' અને 'ટાકર્યાં' (૩) નાકમાં 'નથ' (૪) ડોકમાં 'હાંસડી' 'ફૂલ' વગેરે ઘણા પ્રકાર હોય છે (૫) કાંડેથી બાવડા સુધી હાથીદાંતના 'ચૂડલા'(૬)હાથની આંગળીઓમાં 'કરડા'–સૌરાષ્ટ્રના જેવા જ (૭) પગમાં 'કડલા' –સૌરાષ્ટ્રી ઢબે જ. આ બધાં આભૂષણોનાં ભાઈ ગૌતમ વાઘેલાએ વિગતે કરેલાં આલેખનોના બે સમૂહ આ અંકના ઊઘડતા ચિત્રપૃષ્ઠ ઉપર આપ્યા છે.

રાજસ્થાનમાં વનસ્થલી વિદ્યાપીઠમાં દર ઉનાળે ચાલતા ભીંતચિત્રોના કાર્યક્રમમાં ગુજરાતી કલાર્થીઓ જાય છે ને ત્યાંના ચિત્રરમ્ય લોકજીવનનો નશો એવો ચડે છે કે તેઓ ત્યાંના જીવનવૈવિધ્યના સંખ્યાબંધ સ્કેચોનો ભંડાર ભરી લાવ્યા વિના રહેતા નથી. જેમની કલમથી વાચકો પરિચિત છે, પોરબંદરના ભાઈ દેવજીભાઈ વાજાની એવી થોડી કૃતિઓ અહીં આપી છે.





श्रीमां
(२१ फरवरी, १९६८)



ટિકિટસંગ્રહ

કલાકાર
માઇકેલ ઍન્જેલોનાં
પાત્રાલેખનવાળી
ઇટાલીની ઓગણીસ
નવી ટિકિટો

જગવિખ્યાત ચિત્રકાર માઇકેલ ઍન્જેલોના માનમાં ઇટાલીએ બહાર પાડેલી ૧૯ ટિકિટોની માળા પૈકી બે ગયા અંકમાં આપી હતી. અહીં એ આખો સમૂહ આપ્યો છે, જેમાં એક (૨૦૦ લાયરની) ટિકિટ પર એ કલાકારની પોતાની તસવીર છે અને બાકીની ૧૮ ઉપર સિસ્ટાઇન ચૅપલમાં તેણે દોરેલાં વિખ્યાત ભીંતચિત્રોનાં પાત્રોનું આલેખન છે. એ પાત્રોની ઓળખ અનુક્રમે આ પ્રમાણે છે: ૧ લીરાની પહેલી ટિકિટ પર અનામી વિવસ્ત્ર પાત્રનો ચહેરો છે. (ટિકિટનો રંગ રાખોડી); બીજી ૫ લાયરની ટિકિટ, તેના પર પણ એવું જ એક બીજું પાત્ર (રંગ નારંગી); ૧૦ લા૦, ત્રીજું એવું જ પાત્ર (કેસરી); ૧૫ લા૦, પયગંબર જૉએલ (ગુલાબી). બીજી હાર: ૨૫ લા૦, પયગંબર ઇસાઈઆહ (લીલી); ૩૦ લા૦, ઈરીટ્રીઅન સિબિલ (જાંબુડી); ૪૦ લા૦, પયગંબર ડૅનિયલ (લાલ); ૫૦ લા૦, ડેલ્ફિક સિબિલ (આછો મેલો લીલો); ત્રીજી હાર: ૭૦ લા૦, પયગંબર ઝેહરીઆહ (વાદળી); ૮૫ લા૦, પયગંબર જોનાહ (ઘેરો લીલો); ૯૦ લા૦, પયગંબર જેરીમીઆહ (લાલ); ૧૦૦ લા૦, પયગંબર એઝેકીએલ (તેજ બદામી). ચોથી હાર: ૧૧૫ લા૦, અનામી વિવસ્ત્ર પાત્રનું મસ્તક (બહુ); ૧૫૦ લા૦, એવું જ એક બીજું પાત્ર (બદામી); ૨૦૦ લા૦, માઇકેલ ઍન્જેલો પોતે (નીલો); ૫૦૦ લા૦, આદમ (લાલ); છેલ્લી હારમાં ૨૦ લા૦, લીબિયન સિબિલ (બદામી); ૫૫ લા૦, કચુમીઅન સિબિલ (કીરમજી) અને છેલ્લે ૧૦૦૦ લાયરની ટિકિટ પર ઇવ (લાલ)નું આલેખન છે.



વમળ અને કમળ · કલાકાર: શ્રી એસ. નૉટિયાલ

('અંગના'ના સૌજન્યથી)